# પીર મશાયખ (રહ.) નો મઝહબ


સંપાદક :-

**વાય. એસ. ચારોલીયા**



**પ્રકાશક : સત્ય પ્રકાશન**

**પ્રકાશન**

**અને પ્રાપ્તિ સ્થળ :** ૧/૨, રામનગર, પાટકર કોલેજ સામે,
એસ. વી. રોડ, ગોરેગામ (૫),
મુંબઈ - ૪૦૦ ૦૬૨.

**રશીદીયા કુતુબખાના**
ડાયમંડ કૌમ્પલેક્ષ, હોટલ તાજની પાસે,
તા. વડગામ, જી. બનાસકાંઠા.
હાઈવે છાપી - ૩૮૫૨૧૦.
ફોન : ૦૨૭૩૯-૨૭૧૯૭૨

**PIR MASHAYAKH (Rh.) NO MAZHAB**

પીર મશાયખ (રહ.)નો મઝહબ

લેખક : યુસુફ એસ. ચારોલીયા

પ્રકાશક : સત્ય પ્રકાશન

આવૃત્તિ : પહેલી ઈ.સ. ૨૦૧૧, હીજરી સન ૧૪૩૨
પ્રત સંખ્યા ૧૦૦૦

આવૃતિ : બીજી ઈ.સ. ૨૦૧૨, હીજરી સન ૧૪૩૩
પ્રત સંખ્યા ૨૦૦૦

પ્રિન્ટર્સ : સિલ્વર ગ્રાફિકસ, હાઈવે છાપી.

કિંમત : રૂપિયા પચીસ

પ્રકાશક : સત્ય પ્રકાશન
૧/૨, રામનગર, પાટકર કોલેજ સામે,
એસ.વી.રોડ, ગોરેગામ (પ),
મુંબઈ - ૪૦૦ ૦૬૨.

-: પ્રાપ્તિ સ્થળ :-

(૧) રશીદીયા કુતુબખાના
ડાયમંડ કોમ્પલેક્ષ, હોટલ તાજની પાસે.
તા. વડગામ, જી. બનાસકાંઠા. હાઈવે છાપી - ૩૮૫૨૧૦.
ફોન : ૦૨૭૩૯-૨૭૧૯૭૨

● પોસ્ટલ ડીલેવરી પણ થાય છે. ●

(૨) સત્ય માર્ગદર્શક, પાલનપુર
મો. ૦૯૯૨૫૯૭૧૩૮૩

# પીર મશાયખ (રહે.)નો મઝહબ

## અનુક્રમણિકા


| ક્રમ | શિર્ષક | પાનું ક્રમાંક |
|---|---|---|
| ૧ | હેતુ | ૨ |
| ૨ | પીર મશાયખ (રહે.)નું પેઢીનામુ | ૩ |
| ૩ | પીર મશાયખ (રહે.)નો પીરી મુરીદીનો સીલસીલો | ૬ |
| ૪ | બદલાતા પ્રવાહો | ૮ |
| ૫ | ઐતિહાસિક ઘટનાક્રમ | ૧૫ |
| ૬ | બાદશાહ ઓરંગઝેબ અને પીર મશાયખ (રહે.) | ૨૬ |
| ૭ | પીર મશાયખ (રહે.)એ ઔરંગઝેબની બીકથી કરેલો કહેવાતો તકીયાહ | ૨૯ |
| ૮ | ચાર યારી (ખુલફાએ રાશેદીન) | ૪૬ |
| ૯ | ચાર મુજતહીદો | ૬૧ |
| ૧૦ | અકીદાની જાહેરાત | ૬૩ |
| ૧૧ | નમાઝ અને વઝુનો તરીકો | ૬૬ |
| ૧૨ | યેહયાઉલ ઉલૂમ | ૬૮ |
| ૧૩ | હદીષની 'છ' કિતાબો | ૭૦ |
| ૧૪ | ચીશ્તી ખાનવાદો | ૭૨ |
| ૧૫ | બાર (૧૨) ઈમામો | ૭૩ |
| ૧૬ | ચૌદ (૧૪) માસૂમ | ૭૫ |
| ૧૭ | 'મુતા' નીકાહ | ૭૭ |
| ૧૮ | 'કિતાબ' અને 'સુન્નત' | ૭૯ |
| ૧૯ | તા'અઝીયાદારી અને અઝાદારી | ૮૧ |
| ૨૦ | પીર મશાયખ (રહે.)ની દીનની દાવત | ૮૪ |
| ૨૧ | પીર મશાયખ (રહે.)ની શીખામણ | ૮૬ |
| ૨૨ | પીર મશાયખ (રહે.)ની ફરિયાદ | ૮૯ |
| ૨૩ | પરિશિષ્ટ - ૧ | ૯૫ |
| ૨૪ | પરિશિષ્ટ - ૨ | ૯૯ |
| ૨૫ | પરિશિષ્ટ - ૩ | ૧૦૦ |

## ૧.

## હેતુ

ગુજરાતની મશાયખી મોમિન બિરાદરી માં થી મોટો ભાગ સુન્ની છે. પણ આ બિરાદરીનો એક ભાગ પોતાને શીઆ જાફરી કહે છે, અને પીર મશાયખ (રહે.)ને પોતાના ગણે છે. એટલું જ નહિ પણ તેઓ આપ (રહે.)ને સુન્ની અકીદા પર ગણતા નથી. તેમની આ વાતના ટેકામાં તેમની પાસે આવું બોલવા શિવાય કાંઈ નથી.

આ વર્ગમાંથી કેટલાકે પીર મશાયખના (રહે.) ના દીવાન (૧૩ ફસલો)થી પૂર્વગ્રહ બાંધી લીધો છે, અથવા અન્ય માન્યતા કેળવી લીધી છે. તેમને આ લખાણ કદાચ લાભ ન આપે. વળી આ લોકોએ એવું માની લીધું છે કે પીર મશાયખ (રહે.)એ સુન્ની અકીદાની કિતાબો બાદશાહ ઓરંગઝેબની બીકથી લખી છે. તેમની આ વાતનો જવાબ પણ વાંચકને હવે આવતાં પાનાંઓમાં મુદ્દાસર વાંચવા મળશે. મોમીનોમાંથી કેટલાક હજીક દ્વિધામાં છે, અને સત્ય શોધી રહયા છે. જેઓ આવી દ્વિધામાં છે તેમને આ લખાણ જરૂર ફાયદો આપશે.

આપ (રહે.)નો મઝહબી અકીદો જાણવા માટે આપનું દીવાન (૧૩ ફસલો), આપની આગળ અને પાછળની પેઢીઓની સ્થિતિની સમજ, આપના પીરીમુરીદીના (સુલુકના) સંબધો, ઐતિહાસિક ઘટનાક્રમ અને આપની દાવત, દુઆઓ અને શીખામણોનો અભ્યાસ વધુ સહાયભુત થશે. આ લખાણને એ રીતે ગોઠવ્યું છે કે વાંચકને પહેલાં પાયાની હકીકતો સમજમાં આવી જાય તે માટે શિર્ષક નં. ૨ થી ૭ માં પીર મશાયખ (રહે.)નું પેઢીનામું, તેમનો પીરી મુરીદીનો સીલસીલો, બદલાતા પ્રવાહો, ઐતિહાસિક ઘટનાક્રમ, બાદશાહ ઔરંગઝેબ અને ઔરંગઝેબની બીકથી પીર મશાયખ (રહે.)એ કરેલા કહેવાતા તકીયાહની ચર્ચા અહીયાં ઐતિહાસિક વાતો અને આપે (રહે.) લખેલ વાતોને આધારે જ કરી છે; જેથી પ્રથમ પાયાની વાત સમજમાં આવે અને પછીના શિર્ષકો નં. ૮ થી ૨૨ માં પીર મશાયખ (રહે.)નો મઝહબ પીર મશાયખની જ વાણીથી સમજમાં આવે.

આ વાતે આગળ વધવા પહેલાં આપણે આપ(રહે.)નું પેઢીનામું જાણી લઈએ.

## ૨.

## પીર મશાયખ (રહે.)નું પેઢીનામું

**પીર મશાયખ (રહે.)થી પહેલાં :**

(૧) અમીરૂલ મોમિનનીન **હઝરત અલી** (રઝી.) જેમની કુન્નીયત (ઉપનામ) અબુલ હસન છે, (૨) ઈમામ હુસૈન (રઝી.) જેમની કુન્નીયત અબ્દુલ્લાહ છે, (૩) ઈમામ ઝૈનુલ આબેદીન (રહે.) જેમની કુન્નીયત અબી મુહંમદ છે, (૪) ઈમામ મુહંમદ બાકર (રહે.), (૫) ઈમામ ઝઅફર સાદેક (રહે.) જેમનાં માતા 'આમર' ઉર્ફ 'ઉમ્મે ફરદહ' હઝરત અબુ બકર સીદ્દીક (રઝી.)ના વંશમાંથી છે. આ ઉમ્મે ફરદહ નાં માં અસ્માઅ બિન્તે અબ્દુર્રહમાન બિન અબુબક્ર (રઝી.) છે. ઈસ્માઈલી કોમના ઈતિહાસમાં પણ આ હકીકત જણાવવામાં આવી છે, અને (૬) હઝરત **ઈમામ ઈસ્માઈલ** (રહે.) :

(૭) હઝરત સૈયદ નુરમોહંમદ (રહે.), (૮) હઝરત મુહંમદ ઈસ્માઈલ (સાની) (રહે.), (૯) હઝરત મુહંમદ મન્સુર (રહે.), (૧૦) હઝરત ગાલેબુદ્દીન (રહે.), (૧૧) હઝરત અબ્દુલ મજીદ (રહે.), (૧૨) હઝરત સૈયદ મુસ્તફા (રહે.), (૧૩) હઝરત અહમદ હાદી (રહે.), (૧૪) હઝરત સૈયદ હાસિમ (રહે.), (૧૫) હઝરત સૈયદ ખાલેદ (રહે.), (૧૬) હઝરત મોમીન શાહ (રહે.), (૧૭) હઝરત ઈસ્લામુદ્દીન (રહે.) અને (૧૮) હઝરત સાલેહુદ્દીન (રહે.);

(૧૯) હઝરત **શમ્સુલ હક્ક** (રહે.), (૨૦) હઝરત સૈય્યદ નસીરૂદ્દીન (રહે.), (૨૧) હઝરત શહાબુદ્દીન (રહે.) અને (૨૨)હઝરત સદરૂદ્દીન (રહે.);

(૨૩) હઝરત **કબીરૂદ્દીન** (રહે.), (૨૪) હઝરત રહેમતુલ્લાહ (રહે.), (૨૫) હઝરત સૈયદ **મશાયખ** મોટા (રહે.), (૨૬) હઝરત અબુલ હસન (રહે.), (૨૭) હઝરત ઝૈનુદ્દીન (રહે.), (૨૮) હઝરત સદરૂદ્દીન (રહે.) (૨૯) હઝરત મોહંમદ ફાઝીલ શાહ (રહે.) અને (૩૦) હઝરત પીર **મશાયખ** ચીશ્તી સાદાતે કડીવાલ (રહે.). (મક્તુલ નામા ભાગ-૨, બયાન નંબરો : ૫૬૭/૨૬૦, ૫૮૩/૨૭૬ અને ૫૮૫/૨૭૯)

**નોંધ :** હઝરત અલી (રઝી.)થી છઠ્ઠી પેઢીએ હઝરત ઈમામ ઈસ્માઈલ (રહે.)છે, અને ૧૯મી પેઢીએ પીર શમ્સુલ હક્ક છે. હઝરત અલી (રઝી.) થી ૨૩મી પેઢીએ પીર કબીરૂદ્દીન (રહે.) છે, અને ૩૦ મી પેઢીએ હઝરત પીર

મશાયખ (રહે.) છે. હઝરત અલી (રઝી.)થી શમસુલ હક્ક (રહે.) વચ્ચે ૧૯મી પેઢીઓનું અંતર છે અને હઝરત શમ્સુલ હક્કથી પીર કબીરૂદ્દીન વચ્ચે પાંચ પેઢીઓનું અંતર છે. પીર કબીરૂદ્દીન થી પીર મશાયખ (રહે.) વચ્ચે આઠ પેઢીઓનું અંતર છે.

આ અરસામાં જેમ રાજા મહારાજાઓ ના કુટુંબમાં મોટો બેટો 'રાજા' બનતો તેમ પીરની પેઢીઓમાંનો મોટો બેટો પીર બનવાની પ્રથા શરૂ થઈ.

## પીર મશાયખ (રહે.)ની પછી :

(૧) હઝરત પીર મશાયખ (રહે.)ના બે બેટાઓ : મોટા બેટા હતા હઝરત પીર અબ્દુલ્લાહ, અને નાના બેટા હતા હઝરત સૈયદ ફાઝિલ શાહ (રહે.). સૈ. ફાઝિલશાહે જુવાની માં જ ગૃહત્યાગ કર્યો હતો. તેમના એક બેટા હતા સૈ. મીર આલમ ઉર્ફે મોઈનુદ્દીન. સૈ. મીરઆલમના વંશમાં ઓલાદે નરીના (પુરૂષ) બચ્યું નથી.

(૨) હઝરત પીર અબ્દુલ્લાહના બે બેટાઓ : હઝરત પીર સૈયદ દિવાનજી (રહે.) અને હઝરત સૈયદ સાદુલ્લાહ (રહે.) ઉર્ફે મીર બાબા. પીર સૈ. દીવાનજી ને પીર માનનાર ઉત્તર ગુજરાતના મોમિનો હતા. અને પીર સાદુલ્લાહના વંશજોને પીર માનનાર કાઠીવાડના તથા દાંતાના મોમિનો હતા. સૈયદ મીર આલમના વંશજોને પીર માનનારાઓ તે વખતે સરખેજ અને રણુંજ ના મોમિનો હતા. આમ ગુજરાતની મોમિન કોમ પીરી મુરીદીના ઉપરોક્ત માળખામાં સંકળાયેલી હતી.

(૩) હઝરત પીર દિવાનજી ના વંશમાં છે : હઝરત સૈયદ અબુ તાલીબ, તેમના પછી હઝરત સૈયદ ગુલામ અલી (ઉર્ફે હાજર પીર) અને તેમના પછી હઝરત પીર કાસિમ અલી (રહેમતુલ્લાહ અલયહીમ).

(૪) હઝરત પીર સૈયદ કાસિમ અલી (રહે.) ના બે બેટાઓ : સૈયદ અબુ તાલિબ અને સૈયદ હસનઅલી.

(૫) હસન અલી સાહેબની નસલમાં અહમદ હુસૈન સાહેબ છે.

(૬) અહમદ હુસૈન સાહેબના ત્રણ બેટાઓ : મહેર હુસેન સાહેબ (ધોળકા વાળા), સૈયદ રિયાજ હુસૈન સાહેબ (પાલનપુર વાળા) અને હઝરત ગુલામ અલી સાહેબ (દાદર, મુંબઈ વાળા).

આ લખાણના હેતુ માટે તેમની પછીના પેઢી નામાની જરૂરત ન હોવાથી તે લખ્યું નથી.
ઉપર નંબર બે માં બતાવેલ **પીર અબ્દુલ્લાહ** (રહે.) ના બીજા બેટા હઝરત સાદુલ્લાહ (રહે.)નો વંશ આ પ્રમાણે છે :
(૧) સૈયદ નઝમુદ્દીન, (૨) સૈયદ નિઝામુદ્દીન ઉર્ફે જીવા મીયાં, (૩) સૈયદ અબ્દુલ્લાહ ઉર્ફે સાહબમીયા, (૪)સૈયદ મીર સાબ મીયાં ઉર્ફે મીરૂ મીયાં અને (૫) સૈયદ કાસિમ અલી (રહે. અલયહીમ).

આ લખાણના હેતુ માટે તે હઝરાત પછીના પેઢી નામાની જરૂરત ન હોવાથી તે લખ્યું નથી.

**નોંધ :** ઉપરોક્ત નસલનામું વાંચકની માહિતી માટે છે. પીર મશાયખ (રહ.)એ પોતે સૈયદથી નહિ પણ એક પરહેજગાર શેખ ઝાદાથી ખીલાફત મેળવી હતી. તે આવતા પાને જાણવા મળશે. એટલે પીર મશાયખ (રહ.) નો પોતાનો અમલ બતાવે છે કે પરહેઝગાર પીર સૈયદ ન મળે તો કોઈપણ પરહેઝગાર બંદા થી ખીલાફત મેળવી શકાય છે. પીરમાં કયા લક્ષણો હોવા જોઈએ તે તરીકત કિતાબમાંથી જાણવા મળશે.

૩

## પીર મશાયખ (રહે.)નો પીરી મુરીદીનો સીલસીલો

પીર મશાયખ (રહે.)નું પેઢીનામું જોયા પછી હવે આપણે તેમનો પીરી મુરીદીનો સીલસીલો જોઈએ. આપે **મકતુલનામા** ના બયાન નં. ૬૦૨/૨૯૫ થી ૬૦૬/૨૯૯માં લખ્યું છે કે આપે **ચીશ્તી** ખાનવાદાના એક પરહેઝગાર શેખઝાદાથી બયત કરી હતી. આપ લખે છે :

"સુનો એક શેખઝાદા ખુબ થા દેખાયા,
એ તકવા કરતા, નજરૂ આયા - ૧
ઓનું **ચિશ્તી** કેરી, થી ખિલાફત પાઈ,
વે શિજરે કેરી, રીત મુજકુ દેખાઈ - ૨
સો સહીકર ખિલાફત, મેં ઓસકી જાની,
મેં ખિલાફત કેરી, સબ દેખીરે **નિશાની** - ૩
તબ ઓસ પાસે ખિલાફત, મેં રે ચાહી,
તબ ખિલાફત ઓનું, **મુજકુ દિલાહી** - ૪
સુનો અનુ એસી હકીકત, ખાનવાદા કેરી,
મેં **ચિશ્તી**કી ખિલાફત, પાયા રે સવેરી - ૭"

(એક પરહેજગાર અને મુત્તકી અને ચીશ્તીયા ખાનવાદના શેખજાદાથી તેનો સજરો જોઈને, અને તેનામાં ખિલાફત આપવાની નિશાની જોઈને તેનાથી ખિલાફત ચાહી, અને તેણે મને ચીશ્તી ખાનવાદની ખિલાફત આપી).

પીર મશાયખ (રહે.)એ ચિશ્તી ખિલાફત મેળવી હતી, અને એ જગ જાહેર વાત છે કે **ચિશ્તી ખાનવાદો સુન્ની છે.** તેમના પીર પરહેઝગાર શેખઝાદાથી અગાઉના સીલસીલાનો ક્રમ આપે મકતુલ નામાનાં ઉપરોક્ત બયાનોમાં આપ્યો છે જે નીચે પ્રમાણે છે ; આ સીલસીલાનાં નામો મકતુલનામા જેમ લખ્યાં છે તેમજ અહીંયાં ઉતાર્યા છે. વાંચકને ભાષાકિય અપભ્રંશ જ્યાં દેખાતો હોય ત્યાં સુધારીને વાંચે.

પીર મશાયખે (૧) એક પરહેઝગાર શેખઝાદાથી, (૨) અને તેમણે શેખ તાજુસ્સાલેહથી, (૩) તેમણે તાજદીન મહમંદથી, (૪) તેમણે તેમના બાપ ઈબ્રાહીમથી, (૫) તેમણે તેમના બાપ શેખ મુહંમદથી, (૬) તેમણે તેમના બાપ શેખ અહમદથી, (૭) તેમણે તેમના બાપ શેખ હારૂનથી, (૮) તેમણે

તેમના ભાઈ શેખ યુસુફથી, (૯) તેમણે તેમના બાપ શેખ મનસુરથી, (૧૦) તેમણે તેમના બાપ શેખ ફાઝલથી, (૧૧) તેમણે તેમના બાપ શેખ સુલેમાનથી, (૧૨) તેમણે તેમના બાપ શેખ યુસુફથી, (૧૩) તેમણે તેમના બાપ શેખ બદરૂદ્દીનથી, (૧૪) તેમણે તેમના બાપ શેખ ફરીદ ગંજ શકરથી, (જેમનું પેઢીનામું હઝરત ઉમર ફારૂક (રઝી.)થી મળે છે, (૧૫) તેમણે તેમના બાપ પીર ખ્વાજા મોઈદ્દીન મુન્નારથી, (૧૬) તેમણે તેમના બાપ પીર ખ્વાજા મોઈદ્દીન હસનથી, (૧૭) તેમણે તેમના બાપ પીર ખ્વાજા મુજુદ ચિશ્તીથી, (૧૮) તેમણે તેમના પીર ખ્વાજા નસીરૂદ્દીન ચિશ્તીથી, (૧૯) તેમણે તેમના પીર મહમસનઆનથી, (૨૦) તેમણે તેમના પીર મમસાદ અલવદેથી, (૨૧) તેમણે તેમના પીર ખ્વાજા ઓબેરબ(હુબેરા)થી, (૨૨) તેમણે તેમના પીર ખઝફ મરઈથી, (૨૩) તેમણે તેમના પીર ખ્વાજા ઈબ્રાહીમ ફુઝેલ અયાઝથી, (૨૪) તેમણે તેમના પીર ખ્વાજા હસન બસરી(રહમતુલ્લા અલયહીમ)થી, (૨૫) તેમણે હઝરત અલી (રઝી.)થી અને તેમણે (૨૬) નબી સાહેબ (સ.અ.વ.)થી સુલુકની ખિલાફત મેળવી હતી.

ધ્યાનમાં લો કે પીર મશાયખના પીર અને તેમના પીરોના પીરોનો સીલસીલો ચિશ્તી ખાનવાદામાં છે તે ઈતિહાસના પાને અંકિત સત્ય છે. તેને કોઈ ભુંસી શકે તેમ નથી. અને ચીશ્તી ખાનવાદો સુન્ની છે. પીર મશાયખે (રહે.) સુલુકના કુલ ચૌદ (૧૪) ખાનવાદા લખ્યા છે.

તેમાંથી એક ચીશ્તી ખાનવાદો છે. જો આજે પણ પીર મશાયખ (રહે.)ની નસલમાં થી કોઈ પોતાને ચીશ્તી ન ગણતું હોય તો તેમનો માર્ગ ફંટાઈ ગયો છે, અને જો કોઈ ચીશ્તી ગણતું હોય તો તેમણે એ વાત પર મનન અને મંથન કરવું જોઈએ કે પીર મશાયખ (રહે.)નો (મઝહબ તેમના) પીરનો મઝહબ જ હતો, અને તેથી તેમની નસલનો પણ મઝહબ પણ પીર મશાયખનો ચિશ્તી ખાનવાદવાળો મઝહબ હોવો જ જોઈએ.

પીર મશાયખ (રહે.) જેવા અલ્લાહ ના વલી ખિલાફત ચિશ્તીથી લે, અને મઝહબ બીજો પાળે એવું થઈ શકે નહિ.

પીરી મુરીદી માટે પીરને તેમના પીરથી ખિલાફત મળવી જરૂરી છે જે વાત પીર મશાયખ (રહે.) ના ઉપરોક્ત સીલસીલાથી જાણી શકાય છે. કોઈને આવી સીલસીલાવાર ખિલાફત ન મળી હોય (જે મોઝાજ ન હોય) તે કોઈને મુરીદ કરી શકે નહિ.

## ૪

## બદલાતા પ્રવાહો

અહીયાં હવે કોઈની ઉપર ટીક ટીપ્પણી કર્યા વગર ફક્ત હકીકતોને આધારે જ તંદુરસ્ત ચર્ચા કરીશું.

**(૧) સૈયદ પીર મશાયખ (રહે.)થી પહેલાંનો ૨૦૦થી ૨૫૦ વરસો નો સમય:** નૂરનામાનાં બયાન નં. ૧૧૧માં પીર મશાયખ (રહે.)એ મુહંમદ (સ.અ.વ.)થી અગાઉ આદમ અલયહીમુસ્સલામ સુધીની પેઢીઓનું બયાન કર્યું છે, અને પછી આપ (સ.અ.વ.)ની પછીની પેઢીઓનું પણ વર્ણન કર્યું છે. નબી નસલમાં અવતાર હોવાનું લખનાર અને કહેનાર તે વખતના સતપંથી પીરોને આપે (રહે.) આડે હાથ લીધા છે કે જ્યારે આદમ (અ.સ.)થી નબી (સ.અ.વ.)અને તેમની પછીની પેઢીઓનું વર્ણન સામેજ છે, અને તેને પૂરી આલમે ઈસ્લામ જાણે છે, તો વચ્ચે અવતાર હોવાની જગ્યા ક્યાં રહી તે બતાવો, અને તમારી આ 'રાહા' બતાવનારનું નામ પણ બતાવો.

આપ લખે છે કે આપની પૂર્વેનો ૨૦૦ થી ૨૫૦ વરસોનો ગાળો ટુંકો છે. અને આલમે ઈસ્લામ નબી નસલની પેઢીઓને ભૂલી નથી ગઈ કે અવતારના ભુલાવામાં આવી જાય. આપ (રહે.) નૂરનામાના બયાન નં. ૧૨૮ અને ૧૨૯માં લખે છે :

દોસો બરસ કી બાત હૈ, કે સવા દોસો જાન;
ભી પચવીશ અદકે કરો, જો શમ્સ તાંઓજાન. ૧૦
અઢીસેં બરસકી બાતડી હે, તમે સુનો રે સવેરી;
હમું તમુ સુ તિલ જેતી, નાંહી છુપી અનેરી. ૧૧
અવતાર કાફીર, માનતે હૈ, ભી જગ ગોર નામ;
બેદ ઉસ જગગોરકુ, પઢે જેસે કીએ ઓનુ કામ. ૧૫
અવતાર જગ ગોર ઉસકુ, તુમ કેહ ન સકોગે;
જુવાબ તુમ મુનાફીકો, તુમ કૈસે કરોગે. ૧૬
જો તમે ઉસકુ મખી કહો, તો વૅ નાંહી સકતા;
જો જગ ગોર પાસે મખી હોતા, વૅ તો સુન કામ કરતા. ૧૭
કબૂલના હીન્દુ કરે, મુસલમાન ભી નાંહાં;
તો દૂર હુએ તુમ જગમાં, દો ટોલે કે માંહાં. ૨૦
(નૂરનામા બયાન : ૧૨૯(અ))

"તો લાવો નો વે, નિશાન બતાહો;
કીસ કે કીયેસુ, તુમ નસલ ફીરાઓ. ૧૧
તમે કયું ઉસ દેવો કો, નસલમેં બાહો;
જીસે અવતાર કેહકે, તુમ પૂજા રે કરાહો. ૧૨
તો મૂળ મેં તુમ દેવાંકા, જાહીર કરૂંગા;
બહોત ઓનુંકેરે નામમાં, મંય ફઝેતી કરૂંગા. ૧૩"
(નૂરનામા, બયાન : ૧૧૨)

(પીર મશાયખ (રહે.)થી અગાઉ ૨૦૦ થી ૨૫૦ વરસોએ પીર શમ્સ થયા એ કાંઈ છુપી વાત નથી. તમે નબી નસલના ઉપર થયેલા બયાન મુજબ નબી નસલમાં અવતાર કહી ન શકો. નબી સાહેબ (જગગોર) ને કાફીરો અવતાર માની જેવું તેઓ પઢે છે એવું કામ કરે છે. જો તમે અવતારને મખી કહો તો એ પણ શકય નથી. કેમકે, જો નબી સાહેબ પાસે મખી હોત તો નબી સાહેબના કહેવા પ્રમાણેનાં કામો તે કરત. તમે ન હીન્દુમાંનાં રહ્યા ન મુસલમાનોમાંના રહ્યા. તમે નબી નસલમાં દેવોનાં નામો નાંખી તેમની પૂજા કેમ કરાવો છો? તમારી પાસે નિશાની (પુરાવા) હોય તો લાવો. હું તમારા દેવોનાં નામ ઝાહેર કરી તેમની ખુબ ફઝેતી કરીશ. (તેમને ખુલ્લા કરીશ).

**નોંધ :** પૂરા વિશ્વના મુસ્લિમોમાં ગુજરાતના ઈસ્માઈલીઓ અને સતપંથીઓ શિવાય નબી નસલમાં અવતારને કોઈ જાણતુ નથી અને માનતુ નથી. વળી મધ્ય એશિયાના ઈસ્માઈલીઓ પણ અવતારને જાણતા નથી.

નબી નસલમાં અવતાર હોવાની વાત જુઠી સાબિત થવા છતાં તે અવતારોને માનવાનો ક્રમ હજીક સુધી ચાલુ છે.

પીર મશાયખ (રહે.) લખે છે :

''દેખો બચ્ચે હય ભુંડકે હિન્દુસ્તાન માંહે રે;
આરબ, રૂમને શામ તક જાને કો' ઓનુંકો નાંહેરે. ૧૦"
(નૂરનામા બયાન ૧૨૧)

**નોંધ :** આપે (રહે.) તેમને ભુંડના બચ્ચાં એટલા માટે કહ્યા છે કે તેઓ વિષ્ણુના દશ અવતાર માને છે અને તેમાંથી એક ભુંડ છે. આ દશ અવતાર આ પ્રમાણે છે :

(૧) મચ્છા (મચ્છી) અવતાર, (૨) કચ્છા (કાચબો) અવતાર, (૩) વારાહ

(ભુંડ) અવતાર, (૪) નૃસિહ (નર + સિંહ) અવતાર, (૫) વામન (ઠીંગુજી/વેંતિયો) અવતાર, (૬) પરશુરામ અવતાર, (૭) રામાવતાર, (૮) કૃષ્ણાવતાર, (૯) બુધ્ધાવતાર અને (૧૦) નકલંકી અવતાર. તેઓ બુધ્ધાવતાર પછી આદમ (અ.સ.)ના બેટા સીસ (અ.સ.)થી માંડણ કરી હઝરત અલી મુર્તુઝા (રઝી.) સુધી આવીને તેમને વિશ્નુના દશમા અવતાર (નકલંકી) ગણે છે. અને સતપંથ શાસ્ત્રમાં વળી અન્ય ઠેકાણે મુહંમદ (સ.અ.)ને નકલંકી કહે છે. દુનિયા જાણે છે કે માનવ વંશ આદમ (અ.સ.)થી શરૂ થયો. જ્યારે કે દશાવતાર વાળાઓ બુધ્ધાવતાર પછી આદમ (અ.સ.)ના બેટા શીસથી માંડણ શરૂ કરે છે. એટલે કે આદમ (અ.સ.)ને બુધ્ધ ગણે છે, અને તેથીએ પહેલાં અવતારો હોવાનું માને છે.

પીર શમ્સના બેટાઓમાંથી ઘણા મુર્તદ થઈ ગયા અને મનચાહ્યા નોંખા નોંખા પંથો ઉભા કર્યા. પીર મશાયખ (રહે.) મક્તુલનામા ભાગ - ૨, બયાન નં. ૫૭૪/૨૬૭માં લખે છે :

"બહોત શમ્સ કે, ફરઝંદ કપૂતરે કેલાયે;
રીત બાપ કેરી, કુછ મન રે ના લાએ. ૧
ગહે દુનિયામાં લપેટા, બહોત રે લોભાએ;
બહોત જાહીલ હુવડે, વે રે સોણાએ. ૨
સુનો ઝાહીલ તો ના બુઝે, દીનકી બાતી;
તો કયું કર પાક કરે, આપકી જાતી. ૩
હુએ બેટે જો કપૂત, બાંક બાપ કા નાંહાં;
બાજ મુએ કેનેકુ, આવ સકે નાંહાં. ૫
જો જેસા રે કરસી, લેખા વે ભરસી;
કોઈ કીસીકે સાટે, ના અજાબમાં પડસી. ૬"
(મક્તુલનામા ભાગ-૨, બયાન : ૫૭૪/૨૬૭)

(પીર શમ્સુલ હકના ઘણા બેટાઓ જાહીલ અને કપૂત પાકયા અને દુનિયાના લોભમાં લપેટાઈને બાપની રીત મુજબ ન ચાલ્યા, જાહીલ દીન જાણે નહિ તો તમને કુફ્રથી શી રીતે પાક કરે ? બેટો કપૂત પાકે તેમાં બાપનો શું વાંક ? બાપ મર્યા પછી બેટાને કાંઈ કહેવા આવી શકતો નથી. જે જેવું કરશે તેવું ભરશે, કોઈ કોઈને માટે અઝાબમાં પડશે નહિ).

પીર શમ્સ મુલતાનમાં આવ્યા ત્યારે ત્યાં પણ મોગલ વંશનુ રાજ્ય હતું અને બાદશાહ

તેમને એરાકી તરીકે ઓળખતો થયો, અને પછીથી જનતા પીર કબીરૂદ્દીનને પણ એરાકી તરીકે ઓળખતી થઈ. (મક્તુલનામા ભાગ-૨, બયાન : ૫૮૪/૨૭૭)

બાદશાહે પીર શમ્સના ઘરાનાની શરમને લીધે તેમના મુર્તદ બેટાઓને મુલ્કથી બહાર કાઢયા નહિ કે તેમને માર્યા નહિ. (મક્તુલનામા ભાગ-૨, બયાન : ૫૭૭/૨૭૦)

**પીર કબીરૂદ્દીન (રહે.) પછી :**

પીર મશાયખ (રહે.) લખે છે :

"ઈબ્ને સૈયદ રહીમતુલ્લા, નામ રે કહીએ;
ઈબ્ને કબીરૂદ્દીન, સદરૂદ્દીન નસલમાં લહીયે. ૯
સુનો બોત થે ફરઝંદ, અનુ હો કેરે;
વૅ જાહીલ હુવડે, બોત સુનીઓ સવેરે. ૧૦
વૅ ઠામ ઠામ આપસુ, જા પીર રે કેલાએ;
વૅ જજમા નુ જે અનુકે, સબ નસબમાં બાએ. ૧૧
વૅ નસલ નામ જોડ જોડ, અનુ કીયારે દરાજા;
બંદા રબકુ પછાન કર, રાખીએ અવાજા. ૧૨"
(મક્તુલનામા ભાગ-૨, બયાન : ૫૮૩/૨૭૬)

• • •

"સુનો અનુને કાફર, જજમાન રે કરાએ;
કે અનુ કાજ નસલકે, હે નામ રે ફેરાએ. ૧
અનું ચાતો નામ હે, કરનો દેખાએ;
યું જજ માનું સારૂકુ, વૅ નામ હે સીખાએ. ૨"
(મક્તુલનામા ભાગ-૨, બયાન : ૫૮૪/૨૭૭)

(પીર કબીરૂદ્દીનના ઘણા ફરઝંદો પણ ઝાહીલ નીવડ્યા તેઓ ઠામ ઠામ ફરીને પોતાને પીર કહેવડાવી લોકોને મુરીદ બતાવતા હતા. તેમના મુરીદોને પણ નસલમાં નાંખી નસલ નામું લાંબુ કર્યું. તેમણે કાફીરોને પણ મુરીદ બનાવ્યા અને એમને માટે નસલનાં નામો મનગમતી રીતે ફેરવી દીધાં.)

પીર કબીરૂદ્દીનનાં એક બીબી ભીખન બીબીની કૂખે પીર રહેમતુલ્લાહ (રહે.) થયા, જેમની ઓલાદ સાદાતે કડીવાલ કહેવાય છે. તેમના વંશમાં પીર મશાયખ (રહે.) થયા. પીર કબીરૂદ્દીનનાં બીજા બીબી સીહતી બીવીની કૂખે પીર ઈમામ શાહ થયા. સતપંથ શાસ્ત્રમાં લખ્યા મુજબ પીર ઈમાઈશાહે હીન્દુ ધર્મ

શાસ્ત્રોનો સહારો લઈ નવું શાસ્ત્ર રચ્યું. પીર ઈમામશાહના પુત્ર પીર નુરઅલી મોહંમદ શાહે (જન્મ ઈ.સ. ૧૪૭૦) દશાંદનો ભાગ ઈરાનની મુખ્ય ગાદીને મોકલવો બંધ કરવાથી સતપંથીઓના બે તડાં થયાં. તેમાંથી એક છે શીઆ ઈમામી ઈસ્માઈલી પંથ (ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ ખંડ-૨).

પછીથી સતપંથીઓનાં પણ તડાં થયાં. જેમકે : (૧) આઠીયા (આઠ જ્ઞાતિઓવાળા) (૨) સાતીઆ (સાત જ્ઞાતિઓવાળા)અને (૩) પાંચીયા(પાંચ જ્ઞાતિઓવાળા). (ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ ખંડ-૨) અને (૪) કેટલાક સતપંથીઓ ઓળખ વગરના સતપંથીઓ રહ્યા.

**આ ફેરફારોથી બે વાતો અસ્તિત્વમાં આવી :**

(ક) પીરાણાઓએ કલેમો અને અમુક દિવસના રોજા શિવાયના ઈસ્લામના પાયાનાં અરકાનો જેવાં કે નમાઝ, પૂરા રમઝાનના રોઝા, ઝકાત અને હજને છોડી દીધાં. અને પૂજા પાઠ વિધીમાંજ તેમના માનનારાઓને પરોવી દીધા.

(ખ) શીઆ ઈમામી ઈસ્માઈલીઓએ કલેમા શિવાયના ઈસ્લામનાં પાયાનાં અરકાનો જેવાં કે નમાઝ, રોજા, ઝકાત અને હજને છોડી દીધાં, અને હાજર ઈમામને જ મુક્તિ (નજાત)ની બુનિયાદ બનાવી.

પીરાણાઓમાં પણ છેલ્લા ૭૦ થી ૮૦ વરસોના પ્રચારથી એક બીજુ તડું 'લક્ષ્મીનારાયણ પંથ ' નામનું ઉભું થયું છે જેઓ કલેમાને પણ નથી માનતા. ઈમામશાહના ગાદી વારસ કાકાઓનાં નામો આજથી સો એક વરસો પહેલાં ઈસ્લામી હતાં તે હવે બદલાઈ ગયાં છે.

આમ પીર શમ્સના દીને હકની આસપાસ અને પીર કબીરૂદ્દીનના દીને હકની આસપાસ ફેરફારો નાં નોંખાં વર્તુળો બનતાં રહ્યાં તેનાં મૂળ કારણોમાં દુનિયા પરસ્તી રહી છે.

**પીર મશાયખ (રહે.) પછી :**

(૪) પીર મશાયખ (રહે.) ના વંશમાં પીર અબ્દુલ્લાહ (રહે.)ની છઠ્ઠી પેઢીએ પીર કાસિમઅલી સાહેબના પહેલા બેટા અબુ તાલીબ સાહેબ (ખંભાતવાળા) લા વલદ ગુજરી ગયા ત્યારે ગુજરાતભરના મોમીનો તેમને જ પીર માનતા હતા. પીર અબુ તાલીબ ગુજરી જવાથી કાણોદરના મોમીનોએ પીર કાસિમઅલીસાહેબના બીજા બેટા પીર હસન અલીને પીરઝાદા તરીકે અમાન્ય કરી છુટા થયા. તેઓમાંથી કેટલાક હજીક સત્યને શોધી રહ્યા છે. કાણોદરના 'તડાં'નાં ફેરફારનો જે વિકાસ થયો તે લગભગ ઈ.સ. ૧૮૫૦ થી ૧૯૦૧નો

(પચાસ વરસોનો છે). કાણોદરવાળા મોમીનોનો મોટો વર્ગ જે રોજી રોટી માટે મુંબઈ ગયો હતો તે જયાં સ્થાયિ થયો ત્યાં તેઓ કાઠિયાવાડના શીઆ ઈસ્નાઅશરીઓના પ્રભાવમાં આવ્યો, અને ધીરે ધીરે પોતાને ઈ.સ. ૧૯૦૧માં શીઆ ઈસ્નાઅશરી તરીકે જાહેર કર્યો. તેમના આ પરિવર્તન ની ભૂમિકા મુંબઈ શિવાય તે વખતે ગુજરાતમાં કયાંય પણ અસ્તિત્વમાં ન હતી.

## ઈ.સ. ૧૯૨૦ પછી :

છેલ્લો ફેરફાર ૧૯૨૦ આસપાસથી ૧૯૩૬ સુધીના બે દશકોમાં થયો. કાણોદરના ઈસ્નાઅશરી મોમીનોએ પીર અહમદ હુસેન સાહેબને શીઆ મઝહબ તરફ ખેંચવું શરૂ કર્યું અને આપ તેમના આખરી વારસોમાં માનસિક રીતે તૈયાર થઈ ગયા, અને આપના મોટા દિકરા મહેર હુસેન સાહેબને લખનવી ઈસ્નાઅશરી મૌલવી સાહેબ પાસે તાલીમ લેવા ભાવનગર મોકલ્યા. આ બે દશકના ગાળામાં ભાવનગરના માસિક 'રાહે નજાત' અને અમરેલીના 'રાહે હિદાયત'ના લેખો અને તેની સામે 'મોમિન મિત્ર' માસિકમાં સામ સામા જે ઉત્તરો અને પ્રત્યુત્તરો છપાયાં હતાં તેના રેકોર્ડ પરથી આ ફેરફાર જાણી શકાય છે. સાથે કોન્ફરન્સો અને પ્રતિકોન્ફરન્સો પણ આજ ગાળામાં થતી રહી. જો આ ફેરફાર ન હોત તો આ રેકોર્ડ પણ ન હોત. લગભગ ૧૯૩૬ આસપાસ મોમીન કોમમાંથી એક વર્ગે પોતાને શીઆ જાહેર કર્યા, અને પછીથી તેની સાથે જાફરી શબ્દ ઉમેર્યો. આ ટુંકા ગાળાને લીધેજ તે જમાતને **મશાયખી ટાઈટલથી** હજીક પણ પ્રેમ છે.

## મકતુલનામું કે જંગનામું ?

આ વર્ગ પીર મશાયખ નું લખેલું મકતુલનામું (જંગનામું) એકલું જ પઢતો હોઈ દીવાને મશાયખ અને આપ(રહે.)ના અકીદાથી નાવાકીફ છે. આ ફેરફાર પછી ત્રણેક પેઢીઓ બદલાઈ ગઈ છે, અને અત્યારે તેઓ ઈસ્માઈલીઓની જેમ પીર સાહેબને જ નજાતનું કેન્દ્ર સમજી રહ્યા છે. પીર મશાયખે (રહ.) તેમની કિતાબનું નામ મકતુલનામું રાખ્યું છે, પણ આ શીઆ ભાઈઓએ તેનું નામ બદલીને જંગનામુ રાખ્યું છે. પણ આ બે શબ્દોના અર્થ વચ્ચે મોટો તફાવત છે. 'મકતુલ' એટલે જે (કોઈ જાલીમને હાથે) કતલ થયેલ હોય. ઈમામ હુસેન (રઝી.) યઝીદીઓને હાથે 'મકતુલ' છે એટલે તે કિતાબનું નામ 'મકતુલનામુ' છે, જયારે કે ફારસી ભાષામાં 'જંગ' નો અર્થ 'યુધ્ધ' થાય છે. એટલે જંગનામુ એટલે યુધ્ધકથા. ઈમામ હુસેન (રઝી.)મદીના શરીફથી

ઈરાક તરફ યુધ્ધ કરવા ગયા નહોતા. જો યુધ્ધ કરવા ગયા હોત તો ફક્ત ૭૨ અંગત માણસોને લઈ ન ગયા હોત. આપ કુફીઓની દાવત પર ત્યાં ગયા હતા અને કરબલામાં મક્તુલ હતા. એટલે ખરો શબ્દ મક્તુલનામું છે, જંગનામું નથી.

પીર મશાયખ (રહે.)થી અગાઉ ૨૦૦ થી ૨૫૦ વરસોમાં જેમ બન્યુ તેમ પીર મશાયખ (રહે.) પછીની પેઢીઓમાં વીસમી સદીની શરૂઆતમાં બીજા દશક પછી થવું શરૂ થયું. આજે તેઓ જે મક્તુલનામું પઢે છે તેના શરૂઆતના અને આખરના બયાનો તેમણે છોડી દીધા છે. તે કારણે પણ તેઓ હકીકતથી અજાણ છે. જો પુરૂં મક્તુલનામુ (જેની હસ્તપ્રત નકલો હજીક પણ મોજુદ છે) તે પઢાતુ તો કોમની સમજ કાંઈ ઓર જ હોતી.

પીર મશાયખ (રહે.) મક્તુલનામા ભાગ-૨ ના બયાન : ૫૩૧/૨૩૪ ની પહેલી લીટીમાં લખે છે :

''પૂરા હુઆ કીસ્સા ઈમામો કેરા રે, તમે સુનો રે. ૧
ફરઝંદ નબી કા નામ જનુકા તમે સુનો રે. ૨''

આ બયાન નં. ૫૩૧/૨૩૪ પછી આઠ બયાનો છે જેમાં પીર મશાયખે તેમના 'મઝહબી અકીદા'ના વિવિધ પાસાંઓ ઉપર ખુલાસો કર્યો છે.

જેને સત્ય શોધવું હોય તેને માટે આજે પણ મક્તુલનામાની અસલ ગુજરી ભાષામાં લખેલી હસ્તપ્રતો મોજુદ છે, અને તેની પણ ઝેરોક્ષ બની રહી છે. અને સાથે સાથે તે અર્વાચિન ગુજરાતી લીપીમાં પણ મોજુદ છે. આ કલમી ઉતારા ત્રણ સદીઓથી થતા આવ્યા છે, અને તેને કોઈ પીરોએ રોકયા નથી.

આ કલમી કિતાબો જ તે બયાનોના સજ્જડ પુરાવા રહી ગયા છે.

**નોંધ :** પીર મશાયખ (રહે.)નો અકીદો સમજવા માટે તમારા હાથમાંની આ કિતાબનાં શિર્ષકો નં. ૮ થી ૨૨ સમજવા જોઈએ, પણ તેની પહેલાં શિર્ષક નંબરો ૫, ૬ અને ૭ ને ધ્યાનથી વાંચવા જરૂરી છે. આ, ૫ થી ૭ નંબરના શિર્ષકોને સમજયા વગર મનમાં પૂર્વગ્રહ હશે તો તે દૂર નહિ થાય, અને પૂર્વગ્રહ રહેશે ત્યાં સુધી શિર્ષકો નંબર ૮ થી ૨૨ સમજમાં નહિ આવે.

## ૫
## ઐતિહાસિક ઘટનાક્રમ

| હીઝરી સન | ઈસ્વી સન | ઘટના |
|---|---|---|
| (૧)૧૩, રબીઉલ આખર ૧૦૬૦ | ૧૪/૦૪/૧૬૫૦ | પીર મશાયખ (રહે.)નો જન્મ (નૂરનામા, બયાન નં. ૩૧)<br>નોંધ: પીર મશાયખના જન્મને આજે લગભગ ૩૬૦ વરસો થયાં છે. |
| (૨)૧૦૬૮ | ૩૧/૭/૧૬૫૮ | ઓરંગઝેબ આ તારીખે ગાદીએ બેઠો. તે પહેલા તે ૧૮ વરસની ઉંમરે દક્ષિણનો ગવર્નર બન્યો હતો, અને ઈ.સ. ૧૬૩૬ થી ૧૬૪૪ સુધી દક્ષિણમાં હતો. ત્યાર પછી ઈ.સ. ૧૬૪૫ થી ઈ.સ. ૧૬૫૧ સુધીમાં તે ગુજરાતનો ગવર્નર રહ્યો હતો. ઈ.સ. ૧૯૫૧ પછી પાછો તે દક્ષિણનો ગવર્નર બન્યો હતો, અને ગુજરાતમાં તે પછી, તે પાછો આવ્યો ન હતો. આમ તે ફક્ત છ વરસ માટે ગુજરાતનો ગવર્નર હતો. (આ માહિતી ઐતિહાસિક છે). તેના કાળમાં ગુજરાતમાં મોમીનોમાં સત પંથીઓ પણ હતા. |
| (૩) ૧૦૯૪ | ૧૬૮૩ | પીર મશાયખે તેમની ૩૪ વરસની ઉંમરે નૂરનામાની ૩૦ ગઝલો લખીને લખવું છોડી દીધું તેનાં કારણો આપ નીચે પ્રમાણે આપે છે :<br>"હજાર એક, ચોરાનું બરસ મન માંહેલીતા,<br>દીવાન રે લીખનેકું, સહી ચંત દીતા - ૧૭<br>તારીફ ખાલીક કી, અવ્વલ રે લખાઈ,<br>મવલુદ નૂર નબી કી, ઉસ સંગ લખાઈ - ૧૮<br>તીસરે ગઝલા, જબ પૂરી રે કીતી,<br>ઉન દીનો મુસીબત, મુજે ખાલીક ને દીતી - ૧૯"<br>(નૂરનામા, બયાન નં. ૩૪) |

| | | |
|---|---|---|
| (૪)૭,શવ્વાલ ૧૦૯૫ | ૧૭/૯/૧૬૮૪ | પીર મશાયખે (રહે.)તેમની ૨૦ વર્ષની ઉંમરે પઢવું શરૂ કર્યું અને પછી એક શેખઝાદાથી બયત થયા. આપની ૩૫ વરસની ઉંમરે આપને મુસીબતો પહોંચવી જ શરૂ થઈ. આપ લખે છે :<br>એક હજારને પચાનું, રે બરસા,<br>તારીખ સાતમી, શવ્વાલ રે માસા - ૧<br>પાંતીસ બરસકી, ઉંમર થી મેરી,<br>પહોંચી મુજે કિસ્મત, તો કાદીર કેરી - ૨<br>(નૂરનામા, બયાન ૩૪) |
| (૫)૪,જીલ્કાદ ૧૦૯૮ | ૧૧/૯/૧૬૮૭ | તકલીફોને લીધે આપ બાદશાહ ઓરંગઝેબની સોલાપુરની લશકરી છાવણીમાં જઈને રહ્યા (જુઓ શિર્ષક નં. ૬નું લખાણ) આપના લખ્યા મુજબ આપની દુઆથી બાદશાહને આ તારીખે બીજાપુરની ફતેહ મળી. |
| (૬)૨૪,જીલ્કાદ ૧૦૯૮ | ૧૯/૯/૧૬૮૭ | આપના લખ્યા મુજબ આપની દુઆથી બાદશાહ ઓરંગઝેબને ગોલ કાંડાની ફતેહ આ તારીખે મળી (જુઓ શિર્ષક નં. ૬નું લખાણ) |
| (૭)૨૦, જમાદીલ અવ્વલ ૧૦૯૯ | ૧૦/૩/૧૬૮૮ | આપે આ તારીખથી ૩૪ વરસની ઉંમરે અધુરૂ છોડેલું દીવાન (૩૯ વરસની ઉંમરે)ફરીથી લખવું શરૂ કર્યું. આપ લખે છે :<br>હઝાર એક, અને નવ્વાણુ સાલા,<br>તબ મેં દીવાન વે ફીરને સંભાલા - ૨૧<br>ઓગણચાલીસ બરસકી હુઈ ઉંમરા,<br>તબ દીવાન લિખના ફીર મન ધરા - ૨૨<br>મહીના તો જમાદીલ અવ્વલ રે કહીએ,<br>તારીખ બીસમી સુન યુ મન લહીએ - ૨૩<br>(નૂરનામા, બયાન ૩૪)<br>નોંધ (૧): આપે જ્યારે ૩૪ વરસની ઉંમરે દીવાન લખવું શરૂ કર્યું. ત્યારે કે તે પહેલાં આપનો |

| | | |
|---|---|---|
| | | બાદશાહ ઓરંગઝેબથી સંપર્ક ક્યાંય નોંધાયેલ નથી. (જુઓ શિર્ષક નં. ૬નું લખાણ) **નોંધ(૨) :** આપે ૩૯ વરસની ઉમરે દિવાને મશાયખ ફરીથી લખવું શરૂં કરી તેને પુરૂં કર્યાને આજે લગભગ ૩૨૪ વરસો થયો છે. |
| (૮)૨૧,મુહર્રમ ૧૧૦૨ | ૨૪/૧૦/૧૬૯૦ | પીર મશાયખ (રહે.)ની આ તારીખે વફાત થઈ. નોંધ : આપે ૨૦જમાદીલ અવ્વલ હી. ૧૦૯૯ (૧૦/૩/૧૬૮૮ઈ.સ.)ના દિવાન લખવું શરૂ કર્યું હતું અને ૨૧, મુહર્રમ હી. ૧૧૦૨ (૨૪/૧૦/૧૬૯૦ઈ.સ.)ના દિને તેને પુરૂ કર્યું હતું. આમ લગભગ બે **વરસ અને આઠ માસ** દરમ્યાન ૨૩૫૮ ગઝલો નું દીવાન ૧૩ કિતાબોમાં (ફસલોમાં) ૧૪ મણ અને અઢી શેર કાગળ પર સ્વહસ્તે અરબીમાંથી ગુજરી ગઝલોમાં ઉતારીને લખ્યું હતું. |
| (૯)૧૧૦૧ થી ૧૧૧૨ | ૧૬૮૯થી ૧૭૦૦ | શીવાજીના બેટા રાજારામ સામે ઓરંગઝેબ દક્ષિણમાં યુધ્ધોમાં રોકાયેલો હતો તે ઈતિહાસમાં નોંધાયેલી વાત છે. |
| (૯)૧૩,સફર ૧૧૧૫ પીરમશાયખથી પેઢી બીજી | ૨૮/૬/૧૭૦૩ | પીર મશાયખ (રહે.) ના બેટા ફાઝીલ શાહે સુન્ની અકીદાના દીવાન 'દીવાને મશાયખ' (તેર ફસલો)ને આ રીતે સમર્થન આપ્યું છે: તમે મુસલમાન હવે, વાલીદ મેરે કીએ સહી, કુફ્ર સઘળા છોડકર, દીનકી તો બાત તમું કહી. ૨૧ **ઓનું તો તેર ફસલાં કીએ,** કહાં લીખા કીસ ઠાંહરે, એક કો તોતમો દીજીઓ, દુજે ફરજંદો કો નાંહરે-૨૨ (અહકામુદ્દીન, બયાન ૪૮) પીર મશાયખ (રહે.)ની વફાત પછી **તેરમે વરસે** પણ આપના બેટા ફાઝીલશા(રહે.)એ આપ(રહે.)ની તેર ફસલોને સામર્થન આપ્યું છે. |

| | | |
|---|---|---|
| | | પીર ફાઝીલશાહ(રહે.)એ ખુલફાએ રાશેદીનથી મુહબ્બત આ રીતે વ્યક્ત કરી છે :<br>અલયકલ ખુલ્ફાએ રાશેદીન ભેજુ સલામા,<br>અવ્વલ અબુબકર અસ્હાબ કિરામા - ૮<br>ઉમર આદીલ ને પીછે ઉસ્માના,<br>અક્લમંદ બુઝો જામેઉલ કુરાના - ૯<br>દુલદુલ અસવાર અસદુલ્લા ગાલીબ,<br>હઝરત અલી ઈબ્ને તાલીબ - ૧૦<br>પીછે સૈયેદિન શરીફૈન ઈમામા,<br>હસન વલ હુસેન નામા - ૧૧<br>માસ તો થા સફર કા તારીખ તેરમી જાનરે,<br>મુકામથા સિધ્ધપુર કા, જુમેરાતથી જાન રે.<br>(અહકામુદ્દીન, બયાન ૫૦)<br>''એ દુઆ જો મેને રબ રે મંગાહી,<br>કબૂલ કીજે કરમસુ ઈલાહી,<br>એકસોને પંદર, અવર હઝારા,<br>જબ થા બરસ હીજરી સુમારા[૫],''<br>(અહકામુદ્દીન, બયાન ૫૦)<br>(પહેલા સલામ મોકલું છું ખુલફાએ રાશેદીન હઝરત અબુબકર, હઝરત ઉમર આદીલ, જામે ઉલ કુઆર્ન હઝરત ઉસ્માન અને શેરેખુદા હઝરત અલી (રઝી.અન્હુમ) ઉપર. પછી સૈય્યદૈન શરીફૈન ઈમામ હુસેન અને ઈમામ હસન (રઝી. અન્હુમ) ઉપર. આ બયાન સિધ્ધપુર મુકામે ૧૩મી સફર, જુમેરાત દિવસે લખાયું છે) |
| (૧૦) ૧૧૧૨<br>૧૧૧૯ | ૧૭૦૦ થી<br>૧૭૦૭ | ઓરંગઝેબ રાજારામની વિધવા તારાબાઈ સામે યુધ્ધોમાં દક્ષિણમાં રોકાયેલો રહ્યો હતો તે ઈતિહાસમાં નોંધાયેલ વાત છે. |
| (૧૧)૧૦,ઝીલહજ | ૪/૪/૧૭૦૫ | **પીર અબ્દુલ્લાહ (રહે.) :** |

| | | |
|---|---|---|
| ૧૧૧૬<br>બીજી પેઢી | | પીર મશાયખ (રહે.)નાં બીજા બેટા પીર અબ્દુલ્લાહે (રહે.) પીર મશાયખ (રહે.)ની વફાત પછી પંદરમા વરસે દાંતણના બયાનના અંતમાં લખ્યું છે :<br>તારીખ દશમી અનેસન જીલહજ ઈદકા દન જાનરે,<br>મોહીપુર ગામની મસ્જીદ માં બયાન પૂરા કીયા માનરે<br>અગીયારસોને સોળ બરસ, હીજરી નબીજી કેરડી,<br>ઉસ બરસમાં એ બયાન લીખીયા સુનો રે તમે સવેરડી.<br>(અહકામુદ્દીન, દાતણના બયાનમાં)<br>અહકામુદ્દીનનાં કુલ ૪૮ બયાનો લખ્યા છે તેમાં તેમના લખાણમાં નીચેની કિતાબોના હવાલા આપ્યા છે.<br>'કંઝ'<br>'મીફતાહુલ જન્નહ'<br>'સલાતુલ મસઉદી': બયાન ૧, કડી નં. ૯થી ૧૨માં<br>'તરજુમા એહયા': બયાન ૭, કડી નં. ૭માં<br>'ખુલાસતુલ હકાઈક': બયાન ૧૧, કડી નં. ૧૦માં<br>'ફવાયેદુલ ફવાયેદ': બયાન ૧૫, કડી નં. ૧માં<br>'તફસીર મુગની': બયાન ૧૫, કડી નં. ૬માં<br>**આ બધી કિતાબો સુન્ની અકાઈદની છે.**<br>તેમણે અહકામુદ્દીનમાં ઈમામ શાફઈ (રહે.)ની નસીહતો પણ લખી છે.<br>પીર ફાઝીલશાહ (રહે.)ના બેટા સૈયદ મીર આલમ (રહે.) અહકામુદ્દીનનાં બયાન નં. ૫૧માં લખ્યું છે :<br>''મીર આલમ હૈ નામ મેરા, તમે સુનો રે,<br>ફાઝીલ કે ફરઝંદ, તમે સુનો રે - ૨૩ |

| | | |
|---|---|---|
| | | મુરીદ તો દાદાકે કહલાએરે, તમે સુનો રે, કબૂલો કે મનમાં છુપાહો રે, તમે સુનો રે - ૨૪" (અહકામુદ્દીન, બયાન - ૩૪) નોંધ : આ પીરોનાં બયાનો અહકામુદ્દીનમાં જમા કરવામાં આવ્યાં છે. ● ● ● |
| (૧૩)૨૪,જીલ્આદ ૧૧૧૮ | ૨૭/૨/૧૭૦૭ | બાદશાહ ઓરંગઝેબનું મૃત્યું આ તારીખે ખુલ્દાબાદમાં થયું અને તે ત્યાંજ દફન છે. ખુલ્દાબાદ (ઔરંગાબાદ) એ સિધ્ધપુર, મોળીપુર કે અહમદાવાદથી મુંબઈ માર્ગે લગભગ ૧૨૦૦ કી. મી. ને અંતરે છે. અને સુરત માર્ગે તેનાથી થોડા ઓછા કી. મી. ના અંતરે છે. રેલ્વે તો છેક૧૮૫૩ (તેના દોઢસો વરસ બાદ) મુંબઈ થાણા વચ્ચે શરૂ થઈ હતી. ત્યારે આજનો ઝડપી વાહન વહેવાર કે સંપર્ક વહેવાર ન હતો. ● ● ● |
| (૧૪) ૧૧૫૨ | ૧૭૩૯ | ઈરાની નાદીરશાહે દિલ્હી ઉપર ચડાઈ કરી મોગલ શાસનને ખેદાન મેદાન કરી દીધુ, અને તેના માણસ નજીબુદૌલાને વજીર નીમતો ગયો. |
| (૧૫) ૧૧૬૧<br>૧૧૬૨<br>૧૧૬૫ | ૧૭૪૮<br>૧૭૪૯<br>૧૭૫૨ | અહમદશાહ અબ્દાલીએ દિલ્હી ઉપર ચઢાઈ કરી<br>અહમદશાહ અબ્દાલીએ દિલ્હી ઉપર ચઢાઈ કરી<br>અહમદશાહ અબ્દાલીએ દિલ્હી ઉપર ચઢાઈ કરી<br>આ ત્રણ ચઢાઈઓએ મોગલ શાસનને વધુ કમજોર બનાવી દીધું. |
| (૧૬)ત્રીજી પેઢી | | પીર સૈ. દીવાનજી(રહે.) અને તેમના ભાઈ પીર સૈ. સાદુલ્લાહ (રહે.) બંને સૈ. પીરઅબ્દુલ્લાહ (રહે.)ના બેટાઓ છે. અને પીર મશાયખ (રહે.) ના પૌત્રો છે. |

| | | |
|---|---|---|
| (૧૭)ચોથી પેઢી | | પીર સૈ. અબુ તાલીબ, અને તેમનાથી |
| (૧૮)પાંચમી પેઢી | | પીર સૈ. ગુલામ અલી (ઉર્ફ હાજર પીર) અને તેમના ભાઈ મીરબાબા |
| (૧૯)છઠ્ઠી પેઢી | | પીર સૈ. ગુલામ અલી થી સૈ. કાસિમ અલી અને તેમના ભાઈ બંદે અલી (રહે. અલયહીમ). • • • |
| (૨૦)સાતમી પેઢી | | સૈ. કાસિમ અલીના એક પત્ની હુસેનાબીબીથી સૈ. અબુ તાલીબ સાહેબ, અને તેમનાં બીજા પત્ની જેમનું નામ જાણી શકાયું નથી તેમના થી સૈ. હસન અલી સાહેબ. |
| (૨૧)૨૭,શવ્વાલ ૧૨૪૪ (પીર મશાયખ પછી લગભગ ૧૫૦ વરસ) | ૧/૫/૧૮૨૯ | (આજથી લગભગ ૧૮૦ વરસો પુર્વે) સૈ. કાસિમ અલી સાહેબ એ પ્રાંતિજ, ધાણધાર, દાંતા વિગેરે વિસ્તારોના મોમીન આગેવાનોની પહી સાક્ષીઓએ અને સરકારી મહોરથી સૈ. અબુ તાલીબને સજ્જાદા નશીન જાહેર કર્યા (આ દસ્તાવેજ ફારસી ભાષામાં છે). સજ્જાદા નશીનીની જાહેરાતથી ગુજરાતના ઘણા મશાયખી મોમીનોએ સૈ. અબુ તાલીબ સાહેબની બયત સ્વીકારી. નોંધ : પરિશિષ્ટ-૨ માં તે લેખનો અનુવાદ આપ્યો છે. • • • |
| (૨૨)૧૪,ઝીલહજ્જ ૧૨૫૦ | ૧૪/૩/૧૮૩૫ | સૈ. અબુ તાલીબસાહેબની વફાત થઈ (દફન ખંભાત ખાતે) લગભગ ૧૮ વરસની પુખ્ત વયે થઈ. • • • |
| (૨૩) | | સૈ. કાસિમ અલી સાહેબની વફાતની તારીખ જાણી શકાઈ નથી. આ અરસામાં પાલનપુરી મોમિન બીરાદરીનું મોમીન રોજી રોટી માટે મુંબઈ સ્થળાંતર થવું શરૂ થયું. |

સૈ. અબુતાલીબ સાહેબની વફાત પછી કાણોદરના મોમીન ભાઈઓએ સૈ. હસન અલીસાહેબનો પીરઝાદા તરીકે અસ્વીકાર કરીને અલગ થઈ ગયા.

નોંધ : જાફરી ફુલદાની (પાનું નં. ૪૫) માં લખ્યા મુજબ સૈ. હસન અલી સાહેબ તેમના વાલીદ પીર કાસિમ અલી સાહેબના ખોળામાં બેસતા એટલે કે તેઓ તદ્દન બાલ્યાવસ્થામાં હતા, અને તેજ અરસામાં પીર કાસિમઅલી સાહેબ ઈન્તેકાલ પામ્યા (પાનું. ૪૬). પીર સૈ. હસન અલી સાહેબની બાલ્યાવસ્થાને લીધે પીર મશાયખ (રહે.) થી ચાલ્યો આવતો પીરાઈનો બયતનો સીલસીલો અહીંયાં તૂટી ગયો. કેમકે સગીરને સુલુકની ખિલાફત મળી શકતી નથી. આપ જયારે પુખ્ત ઉંમરના થયા ત્યારેકોનાથી ખિલાફત મેળવી તેની જાણકારી સંશોધન છતાં મળી શકી નથી.

નોંધ : મહેર હુસેન સાહેબની કિતાબ તરીક્ત ની પ્રસ્તાવનાના પાનાઓ નંબર ૬૦, ૬૧, ૬૨ માં જણાવ્યું છે કે પીર ના પણ પીર હોવા જોઈએ અને તેને ખિલાફત પણ મળી હોવી જોઈએ. ખિલાફતના પાયાનો અહીંયાં અભાવ દેખાય છે. કાણોદરવાળાઓ સાથે વાંકાનેર (કાઠીયાવાડ) અને દાંતા સ્ટેટ વિગેરેનાં મોમીનોએ પણ પીર હસન અલી સાહેબ ને પીરઝાદા તરીકે સ્વીકાર્યા નહિ. તેઓએ સૈ. અબુ તાલીબસાહેબનાં વિધવા બેગમ બીબીની

| | | |
|---|---|---|
| | | સલાહથી પીર અબ્દુલ્લાહના બીજા બેટા સૈ. અબ્દુલ્લાહના વંશમાં તે વખતે સૈ. મીરૂમીયાં સાહેબ (કાઠીયાવાડ)થી બયત થયા. ● ● ● |
| | | નોંધ : જાફરી ફુલદાનીમાં (પાનું ૪૫) માં લખ્યા મુજબ પીર કાસિમ અલી સાહેબના ખોળામાં સૈ. હુસેન અલી બેસતા ત્યારે તેમનાં બીજાં બીબી (પીર અબુ તાલીબ સાહેબનાં માંજી) સુવાવડ માટે પીયર ગયા હતાં. તેથી સૈ. અબુ તાલીબ નાના ગણાય. પણ ઘટના ક્રમ ૨૧માં જણાવેલ દસ્તાવેજથી સજ્જાદ નશીની સૈ. અબુ તાલીબ સાહેબને મળી, તેથી અબુ તાલીબ સાહેબ મોટા હોવા જોઈએ. |
| (૨૪)૧૨૭૮ | ૧૮૬૨ | હ. હસન અલીસાહેબને ત્યાં હ. અહમદ હુસેન સાહેબનો જન્મ થયો. |
| (૨૫)૧૨૮૦ | ૧૮૬૪ | સૈ. હસન અલી સાહેબની વફાત થઈ તે વખતે સૈ. અહમદ હુસેન સાહેબની ઉંમર બે (૨) વરસની હતી. તેમની પરવરીશ તેમનાં માંજી મહેર અમ્માએ કરી હતી. અહીંયાં પણ તેમની બાલ્યાવસ્થા હોવાથી બયત બાબતે સૈ. હસન અલી સાહેબ જેવી જ સગીરાવસ્થાની સ્થિતિ રહી. તેમણે પુખ્ત થઈને કોનાથી બયત લીધી તે પણ સંશોધન છતાં જાણી શકાયું નથી. |
| (૨૬) ૧૨૯૭ | ૧૮૮૦ | બેગમ બીબીની વફાત ઈ.સ. ૧૮૮૦માં થઈ. આજ વર્ષે સૈયદ અબુ તાલીબ (ખંભાત) ની જગ્યાએ પીર સૈ. સાદુલ્લાહ સાહેબના વંશમાં સૈ. મીરૂ મીયાં ને પીરાઈની ગાદીએ બેસાડવામાં આવ્યા, અને ઉત્તર ગુજરાતના મોમિનોમાંથી દાંતા સ્ટેટના મોમિનોએ પીરમીરૂ મીયાંને પીર તરીકે સ્વીકાર્યા, પણ કાણોદરના મોમિન |

| | | |
|---|---|---|
| | | ભાઈઓએ પીર અબુ તાલિબના આ કાકા ભાઈ (પીર સાદુલ્લાહ (રહે.)ના વંશમાં)થી બયત થવાનું પસંદ કર્યું નહી. સૈયદ મીરૂ મીયાં સાહેબ પીર અબુતાલિબના સજ્જાદ નશીન થયા હોવાનો પુરાવો પરિશિષ્ટ ૩ માં આપ્યો છે. |
| (૨૭)૧૩૧૭ | ૧૯૦૦ | પાલનપુરી મોમીન બેરાદરીનો નોંધપાત્ર જથ્થો મુંબઈ લગભગ શહેરમાં સ્થાયિ થયો. ● ● ● |
| (૨૮)૧૩૧૮ | ૧૯૦૧ | **પહેલો ફેરફાર :** કાણોદરના મોમીન ભાઈઓમાંથી એક મોટા વર્ગે પોતાને શીઆ ઈશ્ના અશરી જાહેર કર્યો, (કારણ માટે જુઓ શિર્ષક નં. ૪નો ફકરો નં. ૪). તેઓમાં પીર કરવાની મનાઈ છે. છતાં તેમણે હ. અહમદ હુસેન સાહેબને શીઆ અકીદા તરફ ખેંચવું શરૂ કર્યું. હ. અહમદ હુસેન સાહેબે અંદરખાનેથી શીઆ મઝહબ સ્વીકારી લીધો હતો. તેથી તેમણે તેમના મોટા બેટા હ. મહેર હુસેન સાહેબને પઢવા ભાવનગરના શીઆ આલીમ સાહેબ પાસે મોકલ્યા. **નોંધ :-** પીર મશાયખ (રહે.)ની વફાત (ઈ.સ. ૧૬૯૦) થી ૧૯૦૧ ઈસ્વી સુધીમાં લગભગ ૨૧૦ વરસો દરમ્યાનમોમીન બીરાદરીમાં કોઈ મઝહબી ફેરફાર નથી થયો, અને તેના પુરાવા પણ નથી. |
| (૨૯)૨૭,જીલ્કાદ | ૪/૮/૧૯૧૯ | હ. અહમદ હુસેન સાહેબની વફાત થઈ (દફન ગામ મેતા) |
| (૩૦)૧૩૩૮ થી ૧૩૫૪ | ૧૯૨૦ થી ૧૯૩૬ | **બીજો ફેરફાર :** આ બે દશકોના ટુંકા ગાળામાં મોટો ફેરફાર થયો. આ ફેરફારના સાક્ષીઓ છે તે સમય ગાળા દરમ્યાન પ્રસિધ્ધ થતાં સામયિકો 'રાહેનઝાત' (જે ભાવનગરના શીઆ |

| | | |
|---|---|---|
| | | ઈશ્નાઅશરીઓનું હતું), 'રાહે હીદાયત' (જે અમરેલીના ખોજાઓનું હતું), અને મોમિન મિત્ર (જે મોમીન કોમનું હતું). આ સામયિકોમાં સામ સામા સવાલ જવાબો નોંધાયેલા છે. તે દરમ્યાન થયેલાં અધિવેશનો પણ તેના સાક્ષીઓ છે. જો આફેરફાર ન હોત તો આ રેકોર્ડ પણ ઉભો થયો ન હોત. |
| (૩૧)૧૩૫૧ | ૧૯૩૩ | અમદાવાદની પીર મશાયખ (રહે.)ની દરગાહ કેસમાં (અપીલ નં. ૨૧૬) મુંબઈ હાઈકોર્ટે પીર મશાયખ (રહે.)ની દરગાહને ટ્રસ્ટ મિલ્કત જાહેર કરી. મજકુર અપીલ પીર મહેર હુસૈન સાહેબે જવાબદારોઅલીમોહંમદ જલાલુદ્દીન અને અન્ય વિરૂધ્ધ નીચેની કોર્ટના ચુકાદા વિરૂધ્ધ કરી હતી. આ અપીલનો ચુકાદો ઓલ ઈન્ડિયા લૉ રીપોર્ટર(એ.આઈ.આર.) ૧૯૩૪, બોમ્બે, પાનું ૨૫૭ અને બોમ્બે લૉ રીપોર્ટર (બી.એલ.આર.) પાનું ૫૨૬ ઉપર પ્રસિધ્ધ થયેલ છે. ચુકાદામાં જસ્ટીસ બેકર અને બ્રુમ ફિલ્ડ એ ચુકાદાના ફકરા નંબર (ઈ) પછી નોંધ્યું છે કે પીર મશાયખે કિતાબો લખી છે જે મોમીન કોમનો મુખ્ય પાયો છે, અને ચુકાદાના છેલ્લા ફકરામાં સર્વે નંબર ૧૩૬ ને ટ્રસ્ટ મિલ્કત જાહેર કરી છે. ઉપરાંત ચુકાદામાં મોમીન કોમને સુન્ની લખી છે. |
| (૩૨)૧૩૫૪ | ૧૯૩૬ | લગભગ આ અરસામાં મોમીન કોમના એક વર્ગે પોતાને 'શીઆ' જાહેર કર્યા, અને પછી તેની પાછળ 'ઝાઅફરી' શબ્દ ઉમેર્યો. પીર મહેર હુસેન સાહેબે કિતાબ 'હિદાયત નામા' ૧૯૩૬ માં છપાવી. તેને પાછળ થી પીર ઝહીર હુસેન સાહેબે પણ ૧૯૮૨ માં છપાવી. |
| (૩૩)૧૩૫૯ | ૧૯૪૦ | પીર મહેર હુસેન સાહેબે પોતાની હયાતીમાં |

| | | |
|---|---|---|
| | | જ તેમના બેટા પીર ઝહીર હુસેન સાહેબને પીરાઈની ગાદી નશીન કર્યા. |
| (૩૪) | ૧૯૫૫ | પુરૂં દીવાને મશાયખ અર્વાચિન લીપીમાં ઈ.સ. ૧૯૫૫ સુધીમાં છપાઈને ફરતું થયું. છેલ્લી કિતાબ ખુલ્ફાએ રાશેદીન ઈ.સ. ૧૯૫૫માં છપાઈ. |
| (૩૫)૧૩૭૬ | ૧૯૫૭ | સૈ. ઝહીર હુસેન સાહેબે ધોળકાથી આવી સિધ્ધપુર કાયમી વસવાટ કર્યો. |
| (૩૬) ૧૪૩૨ | ૨૦૧૨ | અત્યારે મુમનાઓમાં ચાર 'ટોળ' અસ્તિત્વમાં છે : (૧) સુન્ની, (૨) શીઆ ઈશ્ના અશરી અને (૩) શીઆ જાફરી અને (૪) શીઆ ઈમામી ઈસ્માઈલી આ ટોળ થવાની ભુમિકા ઉપર વર્ણન થઈ છે. |

• • •

પાંત્રીસ વર્ષની ઉમરે પીર મશાયખે દિવાનની પહેલી ફસલ નુરનામાની ફક્ત ૩૦ ગઝલો લખી હતી, જેમાં અલ્લાહના નુરની સમજ આપી છે. તેમાં અકીદાની કોઈ વાત નથી. આપના પૂરા પાંચ વર્ષ વતનથી બહાર સોલાપુર માં ગયા. ત્યાં પણ આપે કોઈ લેખન કાર્ય કર્યુ નથી. આપના કહેવા મુજબ ૩૯મે વર્ષે ગુજરાતમાં આવ્યા બાદ દિવાન ફરીથી હાથમાં લીધું. તે વખતે ઔરંગઝેબ ખુલદાબાદ (ઔરંગાબાદ)માં હતો, અને અંતર સેંકડો માઈલોનું હતું તેથી ઔરંગઝેબનું દબાણ સમજાય એવું નથી.

## ૬
## બાદશાહ ઓરંગઝેબ અને પીર મશાયખ (રહે.)

બાદશાહ ઔરંબઝેબ ચુસ્ત સુન્ની બાદશાહ હતા. પીર મશાયખ (રહે.) બાદશાહનો અને તેમનો દીન એક હોવાનું બતાવે છે.

આપ લખે છે :

''અરે રહના હમારા હે જી ઠામ બુઝો, મુલક હીન્દુસ્તાના,
અરે ઉસકી રીત છુપી નહી કીસથી, સુન સુન ઉસકા બયાના - ૧
અરે પાદશા હમારા હે દીનદારા, નામ ચંગદા જાતી,
અને દીનદાર ભી મુલક ભરીયા, સાચી સહી બાતી - ૨
અરે રોશના ચંદા જું ઉજાલા, વેસી હે ઉસ ઠામ રીતા,
અરે રોશની યું નબી દીન સેતી, રબે એ હે કીતા - ૩''
(ઈમાન ભાગ - ૧, બયાન ૧૭૨૫)

પછી ઉપરોક્ત બયાનમાં આગળ આપ લખે છે કે અમારો દીન તુર્કસ્તાન, ખુરાસાન અને બલ્ખ વિગેરે સુધી પહોંચેલો છે અને ત્યાંનો બાદશાહ પણ મોગલ જાતીનો છે.

પીર મશાયખ (રહે.) મોજીજાતના બયાન નં. ૭૯૯/૧૪૭ થી ૮૧૪/૧૬૨ માં લખે છે કે અદેખાઓની તકલીફને લીધે આપ બાદશાહ ઔરંગઝેબની બીજાપુર પાસે સોલાપુરની લશ્કરી છાવણીમાં જઈ ને રહ્યા. આપે બીજાપુર ની ફતેહની બશારત સૈનિકોને આપી તેને સૈનિકોએ બાદશાહ સુધી પહોંચાડી, ચોથી જીલ્કાદ હીજરી સન ૧૦૯૮માં બાદશાહને જીત મળી :

''થી ચોથી તારીખ જીલ્કાદ માસા,
ઔરંગશાહ કુ ફતેહકી હુઈ આશા - ૭
તબ એકરે હજાર થા, અઠ્ઠાનું રે સાલા,
સહી ફતેહ હો કેરા, તબ હુવારે હાલા - ૮''
(મોજીજાત, બયાન ૮૦૦/૧૪૮)

પછી બાદશાહના સીપાઈઓ આપની પાસે આવવા જવા લાગ્યા. તે પછી ૨૦ દિવસે ૨૪, જીલકાદ હી.સ. ૧૦૯૮માં એમણે સીપાહીઓને ભાગનગર ની જીતની બશારત આપી તેથી લશ્કરને અજુબો લાગ્યો. કેમકે, ભાગનગર ફતેહ કરવાની મોહીમ હજીક વિચારણામાં આવી ન હતી. થોડાક દિવસ પછી

બાદશાહે સોલાપુર તરફ વળતી કૂચ કરી, પણ જયારે બાદશાહે ભાગનગરની મુહીમ વિચારી ત્યારે ફોજને ખુશી થઈ અને આપે (રહે.) આપેલી બશારત બાદશાહને પહોંચાડી. બાદશાહે આપના કહેવા મુજબ તપાસ કરવા આપની પાસે જાસુસ મોકલ્યા, પણ આપે એજ વાત કરી કે બાદશાહ ભાગનગર જશે, અને ગોલકાંડનો બાદશાહ અબુલ હસન તાનાશા તેને શરણે આવશે.

બાદશાહે ભાગનગર તરફ કૂચ કરી, વરસાદ થયો, લડાઈ લાંબી ચાલી. યોધ્ધાઓ મરાયા, ખુઆરી ખુબ થઈ, લશ્કર ત્રાસી ગયું અને લશ્કર આપ(રહે.)ને કરડી નજરથી જોવા લાગ્યું. અહીયાં બાદશાહે મથુરાના જાટ રાજાને વશ કરવા મથુરાની મુહીમનો ઈરાદો કર્યો અને કૂચનો દિવસ પણ નક્કી થઈ ગયો.

આપે આ સંજોગોમાં અલ્લાહથી દુઆ કરી. તે રાતે સ્વપ્નમાં બશારત થઈ કે બાદશાહ અને એક ફકીર (પીર મશાયખ) એક સાથે ગોલકાંડાના કિલ્લામાં દાખલ થઈ રહ્યા છે, અને તે ફકીર તેને જમણે છે. સવારે આપે (રહે.) સીપાહીઓને કહ્યું કે કોઈ છે જે બાદશાહને રોકાઈ જવાનું કહે કે હવે ફતેહ નજીક જ છે, અને મથુરાનો જાટ શરણે થશે. ખબર મળતાં બાદશાહે મથુરાની કૂચ રોકીને ગોલકાંડાના કિલ્લાને ઘેરો નાંખ્યો. સાથે જ મથુરાનો જાટ શરણે થવાના સમાચાર મળ્યા.

બરાબર બશારતના એક વરસે ૨૪મી જીલકાદ હીજરી ૧૦૯૯માં ગોલકાંડા ફતેહ થયું. આપ લખે છે :

''થી ચોબીસમી તારીખ, જીલકાદ માસા,
ગોલકાંડે હો કેરી, હુઈ ફતે કી આશા - ૧૬
એક હજાર ને નવ્વાણુ, થે રે સાલા,
સો હીજરી કહીએ, બરસું કા હાલા - ૧૭''
(મોજીજાત, બયાન ૮૦૬/૧૫૪)

આપે બાદશાહથી પોતાની સીધી મુલાકાતનું કયાંય વર્ણન કર્યું નથી. પણ આપની બશારતોની ખબરો સૈનિકો બાદશાહને પહોંચાડતા, વળી આ ફકીરની વાતની ખરાઈ માટે બાદશાહ જાસુસી પણ કરતો હતો.

આપ બાલીગ થયા ત્યારે સ્વપ્નમાં આપને નબી સાહેબ (સ.અ.વ.) નો દીદાર થયો (મકતુલનામા ભાગ-૨, બયાન ૫૯૯/૨૯૨). પછી આપે એક શેખઝાદાથી બયત લીધી (મકતુલનામા ભાગ - ૨, બયાન ૬૦૨/૨૯૫).

આપના કહેવા મુજબ આપે ૩૪ વરસની ઉંમરે છોડી દીધેલું દીવાન ફરીથી ૩૯મા વરસના જીલ્કાદ માસ પછી લખવું શરૂ કર્યું, કેમકે, આ પાંચ વર્ષના સમય ગાળામાં આપ દક્ષિણમાં હતા :

(૧) ઉપરોક્ત વર્ણન શિવાય પીર મશાયખે (રહે.) તેમનો અને ઓરંગઝેબનો કોઈ સંબંધ પૂરા દિવાને મશાયખની તેર ફસલોમાં કોઈ સ્થળે બતાવ્યો નથી, કે તેની મદદ લીધી હોય એવું જણાવ્યું નથી.

(૨) જો આપનો બાદશાહથી સારો સંબંધ હતો તો બાદશાહના 'ડર' ની વાત ખોટી છે.

(૩) અને જો બાદશાહનો ડર હોવાની વાત સ્વીકારવામાં આવે તો શિર્ષક નં. ૭ ની વિસ્તૃત ચર્ચા મુજબ આપે 'તકય્યાહ' કર્યાની વાત ટકી શકતી નથી.

(૪) જેનો ડર હોય તેની છાવણીમાં માણસ શું કામ જઈને રહે ?

હવે આવતા શિર્ષક નં. ૭ માં પીર મશાયખે (રહે.) દીવાને મશાયખ ઓરંગઝેબના ડરથી તકીય્યાહ કરીને લખ્યું હતું કે તે તેમનું સ્વૈચ્છિક દીવાન હતું તેની મુદ્દાસર ચર્ચા છે. માટે દરેક મુદ્દાને પૂર્વગ્રહ છોડીને વાંચો, અને સમજો.

ખાસ નોંધ :-

હીદાયતનામાના બયાન નં. ૧૨૯ (જે ઈમાન ભાગ - ૨ માંથી છે) તેની કડીઓ નંબર ૯ થી ૧૩ માં લખ્યું છે કે ''તમો તમારા મનનો મઝહબ પાળો છો, પણ દીન છુપી ગયું નથી. તે હિન્દુસ્તાનમાં પ્રગટ છે, અને બાદશાહે તમને જાણી લીધા છે અને મુનાફીક જાહેર કર્યા છે''. એ સ્પષ્ટ હકીક્ત છે કે બાદશાહ ઔરંગઝેબનો મઝહબ સુન્ની મઝહબ હતો. મજકુર બયાનમાં શબ્દો બાદશાહના સંદર્ભે કહ્યા છે. તેથી તે શબ્દો બીન સુન્ની અકીદા વિરૂધ્ધના લોકો માટે છે. આમ, હીદાયતનામા પણ બાદશાહના સુન્ની મઝહબને પુષ્ટિ આપે છે.

## ૭
## પીર મશાયખે (રહે.)ના ઓરંગઝેબની બીકથી કરેલા કહેવાતા 'તકીય્યાહ' નું સંશોધન

શિર્ષકો નં. ૮ થી ૨૨ ના વાંચનથી સ્પષ્ટ જણાશે કે પીર મશાયખ (રહે.)નો મઝહબી અકીદો સુન્ની હતો. ઉપરોક્ત હકીકતો ને ઢાંકવા માટે કેટલાક લોકોએ એવી માન્યતા ફેલાવી છે કે પીર મશાયખે (રહે.) બાદશાહ ઓરંગઝેબની બીકથી સુન્ની અકીદાની કિતાબો લખી છે, પણ હકીકતમાં તેમનો અકીદો સુન્ની અકીદો ન હતો. એટલે શિર્ષકો નં. ૮ થી ૨૨નાં વાંચન પહેલાં આ શિર્ષક નં. ૭ નું વાંચન ઘણું જ જરૂરી છે. આ શિર્ષકમાં જે મુદ્દાસર રજુઆત થઈ છે તેનાથી પીર મશાયખ (રહે.) 'તકીય્યાહ' કર્યાનો પૂર્વગ્રહ જરૂર દૂર થઈ જશે અને પૂર્વગ્રહ દૂર થયા પછી જ શિર્ષકો નં. ૮ થી ૨૨ સમજમાં આવશે.

તકીય્યાહનો અર્થ થાય છે જુલમીના જુલમથી બચવા તત્પુરતું સત્યને છુપાવી છટકી જવું. સત્યને કાયમી છુપાવવું તકીય્યાહમાં નહિ આવે. પીર મશાયખે (રહે.) તકીય્યાહ કર્યો હતો એવું કહેનારાઓ પાસે તેમની દલીલમાં આવું બોલવા શિવાય કોઈ દલીલ નથી.

પીર મશાયખે (રહે.) તકીય્યાહ કર્યાની દલીલ કરનારાઓની વાત નીચેના કારણોસર ટકી શકતી નથી :

(૧) શિર્ષક નં. ૫ માંનો ઐતિહાસીક ઘટનાક્રમ જોઈએ તો ઘટના નં. ૧ મુજબ પીર મશાયખ નો જન્મ ઈ.સ. ૧૬૫૦માં થયો હતો, અને ઘટના નંબર ૨(બે) મુજબ ઓરંગઝેબ ઈ.સ. ૧૬૫૧ પછી ગુજરાત છોડીને દક્ષિણમાં ગયા હતા. તેથી ઓરંગઝેબે જયારે ગુજરાતનું ગવર્નર પદ છોડયું ત્યારે પીર મશાયખ (રહે.) ફક્ત ૨ (બે) **વરસના જ હતા**, અને જયારે ઈ.સ. ૧૬૫૮માં ઓરંગઝેબ હિંદની રાજ ગાદીએ બેઠો ત્યારે પીર મશાયખ (રહ.)ની ઉમર આઠેક વરસની હતી.

(૨) આપનો જન્મ ઈ.સ. ૧૬૫૦માં થયો હતો. અને આપે પઢવું ૨૦ વરસની ઉંમરે શરૂ કર્યું તેથી આપની ઉંમરના ૨૦ વરસ દરમ્યાન દીવાન લખવાનો અને ઓરંગઝેબનો વચ્ચે આવવાનો સવાલ જ નથી.

(૩) આપે ૩૪ વરસની ઉંમરે (ઘટના ક્રમ - ૩ મુજબ) દીવાન લખવું શરૂ કરીને છોડી દીધું હતું. આપે દીવાન લખવું છોડી દીધું તેથી આપની ઉમરના **૩૪ વરસો દરમ્યાન** પણ દીવાન લખાયાનો પ્રશ્ન જ ઉભો થતો નથી.

(૪) આપને ૩૫ વરસની ઉંમરે એક પછી એક તકલીફો આવવી શરૂ થઈ પછી આપ ઓરંગઝેબની છાવણીમાં ગયા. આપ છાવણીથી પરત થયા ત્યારે આપની ઉંમર (ઘટનાક્રમ ૭ મુજબ) ૩૯ વરસની હતી. **એટલે આપની જીંદગીના ૩૯ વરસો દરમ્યાન પણ દિવાન નું લખાણ અસ્તિત્વમાં ન હતું, તેથી તકીય્યાહનો પણ સવાલ ઉભો થતો નથી.**

(૫) પછી આપે દીવાન ફરીથી લખવું ૨૦, જમાદીલ અવ્વલ હીજ. ૧૦૯૯ (ઈ.સ. ૧૦/૩/૧૬૮૮) ના શરૂ કર્યું, અને ઘટનાક્રમ નં. ૮ મુજબ ૨૧, મુહર્રમ હી. ૧૧૦૨ (ઈ.સ. ૨૪/૧૦/૧૬૯૦) ના આપની વફાત થઈ. **એટલે આપની જીંદગીમાંથી જે સમય બચ્યો તે બે વરસ, સાત માસ અને ચૌદ દિવસોનો (લગભગ બે વરસ અને આઠ માસ) છે. આ સમય દરમ્યાન આપે (રહે.) તેમની તેર ફસલો લખી હતી.** (જુઓ શિર્ષક નં. ૫, ફકરા નં. ૬ અને ૭) આપ જ્યારે અમદાવાદમાં આ ટુંકા ગાળા દરમ્યાન દીવાન લખી રહ્યા હતા ત્યારે ઓરંગઝેબ ઘટના નંબર ૯ મુજબર રાજા રામ સામે દક્ષિણમાં યુધ્ધમાં રોકાયેલો હતો. અને ગુજરાતમાં હાજર ન હતો.

(૬) પીર મશાયખ (રહે.)ના ઓરંગઝેબની લશ્કરી છાવણીમાં રહેવા દરમ્યાન આપનો ઓરંગઝેબથી કોઈ સંપર્ક ન હતો, **પણ સૈનિકો ઓરંગઝેબને આપની બશારતની વાતો પહોંચાડતા હતા અને બાદશાહ આપનું પારખું લેવા જાસુસ રાખતો હતો.** એવું આપે મોઝીજાતના બયાનોમાં લખ્યું છે(જુઓ શિર્ષક ૬નું લખાણ).

(૭) ઓરંગઝેબને આપની બશારતોને લીધે બીજાપુર અને ગોલકાંડાની ફતેહ થઈ તેવું આપ લખે છે, અને આ ફતેહ પછી આપે દીવાન લખવું ફરીથી શરૂ કર્યું હતું. બાદશાહ આપના એહસાન નીચે હતો, તેથી દબાણની વાત બંધ બેસતી નથી.

(૮) આપની બશારતથી ઓરંગઝેબને ફતેહ મળી તે વાત લશ્કરી છાવણી બહાર પણ ફેલાઈ ગઈ હતી. થઈ શકે છે કે આ વાત સાંભળી ગુજરાતમાં આપ (રહે.)ને હેરાન કરનારાઓ કૂણા પડયા હોય, અને આપને શાંતિ મળતાં ફરીથી દીવાન લખવું શરૂ કરવું સરળ થયું હોય.

(૯) આપે ૩૪ વરસની ઉંમરે દીવાન લખવું છોડી દીધુ અને ૩૯ વરસની ઉંમરે ફરીથી લખવું શરૂ કર્યું તે **સત્યને જાહેર કરવા માટે હતું,** સત્યને છુપાવવા માટે નહિ. નહિતો આપને પાંચ વરસ પછી છોડી દીધેલું દીવાન ફરીથી લખવાનું

શરૂ કરવાની શી જરૂરત હતી ? જો આપને ડર હતો તો આપ ઓરંગઝેબની છાવણીથી પરત આવી દીવાન લખવું શરૂ કરવાને બદલે કોઈ એક ખુણા નશીન થવું પસંદ કર્યું હોત.

(૧૦) પીર મશાયખ (રહે.) ૩૪ વરસની ઉંમરે ૩૦ ગઝલો લખી દીવાન લખવું છોડી દીધું તે પાછળનાં કારણો આપે છે :

"યુસુફ નબી કી સખી હો જયસી,
વે દેખ સમજોથી મુજકુ ભી વયસી - ૩
તીસરે ગઝલા જબ પૂરી રે કીતી,
ઉન દીનાં મુસીબત મુજે ખાલીક ને દીતી - ૧૯
મુજ શીશ બીતા થા જે તકદીર લખીયા,
જેતકદીર લખીઆ પીછા કદી ના ફરીઆ - ૨૦"
(નૂરનામા, બયાન ૩૦)

૩૪ વરસની ઉમરે દીવાન પ્રથમ લખવું શરૂ કર્યું ત્યાં સુધીમાં બાદશાહ ચિત્રમાં નથી. છતાં પણ બાદશાહે જોરાઈથી લખવું શરૂ કરાવ્યું હોત તો તેને તે પાંચ વરસ માટે પણ બંધ થવા દેત નહી, અને પીર મશાયખને સતાવનારાઓને ચૂપ કરી દેત, અહીંયાં તો આપને લખવું છોડી દેવું પડયું હતું. જો બાદશાહની ઓથ હોત તો આપને લખવું છોડવું ન પડયું હોત.

(૧૧) દીવાન લખવાનો પીર મશાયખ (રહે.)નો સંકલ્પ જુનો હતો, ઓરંગઝેબની છાવણી થી પરત આવવા સમયનો ન હતો, પણ તેનાથી અગાઉ પાંચ વરસો પહેલાંનો (આપની ૩૪ વરસની ઉંમરે) હતો, અને તેનાથી એ પહેલાં આપે જયારે પઢવું શરૂ કર્યું ત્યારનો હતો. (જુઓ નીચે ફકરા નં. - ૮)

(૧૨) આપની વફાત ઈ.સ. ૧૬૯૦માં થઈ છે. દીવાન અમદાવાદમાં બે વરસ અને આઠ માસનીની અંદરના ટુંકા ગાળામાં ૧૩ ફસલોમાં લખાયું હતું. તે લખાયું તે ગાળામાં ઓરંગઝેબ દક્ષિણમાં હતો અને ઈ.સ. ૧૬૮૯ થી ૧૭૦૭ સુધીમાં તે શિવાજીના બેટા રાજારામ સામે અને તેની વિધવા તારાબાઈ સામે યુધ્ધોમાં રોકાયેલો હતો. (ઘટનાક્રમ ૯ અને ૧૦) એટલે દીવાન લખવા પહેલાંનાં ૩૯ વરસોમાં અને દીવાન લખવા દરમ્યાનમાં પણ ઓરંગઝેબનું દબાણ કયાંય ચિત્રમાં નથી. આપની વફાત પછી ઓરંગઝેબ ફકત ૧૭ વરસો

જ જીવ્યો અને તેના મરણ પછી મોગલ સલતનતની પડતી શરૂ થઈ ગઈ હતી. જ્યારે ઓરંગઝેબ ગુજરાતનો ગવરનર બન્યો (ઈ.સ. ૧૬૫૦૫હેલાં) ત્યારે પીર મશાયખ (રહે.)નો જન્મ પણ થયો ન હતો અને જ્યારે તે ફરીથી દક્ષિણનો ગવર્નર બન્યો ત્યારે પીર મશાયખ(રહે.)ની ઉંમર બે વરસની હતી.

(૧૩) આપે કોઈના કહેવાથી દીવાન લખ્યું નથી પણ પોતાની અંતર ઈચ્છાથી લખ્યું હતું. આપ લખે છે :

''પણ રેહના હમારા અહમદાબાદ માંહાં,
જુના ચાર ટોડા ને સારંગપુર માંહાં - ૪
ચિંતાતો મનમાં ઈતાની આઈ,
કે સીફત નબીકી આખુ રે બડાઈ - ૫
તો નબીકી તારીફ બોલી ગુજરી સુ કીતી,
ભી સીફત ખાલીકકી ઉસ બોલી માંહે દીતી - ૬
તો રે નામ ઉસકા મૂળ ધરમ રે આખા,
ગુજરી બોલી કાજ અયસા નામ રે આખા,
નહી તો દીવાન એ હય રે કહાવા,
દીવાન રે ઈસકાં નામ હય ધરાવા - ૯
તો અવર બોલીમાં ઈસે દીવાન કહીએ,
સય્યદ મશાયખ કા એ દીવાન હય લહીએ - ૧૦
સય્યદ મશાયખ ને એ દીવાન હય આંખા,
ગુજરી બોલીમાં હય રે ઈસે દાખા - ૧૧''
(નૂરનામા, બયાન ૩૦)

(મનમાં મને ફીકર થઈ કે નબી (સ.અ.વ.)ની સીફત ગુજરાતીમાં લખું તેથી મેં દીવાનનું નામ ધરમ મૂળ રાખ્યું, નહીં તો તેને દીવાન જ કહેવાય : જેમકે ગુજરાતીમાં સૈય્યદ મશાયખનું દીવાન એમ કહેવાય)

(૧૪) પીર મશાયખ (રહે.) દીવાન લખવાની ઈચ્છાથી પહેલાં પઢવું શરૂ કર્યું હતું . આપ કહે છે કે પઢયા વગર રાહ બતાવી શકાય નહિ. આપ લખે છે :

''એક હજાર જબ ઐસી રે લખાએ,
તબ પઢને કે ખાતીર સામાન બનાએ . ૧૬
બીસ રે બરસકી હુઈ ઉમર હમારી,
તબ પઢને કી ફીકર મન રે બિચારી ૧૭''

(નૂરનામા, બયાન ૧૬)

''અવ્વાલ રે પઢતાં જબાં રે બંધાની,
તબ જાને ફીકર બહોત રે ગુંચાની. ૧
તો પઢે રે બીના સબ ઉમ્મેદ કાચા,
સુન ને બતાના વે તો પંથ નાંહી સાચા . ૩
પડે તો બીના દીન સમજા કયું જાવે,
તો મુજ પીછે મુનાફીક રાહા કયું પાવે. ૪''

(નૂરનામા, બયાન - ૩૨)

આપે પઢીને રાહ બતાવવાનું ઈચ્છયું તેથી ૨૦ વરસની ઉમરે પઢવું શરૂ કર્યું જબાન ન ચાલતાં મનમાં ગુચવણ થઈ તો નબી સાહેબ (સ.અ.વ.)થી આપને સ્વપ્નમાં બશારત થઈ. આપ લખે છે :

''તો ખાતીમ સુ મે બશારત પાઈ,
તબ ઈલમ કી રાહા મુજે દીતી રે દીખાઈ. ૧૧
તો દેખો ને કયસા મુજે ઈલમ હય દીતા,
કે જયસા રે નામ મુજે મશાયખ કીતા. ૧૨''

(નૂરનામા, બયાન ૩૨)

દીવાન કોઈની ધાકથી લખ્યું હોય તો શું પીર મશાયખ જેવા અલ્લાહના વલી નબી સાહેબનો સ્વપ્નમાં દીદાર થયો હોવાનું જુઠ બોલે ?

તકીય્યાહ તો છટકવા માટે હોય છે. નબી સાહેબ (સ.અ.વ.)ના દીદારની વાતમાં તકીયાહ કયાં ટકયો ?

**(૧૫) વળી આપે દીવાન પુરુ થાય તેની દુઆ માંગી છે.**

''ખાલીક ઉમ્મીદ મેરી રે પહોંચાવે,
કે દીવાન સઘળા લખારે જાવે. ૨''

(નૂરનામા, બયાન ૩૩)

તકીયાહ કરનાર દીવાન પુરુ થવાના શબ્દો શા માટે લખે ?

**વળી આપે દીવાન અસરકારક રહે તેવી પણ દુઆ માંગી છે**

ઉમેદ ઈતના એ તાસીર રે હોવે,
જે એ દીવાન કુ સુને ઉસકા કુફર ધોવે.

(નૂરનામા, બયાન ૩૭)

આ વાતો સાબિત કરે છે કે દિવાન લખવાની પીર મશાયખ (રહે.)ની માનસિક

ભૂમિકા ઘણી જુની હતી, પણ તેનો અમલ આપની ૩૪ વરસની ઉંમરે ગઝલોથી શરૂ કરીને બંધ કર્યો, અને આપની ૩૯ વરસની ઉંમરે ફરીથી શરૂ કર્યો.

(૧૬) પીર મશાયખ (રહે.) લખે છે કે અલ્લાહે તેમને મીશ્કાતમાં લખ્યા મુજબ અગીયારમી હીજરી સદીને છેડે મુજદ્દીદ (નુતની કરણ કરનાર) બનાવ્યા છે. **મુજદ્દીદ થઈ તે દીનને છુપાવે તો દીનમાં તજદ્દીદ શી રીતે થઈ શકે?** મુજદ્દીદ ખુલંખુલ્લા મેદાનમાં આવીને તજદ્દીદ કરે છે.

(૧૭) પીર મશાયખ (રહે.) એવું દીવાન લખવાનું ચાહયું કે જેનાથી રાહા નું નુકસાન થાય નહિ અને તેમાં બીદઅતનો એક બોલ પણ આવે નહિ (જુઓ શિર્ષક નં. ૧૨ નું લખાણ) જો આપે તકીયાહ કરીને દીવાન લખ્યું અને (જે કાયમી થઈ ગયું) તો તેમણે તો રાહાનું નુકસાન કરી જ નાંખ્યું. **આપે તો રાહા નું નુકસાન ન થાય તેમ ચાહ્યું છે.**

(૧૮) **ઓરંગઝેબે** પુરા હિન્દુસ્તાન માટે **સુન્ની અકીદાની** ફતાવાએ આલમગીરી આલીમો પાસે આઠ વરસોની મહેનતથી લખાવી હતી. બાદશાહ માટે **ગુજરાતની મુઠ્ઠીભર મોમીન કોમ (જે નવી ઉભરી રહી હતી)માટે દબાણથી દીવાન લખાવવાથી કોઈ અર્થ સરતો ન હતો.** બાદશાહ દબાણથી દીવાન લખાવડાવવા **પીર** મશાયખ **(રહે.) ની જ પસંદગી કેમ કરી તે** કોયડાનો જવાબ તકીય્યાહની દલીલવાળાઓ પાસે પણ નથી. જો બાદશાહનું દબાણ **હોત તો તે ફતાવા આલમગીરી ને જ ગુજરીમાં પીર મશાયખ (રહે.) પાસે લખાવડાવી હોત.** પણ આપે તો માર્ગદર્શન માટે યહયાઉલ ઉલૂમને પસંદ કર્યું હતું.

(૧૯) બાદશાહ તે વખતના **સતપંથીઓ અને ઈસ્માઈલીઓને દબાવે/**ડરાવે **તેનાથી તેનો અર્થ સરતો હતો.** કેમકે તેઓએ નબી નસલમાં આવતાર નાંખ્યા હતા અને અવતાર પૂજા કરાવતા હતા. અને નમાઝ, રોઝા, ઝકાત અને હજના અરકાનોને તેમણે દીનમાંથી દૂર કર્યા હતા. બાદશાહ તેઓમાંથી કોઈને પણ ડરાવીને સુન્ની અકીદાની કિતાબો લખાવી શકયો હોત. અગર જો એમ નથી થયું તો તેનો અર્થ થાય કે સતપંથીઓ બાદશાહથી ડર્યા નહિ, અને પીર મશાયખ (રહે.) એકલા જ બાદશાહથી ડરી ગયા. અને સતપંથીઓ વિ. ને તેણે છોડી દીધા.

(૨૦) પૂરા હિન્દુસ્તાનમાં ઓરંગઝેબ **તેની સત્તા તળેના કોઈ બીજા પ્રદેશોમાં જોરાઈથી કિતાબો લખવડાવી હોય એવું ઈતિહાસમાં જણાતું નથી.** તો તે

ગુજરાતમાં જ ફક્ત પીર મશાયખ (રહે.) ઉપર શા માટે દબાણ કરે ? ગુજરાતમાં પણ તેણે જ્યારે તે ગવર્નર હતો (ત્યારે પીર મશાયખ આઠ જ વરસના હતા). ત્યારે પણ સતપંથીઓ ઉપર જુલમ કર્યો નથી, અને તેથી જ સતપંથીઓ આજે પણ તેમના ધર્મ પર છે.

(૨૧) ફતાવા આલમગીરીને શાહી પીઠબળ અને આલીમોના સંપાદન કામ છતાં તેને પૂરા થવામાં આઠ વરસ લાગ્યાં હતાં, તો ફક્ત બે વરસ અને આઠ મહિનાના ગાળામાં અરબીમાંથી ગુજરાતીમાં ૧૪ મણ અને અઢીશેર કાગળનું ૧૩ કિતાબોવાળું દીવાન ડરથી કે ધાકથી સ્વહસ્તે શી રીતે લખાઈ શકે ?

(૨૨) પીર મશાયખ (રહે.)ના લખાણની જે શૈલી છે, અને કિતાબોમાં આપે ઠેર ઠેર અકીદાનું જે વર્ણન કર્યું છે તેને જોતાં તકીય્યાહની થીઅરી મુજબ તેર ફસલોની દરેક ગઝલ અને દરેક ગઝલની દરેક લીટી પાછળ ઓરંગઝેબની પૂર્વ સુચના હોવી જોઈએ કે અમૂક લીટી કે લીટીનું જોડકું અને દરેક ગઝલ અમૂક રીતે જ લખો, અને દરેક ગઝલનો રાગ અમુક જ રાખો : જેમકે : ગઝલ, ફરાદ, દુહા, નઝમ, પહલ, ચાલ, હરીયાળી, પદ, બલ વિગેરે અને તેર ફસલોના વિષયો પણ અમૂક જ રાખો. (જે કામ બીજાના કહેવાથી કરવું અશક્ય છે). આપે જે સુંદર લખાણ લખ્યું છે, અને રજુઆત કરી છે તે કામ ભય નીચે થઈ જ ન શકે.

(૨૩) ખોટો સાક્ષી ઉલટ તપાસમાં પકડાઈ જાય છે અને બનાવટી લખાણ પણ પકડાઈ જાય છે. પણ આપ (રહે.)ની કિતાબોમાં કયાંય અકીદાનો વિરોધાભાસ દેખાતો જ નથી.

(૨૪) પીર મશાયખ (રહે.)ના દિવાનમાં શામેલ કિતાબો આ પ્રમાણે છે: (૧) નૂરનામા, (જેમાં નાના નૂરનામાનો પણ સમાવેશ છે). (૨) મેરાજનામા, (જેમાં નાના મેરાજનામાનો પણ સમાવેશ છે).(૩) ગઝવાત, (૪) ગીરદીયાહ, (૫) મોઝીજાત, (૬) વિશાલનામા, (૭) ખુલફાએ રાશેદીન, (૮) મકતુલનામા - ૧, (૯) મકતુલનામા - ૨, (૧૦) ઈમાન ભાગ - ૧, (૧૧) ઈમાન ભાગ - ૨, (૧૨) ઈબાદત ભાગ - ૧ અને (૧૩) ઈબાદત ભાગ - ૨.

ફસલ નં. ૧ થી ૧૧ સર્વ સામાન્ય ઈલ્મથી સંબંધ રાખે છે. જ્યારે ફસલ નં. ૧૨ અને ૧૩ ફીકહ (મસાઈલના જ્ઞાન) થી સંબંધ રાખે છે.

જો આપે બાદશાહના ડરથી દીવાન લખ્યું હોત તો બાદશાહે સુન્ની

ફીકહની બારમી અને તેરમી ફસલોને પહેલાં લખવાનું કહ્યું હોત કારણ કે તેમાંના બધા જ મસઅલાઓ સુન્ની અકીદાથી સંબંધ રાખે છે. સર્વ સામાન્ય ઈલ્મી કિતાબોને પાછળ રાખી હોત.

**નોંધ:** હિદાયતનામા નામની કિતાબને સૈ. મહેર હુસૈન સાહેબે લખી છે એ પીર મશાયખ રહ. ની ૧૩ ફસલોમાંની કિતાબ નથી, પણ તે કિતાબોમાંથી અને સીડીઓના બયાનોમાં થી બયાનો ચુંટી તેનો સંગ્રહ કર્યો છે. (જુઓ પરિશિષ્ટ - ૧) તેને કારણે ૧૩ કિતાબો થી લોકોની દૂરી થઈ ગઈ છે. પીરી મુરીદીનું મેઅરાજ નામાનું બયાન નં. ૧૯ બેહુને બેહુ હિદાયત નામામાં બયાન નં. ૬૬માં નકલ કરવામાં આવ્યું છે, વિગેરે.

કોઈપણ બયાન સમજવા માટે તે બયાનની આગળ અને પાછળનાં બયાનો નો પૂર્વાપર સંબંધ જાણવો જરૂરી છે. એક જ બયાનને નોખું છાપવાથી મન માન્યો અર્થ કરી શકાય છે. દા.ત.

‘પીર જો આલીમ તમે તેવો લાવો,
કે દીન નબીની વાટ જાને હો રે જાને;
હુકમ તેમનો ફેરવો વારૂ રે નાંહાં,
જો અલ્લાહ નબીને સહી માને રે માને - ૮
(બયાન ૬૭, મેઅરાજ નામા)

પરચુરણ કિતાબોમાં ઉપરોક્ત કડીઓ લખાયેલી છે તેમાં ‘અલ્લાહ નબીને સહી માને’ તે શબ્દોને હિદાયતનામામાં ‘આલે નબીને સહી માને’ એ રીતે બદલી દેવામાં આવ્યા છે. આ બદલાવ હિદાયતનામાના બયાન નંબર ૬૭ની કડી નંબર ૮માં છે. પુરાવા માટે હસ્ત લિખિત પ્રતો હજીક મોજુદ છે.

‘અલ્લાહ નબીને સહી માને રે માને’, એ અસલી શબ્દોને સીડીઓની ફસલની કલમી કિતાબમાંથી ફોટો નકલ કરી **પરિશિષ્ટ** - ૪માં આપવામાં આવેલ છે. ‘અલ્લાહ નબીને’ એ શબ્દોને ‘આલે નબીને’, એ શબ્દો માં જે રીતે ફેરવવામાં આવ્યા છે તેનો તફાવત પરિશિષ્ટ - ૪ થી જાણી શકાય છે.

હિદાયતનામામાંથી જે બયાનો પીર મશાયખ (રહે.) ની કિતાબોમાંથી લેવામાં આવ્યા છે તેની વિગત પાછળ **પરિશિષ્ટ** - ૧ માં આપેલ છે, તે વાત સાબિત કરે છે કે પીર મહેર હુસેન સાહેબે આપ (રહે.) ની કિતાબોને સીધી રીતે પુષ્ટિ આપી છે. આપ (રહે.) ના દિવાનના એક ભાગને માનો તો બધા જ દિવાનને માનવું રહ્યું.

(૨૫) જે કોઈ પીર મશાયખ (રહે.)ને અલ્લાહના વલી સમજતા હોય તેઓ સમજી લે કે અલ્લાહના વલી ધાકને લીધે દીનમાં બાંધછોડ કરતા નથી હોતા. જો તકીય્યાહથી કિતાબો લખાય અને તેનો રદ જાહેર ન થાય તો તે કાયમી થઈ જાય, અને જો ખોટી વાત કાયમી થઈ જાય તો તેના ગુનાહનો ભાર તકીયાહ કરનારને શીરે ચડે. પીર મશાયખ (રહે.) આવું કરે નહિં, કેમકે આપ ખુદ લખે છે :

"હક છુપાયે બના, મરના ભલા દીન કાજ રે,
રખે તું દુનિયા કેરી કરે લાજ રે."
(ગઝવાત)

"સહી સરકે સાટે, દીન કરો પ્યારા,
અને પગ તો માંડો, ખુબ કરને કરારા.
જો ડુંગર ખસે, પણ પગના ખસાવે,
સહી દીન મોમીન, એસા રે લાવે."
(ગઝવાત, બયાન ૧૮૭)

કદમ સાબીત, દીનમાં ધરના,
એક જીવ હોય, સો ફીદા રે કરના - ૯
જો હોવે લાખ જીયા, તો વાર ને દીજે.
તો એક રે જીવકા, ના લોભરે કીજે - ૧૦
(ઈમાન ભાગ- ૧, બયાન ૧૬૬૯)

હવે જો તકીયાહ કર્યો હોય તો આપના લખ્યા મુજબ કયાં રહી સર સાટે દીનથી પ્યાર કરવાની વાત, અને કયાં રહી ડુંગર માફક અડગ રહેવાની વાત અને લાખ જીવ ફીદા કરવાની વાત ?

(૨૬) પીર મશાયખના મોટા બેટા પીર અબ્દુલ્લાહના અને તેમના મોટા બેટા પીર દીવાનજી ના વંશમાં આજ સુધી સૈ.મહેર હુસેન સાહેબ શિવાય બાકી બધા સુન્ની છે અને કોઈએ દીવાને મશાયખ ઉપર શંકા કરી નથી, અને કરતા પણ નથી. સૈ. દીવાનજી (રહે.) ના સમયે તો ઓરંગઝેબ પણ ન હતો, અને જો દીવાન જોરાઈથી લખાયું હોત તો તેમના વાલીદ સૈ. પીર અબ્દુલ્લાહે પણ દીવાનને ચલણમાં આવતું રોકયું હોત.

પીર અબ્દુલ્લાહના નાના બેટા સૈ. સાદુલ્લાહ (જેઓ પીર મશાયખ (રહે.)ને પડખે દફન છે). તેમની ઓલાદમાં આજ સુધી બધા જ સુન્ની છે અને

દીવાને મશાયખને શક થી જોતા નથી.

મશાયખની વંશમાં એક સૈ. મહેર હુસેન સાહેબ શિવાય બાકી બધા જ સુન્ની છે. કેમકે તેઓ બધા તેમના દાદામહના મઝહબ પર ચાલ્યા આવે છે અને તેઓનું અનુકરણ તેમના મુરીદો કરે છે.

(૨૭) 'તકીય્યાહ' કોઈ સંકડામણના પ્રસંગે છટકી જવા માટે હોય છે. **પૂરા બે વરસ અને આઠ માસ સતત વફાત પર્યંત દીવાનનું લખતા રહેવું અને આપના બેટાઓનું દીવાનને સમર્થન આપવું 'તકીય્યાહ' શી રીતે હોઈ શકે?** આ કોઈ એક સંકડામણનો છુટક પ્રસંગ ન હતો પણ બે વરસનો સતત લખતા રહેવાનો સમય હતો.

(૨૮) તેર કિતાબોનું દીવાન **૨ વરસ અને ૮ મહીનાના** ગાળામાં દીલઝુમી ઉઠે એવા રાગમાં, તાલ અને પ્રાસમાં અને વિષયને બીલકુલ સાચવીને સ્વહસ્તે અને અરબી અને ફારસી કિતાબોમાંથી રૂપાંતર સાથે કોઈની ધાકથી લખી શકાય નહિ. આવા લખાણ માટે સ્વેચ્છા, વિષયનું ઈલ્મ, આંતરિક ઉર્મિઓ અને અલ્લાહની મદદની જરૂરત હોય છે આપે પહેલાં પોતાની ઈચ્છાથી ઈલ્મ મેળવ્યું અને પછી દીવાન લખ્યું (જુઓ આ શિર્ષકના ફકરા નંબરો ૭ અને ૮), **ડરતો માણસ પોતાનું નામ ઠામ બરાબર બોલી શકતો નથી તો આવડું મોટુ વ્યવસ્થિત દીવાન આ રીતનું ડરથી શી રીતે લખી શકાય?**

(૨૯) પીર મશાયખ (રહે.) બાદશાહ ઓરંગઝેબના ડરથી દીવાને મશાયખ લખ્યું હોત તો આપ તેમના આ દીવાનમાં સુન્ની હનફી અકીદાની અને ફીકહની ઝીણીઝીણી બાબતો લખી ન હોત (જુઓ ઈબાદત ભાગ - ૧ અને ૨) તકીય્યાહ કરનાર આટલું બારીક લખવાની કાળજી શું કામ લે, અને પદ્ય (કાવ્ય)માં શું કામ લખે આપ લખવામાં વેઠ વાળી શકયા હોત, અને બાદશાહ ઓરંગઝેબ ગુજરી ભાષા કયાં જાણતો હતો?

(૩૦) તેર ફસલોમાંથી મકતુલનામા ભાગ - ૧ અને ભાગ - ૨ પણ છે. દીવાને મશાયખ નો ઈન્કાર કરનારા પાછું આપ (રહે.)નું લખેલ મકતુલનામુ (જંગનામું) ઘણા પ્રેમથી પઢે છે. આનો અર્થ એ થયો કે દીવાનના મોટા ભાગનો તેઓ અસ્વીકાર કરે છે, અને નાના ભાગનો સ્વીકાર કરે છે.

(૩૧) વળી પાછા મકતુલનામાના શરૂઆતનાં બયાનો નં. ૨૧ થી ૨૫ અને **મકતુલનામા ભાગ - ૨નાં પાછળના ૮ (આઠ) બયાનોને (પીર સાહેબ દ્વારા) છોડી દેવામાં આવ્યા છે, એટલે એક કિતાબના એક ભાગનો પણ અસ્વીકાર કરે**

છે. આ છોડી દેવાતા બયાનો કલમી કિતાબોમાં લખાયેલા અને અર્વાચિન લીપીની કિતાબોમાં છપાએલાં જોવા મળે છે. આ બયાનો છોડવા/છોડાવવાનું કારણ એ છે કે મજકુર બયાનોમાં પીર મશાયખે તેમનો સુન્ની અકીદો જાહેર કર્યો છે.

(૩૨)આ બયાનો કિતાબોમાં મોજુદ રહી જવાનું કારણ એ છે કે છેલ્લા ૩૦૦ વરસોમાં પુરૂં દીવાને મશાયખ મોમીન બિરાદરીમાં સર્વ સ્વીકાર્ય રહ્યું છે.

નોંધ : પીર ઝહીર હુસેન સાહેબે જે મક્તુલ નામું છપાવ્યું છે તે મુળ મક્તુલ નામામાંથી ૧૨૦ બયાનો કાઢી નાંખેલું છે. **તેના પુરાવા માટે અત્યારે હસ્તપ્રત નકલો મોજુદ છે.**

જો પુરૂં મક્તુલનામુ પઢાતું હોત તો પણ માર્ગ ફંટાઈ ન જાત.
આ કલમી કિતાબો હજીક પણ મોજુદ છે.

(૩૩) દીવાને મશાયખ પીર મશાયખ (રહે.)ની ઈચ્છાથી લખાણું છે તેનો **જીવતો જાગતો પુરાવો એ છે કે દીવાનના કલમી ઉતારા પેઢી થી પેઢી લખાતા ચાલ્યા આવે છે,** અને પુરૂં દીવાન કલમી કિતાબોમાં આજે પણ મોજુદ છે. અને તેની ઝેરોક્ષ પણ થઈ રહી છે. આપના લખાણની ગુજરી લીપી અને લખાણની કાવ્યમય શૈલી એવી પુરાતન છે કે કોઈ તેમાં વધારો ઘટાડો કરીને ઝેરોક્ષ કરે તો પણ પકડાઈ જાય. જો વધારો ઘટાડો થઈ શકે તો ફક્ત જોડણી સુધીનો જ થઈ શકે. વળી જુના કાગળ પરનો ફેરફાર પણ જલદી નજરે આવી જાય. **આ ૧૩ ફસલોના ઉતારા સૈ.મહેર હુસેન સાહેબના સમયકાળ સુધી પણ થતા આવ્યા છે, અને કોઈ પીરોએ તેમ થતું રોકયું નથી.** કેમકે, આ કિતાબો સર્વ સ્વીકાર્ય હતી.

(૩૪) જો પીર મશાયખ (રહે.) શીઆ હોત તો તેમણે પીર શમ્સ અને પીર કબીરૂદીનના બેટાઓની અને શીઆ અકીદાની ટીકાઓ તેમના દીવાનમાં લખવી ટાળી હોત (જુઓ શિર્ષક નં. ૪નું લખાણ)

(૩૫) પીર મશાયખ (રહે.)નો સુલુક (પીરી મુરીદી)નો સિલસિલો ચિશ્તી ખાનવાદાના એક પરહેઝગાર શેખઝાદાથી પૂર્વે પણ **ચિશ્તીયા** ખાનવાદાના સુન્ની બુઝુર્ગોથી મળે છે. જેમાં ખ્વાજા મોહીયુદ્દીન ચિશ્તી (રહે.) પણ છે, અને આ હકીકતને કોઈ ભુંસી શકે તેમ નથી. **જો આપ શીઆ અકીદાના હોત તો સુન્ની સિલસિલાના પીર શું કામ કરત ?** આ વાત જ સાબિત કરે છે કે આપ સુન્ની હતા.

(૩૬) શીઆ ઈસ્માઈલીઓનો ઈતિહાસ માં ઈસ્માઈલીઓ પણ કબૂલ કરે છે કે પીર મશાયખ સુન્ની હતા, અને તેમણે (ઈસ્માઈલીઓ ના માનવા મુજબ) નવો ધરમ ફેલાવ્યો.

(૩૭) એ એક હકીકત છે કે ઈ.સ. ૧૯૬૦ આસપાસ સુધીમાં મિલ્કતોના દસ્તાવેજો અને અદાલતોમાં મશાયખી મોમીનોને નવા ધરમના અને ઈસ્માઈલી મોમીનોને જુના ધરમના એવી ઓળખ આપવામાં આવતી હતી. હજીક પણ ઘણા ઘરોમાં આવી ઓળખવાળા દસ્તાવેજો પડેલા હશે. આ ઓળખ ૨૦૦ થી વધારે વરસોથી આપવામાં આવતી હતી. ઈસ્માઈલીઓ 'શીઆ' હોવાથી તેઓએ પીર મશાયખ (રહ.)ના સુન્ની દીનને નવો ધરમ કહ્યો.

પીર મશાયખનો ચીંધેલો નવો માર્ગ એ સુન્ની મઝહબ હતો.

(૩૮) પીર મશાયખ નો મઝહબ સુન્ની મઝહબ હતો તેના પુરાવા તેમની તેર ફસલો (કલમી, અને અર્વાચિન લીપીમાં છપાયેલી), તેમના બેટાઓનું તેમના બાપના સુન્ની મઝહબને સમર્થન, ઐતિહાસિક ઘટનાક્રમ (શિર્ષક નં. ૫) અને તકીયાહના રદની ઉપરોક્ત દલીલો (શિર્ષક નં. ૭) વિગેરે છે.

(૩૯) શીઆ ઈશ્ના અશરી અને શીઆ જાફરી મઝહબના મૂળ ઈતિહાસમાં દૂરનાં હોઈ શકે , પણ મશાયખી વંશમાં તેમના અસ્તિત્વના કોઈ પુરાવા નથી.

(૪૦) તેઓની પાસે જે કાંઈ છે તે કહેલું સાંભળેલું, સંભળાવેલું કે પ્રેરિત લખાયેલું છે તે જ છે, અને તે પણ ઈ.સ. ૧૯૩૬ પછીનું છે. પીર મશાયખ (રહે.) તરીકતના બયાન નં. ૧૧૯માં લખે છે :

ઉમરતો થોડી બેદ બોત કેણા
ભુલે જીવુંકુ નવા પંથ દેણા-૧૦.
જો જીવ પંથ દેખેને કભી ફીર જાવે,
તો મુજ પીછે ઉનુંકુ, કુણ મારગ લાવે-૧૧.
કભી બેદ પંથ મેં જીવુંકુ દિખાયા,
મુજ પીછે જીવુંને વે પંથ ગમાયા-૧૨.
પીછે કુણ ઈનુકુ, મારગ બતાવે,
ભુલડે જીવુંકુ ઠાંમ કુણ લાવે-૧૩.
(તરીકત, બયાન ૧૧૯)
વે ચંડાલ કહીએ મુમનું રે માંહાં,

જે મૂલ ધરમ મેરા માંનેરે નાંહાં-૧૬.
જે નાંમ મેરે બીના અવરૂં કા જાને,
તો કાહેના દોઝખી આપકુ પીછાને-૧૭.
(તરીકત, બયાન ૧૨૦)

સતપંથીઓ ઈસ્લામથી બહાર ગયા હતા તેથી તેમને અસલી (તેઓને માટે નવો) પંથ દેખાડવાની તબ્લીગ પીર મશાયખ (રહે.) કરી હતી. જો આપ (રહે.) શીઆ હોત તો તેમણે નૂરનામાના બયાન નં. ૩૨ અને મકતુલનામા ભાગ-૨ ના બયાન નં. ૫૯૪ માં શીઆ મઝહબવાળાઓને જે સુન્નત જમાતની દાવત આપી છે તે ન આપી હોત. (વધુ માટે જુઓ શિર્ષક નં. ૨૦ નું લખાણ).

(૪૧) જો પીર મશાયખે (રહે.) મોજુદ દિવાન તકીય્યાહથી લખેલું દીવાન હોત તો બીજું કોઈ દીવાન આપને ત્યાં લખેલું અલગ હોવું જોઈતું હતું અને તેની ખબર આપ (રહે.) ના બેટા અબ્દુલ્લાહ જે પીર થવાના હતા તેમને પીર મશાયખ (રહે.) એ પણ જણાવ્યું હોત. પણ તેવું થયું નથી. આપ (રહે.)ના બેટાઓએ ઐતિહાસિક ઘટનાક્રમ ૧૦ અને ૧૨ મુજબ તેર ફસલોને અને સુન્ની અકીદાને સમર્થન આપ્યું છે.

(૪૨) પીર મશાયખ (રહે.)ની વફાત પછી તેરમે વરસે તેમના બેટા ફાઝલ શાહે, અને પંદરમે વરસે તેમના બેટા અબ્દુલ્લાહે દીવાનની તેર ફસલોને સમર્થન આપ્યું છે અને સુન્ની અકીદાના બયાનો લખ્યાં છે. (જુઓ શિર્ષક નં. ૫) જો દીવાન જોરાઈથી લખાવ્યું હોત તો તે વાતની આપના બેટાઓને તો ખબર હોત જ. આપ લખે છે :

''એ દીવાન લીખને કું હય જે રે મુજે નેહા,
ખાલિક કરમસુ સુખ દીજો રે દેહા. ૧
તેરે કરમસુ ઉમ્મીદ પૂરી કીજે,
એ તમામ હોનેકી ખુશાલી રે દીજે . ૨
અને ગમાર હય રેહતે જંગલ રે માંહાં,
વે ગુજરી બના અવર સમજે રે નાંહાં. ૧૬
મુજે ઉસ વાસ્તે હંય કિતાબા રે કરની,
તો સમજન ઉન્હોકી વયસી બોલી મન ધરની. ૧૭''
(નૂરનામા, બયાન ૩૬)

● ● ●

(૪૩) પીર મશાયખે (રહે.) નૂરનામામાં નીચે મુજબની ગઝલો લખી છે તેનો સહારો તકીય્યાહ ની દલીલ કરનાર લઈ શકે છે. તેથી તેનું પણ વિશ્લેષણ અહીયાં કરી લઈએ :

પીર મશાયખ લખે છે :

"તેરે બંદોમેં મંય ફરેબ રે કીતા.
સો દીન નબી કાજ મંય સહી ચંત દીતા. ૬
કાફલા રે દેખા જબ ડુબતા સારા,
તો બહોત ઝુઠબોલા મંય દીન કે આધારા. ૭
ફરેબ રે કીતા કુછ બાકી મંય ના રાખી,
તુજસુ ના છુપા વે બાત ખોલ તો દાખી. ૮
બક્ષનાહારાવે તુ ખાલીક મેરા,
બંદા હું ગુનેગાર હુવા તેરા બહોતેરા. ૯
ઉમ્મીદ મેરા તુ પૂરા રે કીતા,
કે ડુબતે કાફિલે કો હય કિનારા દીતા. ૧૨
ભી ઉમ્મેદ ઈતના હોવે પુરા એ દીવાના,
જે ઈસે સુને વે લાવે રે ઈમાના. ૧૭
અયસી હી રાહાસુ હોવે પૂરા રે દીવાના,
મુજે તવફીક ના દીજે તું અવર રે બયાના. ૨૦"
(નૂરનામા, બયાન ૩૫)

• • •

"પીછે હોવે શરાવક, હિંદુ કે મેસરી,
કે હોવે રે મુનાફિક ટોળી મુમનો કેરી. ૧૬
કે હોવે ઉસે મળીયા દીન કા ચોરા,
તો કુફર ભી ઓસકા તોડું રે બોતેરા. ૧૭
શીઆ મઝહબકા જો કદી રે આવે,
તો સુન્ની કેરી રાહા વે પાવે. ૧૮
ઈતની સમજન હય મુજ માંહાં,
વે નબીકી દોસ્તી મુજસુ રે નાંહાં. ૧૯"
(નૂરનામા, બયાન ૩૨)

**ખાસ નોંધ :-**

(૧) હીદાયતનામાનાં બયાન નં. ૧૫૧ ને નુરનામાનાં બયાન નં. ૩૫ માંથી બેહુ જ લેવામાં આવ્યું છે. તેમાં પણ પીર મશાયખની દીવાન પુરૂ થવાની દુઆ લખાયેલી છે. તેથી તે દીવાનને સત્ય બતાવ્યું છે. નુરનામાનું બયાન નં. ૩૨ જેમાં પીર મશાયખનો અકીદો સ્પષ્ટ છે તેને છોડી દેવાયું છે. (જુઓ શિર્ષક નં. : ૨૦) એકજ કિતાબનું બયાન ૩૨ ના મંજુર અને બયાન નં. ૩૫ મંજુર એવું કેમ બની શકે ?

(૨) હીદાયતનામાનું બયાન નં. ૧૫૧ (જે સીડીઓના બયાનમાંથી છે) તેની કડી નં. ૧૦ અને ૧૧ માં છે કે 'સાચો' મારગ પીર મશાયખથી મેળવો બયાન નં. ૧૫૧ થી ફલિત થાય છે કે સાચો મારગ આપના દિવાન નો છે.

(૩) હીદાયતનામાના બયાન નં. ૬૫ ની કડી નં. ૨૨ માં છે કે 'અમુને તેર ફસલાં કીયાં' એટલે પીર મશાયખનો માર્ગ એ તેર ફસલોનો છે.

**વિશ્લેષણ :**

(૧) ઉપરોક્ત ગઝલો નં. ૩૨ થી ૩૬ પીર મશાયખ (રહે.)ની પહેલી કિતાબ નૂરનામાની ગઝલો છે, પીર મશાયખે(રહે.) આપની ૩૯ વરસની ઉંમરે દીવાન નૂરનામાની ગઝલ નં. ૩૧ થી ફરીથી લખવું શરૂં કર્યું હતું. ગઝલ નં. ૧થી ૩૧ આપે ૩૪ વરસની ઉંમરે લખી પછી લખવું છોડી દીધુ હતું. આ બયાનોમાં તો ફકત અલ્લાહ અને નબી નૂરની તારીફ છે.

(૨) આપે ગઝલ નં. ૩૨ માં શીઆ મઝહબના લોકોને દાવત આપી છે કે જે કોઈ શીઆ મઝહબનો તેમની પાસે આવે તે સુન્ની મઝહબની રાહા પામે. નૂર નામા અકાઈદની ફસલ નથી છતાં આપે તેમની આ પહેલી જ કિતાબ ની શરૂઆત માંજ આવી દાવત આપી છે. જો આપે તકીય્યાહ કર્યો હોત તો પહેલી જ ફસલની શરૂઆતમાં જ આવી ખુલ્લી દાવત ટાળી હોત, અને ઔરંગઝેબના દબાણની વાત ઉપરોક્ત દલીલોથી તો રદ થાય છે.

(૩) આપ નૂરનામાની ગઝલ નં. ૩૫ની પહેલી 'કડી'માં લખે છે કે હે અલ્લાહ મેં તારા બંદાઓમાં ફરેબ કર્યો છે. અને દીન માટે કર્યો છે. લોકોને સીધે માર્ગે લાવવા વ્યક્તિ વ્યક્તિ વચ્ચે આપે અલગ અલગ વાત કરી હોય, અને તેટલું ઝુઠ પણ આપને ખટક્યું હોઈ શકે છે તેથી પ્રથમ તેમણે અલ્લાહ આગળ આઝીઝી કરી છે.

(૪) ધ્યાનથી સમજો કે ઉપરોક્ત ગઝલ નં. ૩૫ અલ્લાહથી આજીજી પણ છે,

અને તે દીવાનની પહેલી કિતાબની શરૂઆત પણ છે. તેથી તે શબ્દો કે 'તારા બંદાઓ માં ફરેબ કર્યો છે', તેનો સંબંધ પહેલી કિતાબ નૂરનામા લખવાની પૂર્વેની ભૂમિકા અને સંજોગો સાથેનો છે. તેનો સંબંધ દીવાન લખવાના સમય ગાળાથી નથી. અને તેનો સંબંધ ફક્ત બંદાઓ વચ્ચેનો છે. આ વાત સાદી સમજ ધરાવનાર પણ સમજી શકે તેવી છે. જો આપે આવું તેમના દીવાન ની વચ્ચે કે અંતે લખ્યું હોતતો શંકા રહી જતી. પણ એવું પણ જણાતું નથી. પૂરા દીવાનમાં કોઈસ્થળે આપનો અકીદો વ્યક્ત કરવાના શબ્દોમાં કોઈ વિરોધાભાસ જડતો નથી. આથી ઉલટું આપે આ પહેલી કિતાબની ગઝલ નં. ૩૨ માં જ સુન્ની હઝહબની દાવત આપી છે.

(૫) ગઝલ નં. ૩૫ ની બેઅત નં. ૮માં આપે લખ્યું છે કે '' હે અલ્લાહ મેં જે કાંઈ કર્યું તેને મેં ખોલી નાંખ્યું છે અને તારાથી તે છુપું નથી'' તકીય્યાહ કરનાર તેની વાતને ખોલતો નથી પણ છુપાવે છે. આપે આ લખાણ પૂર્વેની બનેલી વાતને પણ ખોલી નાંખી છે, અને આઝીઝી કરી છે.

(૬) પીર મશાયખે (રહે.) તકીયાહ કર્યો હોત તો તેનાથી તેમને પોતાને બાદશાહથી બચવાનો ફાયદો થતો હતો પણ સાથે સત્ય છુપાવવાથી તો કાફલો ડૂબી જતો હતો. પણ આપ મજકુર ગઝલોમાં લખે છે કે તેમણે કાફલા ને ડૂબતો જોયો તો તેને બચાવવા દીવાન લખવું વિચાર્યું. અને ડૂબતા કાફલાને તેનાથી કિનારો મળ્યો, વળી આપ બેઅત નં. ૨૦માં લખે છે કે : જે કોઈ આ દીવાન સાંભળશે તે ઈમાન લાવશે. અને હે અલ્લાહ મને એવી તોફીક આપ કે આ હક લખાણ વિના બીજુ કાંઈ ન લખું.

(૭) પીર મશાયખ (રહે.) ગઝલ નં. ૩૬ માં દુઆ માંગે છે કે તેમના રાહાના આ દીવાન લખવાની ઈચ્છાને અલ્લાહ પૂરી કરે. આપ લખે છે કે ગુજરાતમાં વસતા લોકો ગમાર છે. અને ગુજરી શિવાય કાંઈ જાણતા નથી. તેમને વાસ્તે આ દીવાન લખવું પડયું છે, જેથી તેમની ભાષામાં તેઓ સમજે. આપે અહીંયાં દીવાન લખવાનો હેતુ અને તેમની રાહા પણ સ્પષ્ટ કરી દીધી.

(૮) આપ (રહે.)ની આ પ્રથમ કિતાબ નૂર નામાની ૩૭ મી ગઝલથી લઈને તેરમી ફસલની આખર સુધીમાં કોઈ પણ કિતાબોમાં પીર મશાયખે (રહે.) દીની અકીદાનો વિરોધાભાસ જણાય એવું કયાંય લખ્યું નથી.

મોમીન ભાઈઓ ! આપે ઐતિહાસિક સત્યોથી જોયું કે કોમમાં જે છેલ્લા બે ફેરફારો થયા છે તે એક સદીની અંદરના છે. એટલે જ પોતાને શીઆ જાફરી

કહેનારાઓને મશાયખી ટાઈટલથી પ્રેમ બાકી છે. જો આ ખરો પ્રેમ હોય તો આપની ૧૩ ફસલોને પૂર્વગ્રહ રાખ્યા વગર વાંચી જાઓ અને પછી નિર્ણય કરો કે આપનું દિવાન સ્વયં સ્ફુરિત છે કે પ્રેરિત છે.

તેર ફસલોને ન પઢવાનું કહેનાર અજ્ઞાન, અણસમજુ કે દુરાગ્રહી હોઈ શકે છે, માટે પોતાની ફીકર કરી દીવાન પઢો.

**જો દીવાન વાંચ્યા પછી પણ તમને તેની સત્યતા સમજમાં ન આવે તો તમને તેને માનવા માટે મજબૂર કરનાર કોઈ ચોકીદાર કે સત્તાધીશ તમારી ઉપર કયાં મુકર્રર છે ?**

ઐતિહાસિક ઘટનાક્રમ (શિર્ષક નં. ૫), બાદશાહ ઔરંગઝેબ(શિર્ષક નં. ૬) અને ઓરંગઝેબની બીકથી કરેલો કહેવાતો તકિય્યાહ (શિર્ષક નં. ૭) એ ત્રણેનાં ભેળા વાંચન પછી એ વાત સમજમાં આવી હોય કે પીર મશાયખે તકિય્યાહ કર્યો નથી, તો હવે, વાંચકને હવે પછી આવતાં શિર્ષકો નં. ૮ થી ૨૨ સમજવાં તદ્દન સરળ રહેશે.

• • •

## ૮
## ચાર યારી

નબી સાહેબ (સ.અ.વ.)ના દુનિયાથી પરદે થયા પછી ઈસ્લામી ઈતિહાસ ખુલ્ફાએ રાશેદીનથી શરૂ થાય છે. માટે હવે આ લખાણમાં 'ચાર યારી'ની ચર્ચા પ્રથમ લેવાઈ છે. તે જમાનાને ખૈરૂલ કુરૂન (જમાનાઓમાં શ્રેષ્ઠ) કહેવામાં આવે છે. નબી સાહેબ (સ.અ.વ.) પછી પહેલા ખલીફા હઝરત અબુબકર, બીજા હઝરત ઉમર, ત્રીજા હઝરત ઉસ્માન અને ચોથા હઝરત અલી (રઝી અલ્લાહુ અન્હુમ) છે.

પીર મશાયખ (રહે.)નો અકીદો આ ચારેય ખુલ્ફાએ રાશેદીનને બરહક (સત્યપર) માનવાનો છે. જ્યારે કે શીઆ લોકો પહેલા ત્રણ ખુલ્ફાએ રાશેદીન થી તિરસ્કાર રાખે છે. ફક્ત સુન્નીઓ જ ચારેય ખુલ્ફાએ રાશેદીનને બરહક માને છે. પીર મશાયખ (રહે.) પણ ચાર યારીને બરહક માને છે. તેથી આપ (રહે.)નો મઝહબી અકીદો સુન્ની હતો. આપ (રહે.) લખે છે :

**(૧) ચાર યારીની બુઝુર્ગી :**

**આપ લખે છે :**

''ચાર યારી ખાતિમ કેરે રે, તમે સુનો રે;
ચાર યારી હોનેમેં બડાઈ રે, તમે સુનો રે.
તારીફ બુઝો ચારો કેરી રે, તમે સુનો રે;
જુદી જુદી અનેરી રે, તમે સુનો રે.''

*(આખર નબી (સ.અ.વ.)ના ચાર યારીઓની બુઝુર્ગી છે. તમે તેઓની નાંખી નાંખી તારીફ સાંભળો)*

પીર મશાયખ (રહે.) ચારેય ખુલ્ફાએ રાશેદીનની અલગ અલગ તારીફો દીવાને મશાયખની સાતમી ફસલ (ખુલ્ફાએ રાશેદીન)માં લખી છે. તેને વાંચકે અવશ્ય વાંચવી જોઈએ.

નોંધ : (હવે પીર મશાયખ (રહે.)ની કાવ્ય પંક્તિઓમાં જ્યાં જ્યાં એક જ વાતનું પુનરાવર્તન છે તે કાવ્ય પંક્તિને લખાણ વધતું અટકાવવા છોડી દીધી છે).

આપ (રહે.) લખે છે કે :

''સો નબીજી કે અસ્હાબી રબે બુઝુર્ગ કીતે,

સબ આલમ કે ઉપર બહોત રૂતબે દીતે - ૬
ભી ઉનમાંહીથી ચાર બુઝુર્ગ કહીયે,
જે સહાબી નબીકે સુનકર લહીએ - ૭
સો અબુબકર, ઉમર નામ રે જાનો,
અને ઉસ્માન અલી ચારોએ પિછાનો - ૮''
(ખૂલ્ફાએ રાશેદીન, બયાન : ૯૩૫/૩)

(નબી સાહબ (સ.અ.વ.)ના અસહાબોને અલ્લાહે પૂરી દુનિયા ઉપર રૂતબો આપ્યો છે. તેમાંથી ચાર અસહાબી હઝ. અબુબકર હઝ. ઉમર, હઝ. ઉસ્માન અને હઝ. અલી (રઝી. અનહુમ)ને અલ્લાહે બુઝુર્ગી બક્ષી છે.)

**(૨) કોઈ એક યારીની દુશ્મની કરનારના હાલ :**

આપ (રહે.) લખે છે.

''પીછે ચાર માંહે કીસે દુશ્મન જાને,
કે ચાર માંહે કીસી પર ગુસ્સા મન આને - ૬
કહ્યા ઉસકી કબૂલના હોવે નમાઝા,
ના રોઝે કબૂલ રબને કીયા યું અવાઝા - ૭
અન હોવે જબ હશર કયામત દંના,
વે નીકલે બહાર ગોર કે મંના - ૮
તબ તુરત જ દોઝખમાં વે ડાલે જાવેરે,
તિલ ફુરસત ગોરથી ના નીકલને પાવેરે - ૯''
(ખુલ્ફાએ રાશીદીન, બયાન : ૯૩૬/૪)

(જે કોઈ ચાર ખુલ્ફાએ રાશેદીન માંથી કોઈ એકને પણ દુશ્મન ગણશે, કે તેની ઉપર દાઝે બળશે તો અલ્લાહ તેની નમાઝ પણ કબૂલ કરશે નહિ તેઓ જયારે કયામત દિને કબરમાંથી ઉઠશે ત્યારે તેમને તરત જ દોઝખમાં નાંખવામાં આવશે.

પીર મશાયખ (રહે.) લખે છે :

''હય ચાર યારી હોના સુનો દીન કે ભાઈરે,
સુન્નત જમાત અકીદા એ સુનીયો સવેરે - ૯
સો યાર સે ચારૂંકી સીફત પિછાનો,
સો ખુલ્ફાએ રાશેદીન નામસુ જાનો - ૧૦''
(ખુલ્ફાએ રાશેદીન બયાન : ૯૭૨/૪)

(ચારેય ખુલ્ફાએ રાશેદીનથી પ્રેમ રાખો. એમ કરવું એ સુન્નત જમાતનો અકીદો છે. ચારેય ખુલ્ફાએ રાશેદીનની સીફતોને જાણો.

**(૩) હવઝે કવસર પર ચારેય ખુલ્ફાએ રાશેદીન :**

પીર મશાયખ (રહે.) નબી સાહેબ (સ.અ.વ.)ની હદીષ બયાન કરે છે :

''કહ્યા હવઝે કૌસર કુ હય ચાર કિનારે,
ચારોં ખુલ્ફાએ રાશેદીન કે હવાલે - ૭
હૈ પહેલા તે કિનારા અબુબકર કે નામ,
અને ઉમર કે હવાલે હય દૂજી રે ઠામ - ૮
અને ઉસ્માન હવાલે તીજારે કિનારા કીતા,
અને ચોથા કિનારા અલી કુ દીતા - ૯''
(ખુલ્ફાએ રાશેદીન, બયાન : ૬૩૭/૫)

• • •

''જેને ઉસ્માન સેતી દાવા રે કીતા,
ઉસે અલીને પાણી ના પીને રે દીતા - ૪
અને અલીસુ દાવા જેનું મન ધરિયા,
ઉસે ઉસ્માન પાણી મને રે કીતા - ૫
જે કો' દુરીજન હોવડા કીસી એક કી ઝાતી,
સહી ચાર યારોં દિલ વે હય દુશ્મની આતી - ૯''
(ખુલ્ફાએ રાશેદીન, બયાન : ૯૩૮/૬)

• • •

**''ખુલ્ફાએ રાશેદીન કેરડી, કરને ઘર મન રીતરે,**
**તો શફાઅત તેરી વે કરે, ધર મનમાં પીતરે;''**
(ખુલ્ફાએ રાશેદીન, બયાન : ૯૪૨/૧૦)

• • •

(નબી સાહેબ (સ.અ.વ.)ની હદીષ છે કે હવજે કવસરના ચાર કિનારા છે. તેમાંથી એક કિનારો હઝરત અબુબકર ને હાથ, બીજો કિનારો હઝરત ઉમરને હાથ, ત્રીજો કિનારો હઝરત ઉસ્માનને હાથ અને ચોથો કિનારો હઝરત અલી (રઝી. અનહુમ) ને હાથ છે. જે હઝરત ઉસ્માન(રઝી.) થી દુશ્મની રાખશે તેને હઝરત અલી (રઝી.) તેમાંથી પાણી નહિ આપે, અને જેણે હઝરત અલી (રઝી.) થી દુશ્મની રાખી તેને હઝરત ઉસ્માન (રઝી.) તેમાંથી પાણી નહિ

આપે. જે કોઈ એકનો દુશ્મન હશે તેને બીજા અસ્હાબો હવજે કવસરમાંથી પાણી નહિ આપે).

**(૪) હઝરત અલી (રઝી.) ના દોસ્તો કોણ ?**

પીર મશાયખ (રહે.) લખે છે :

"ફીર અલીને ઈતના કહકર દાખા,
સુન સુન મન માંહી દાખા - ૯
દુશ્મની અબુબકર ઉસ્માન કેરી,
અને દોસ્તી મેરી રાખે કો અનેરી - ૧૦
**એ મોમીન કે દિલમાં હોવે એકઠા નાંહાં,**
કે ઓનું કી દુશ્મની મેરે દોસ્તમાંહાં - ૧૧
કે દોસ્ત જો મેરા સબુ હો કેરા,
ઈતના અલીને કહ્યા રે સવેરા - ૧૨"
(ખુલ્ફાએ રાશેદીન, બયાન : ૯૪૩/૧૧)

(હઝ. અલી (રઝી.) એ કહ્યું કે જે કોઈ હઝરત અબુબકર (રઝી.) અને હઝરત ઉમર (રઝી.) થી દુશ્મની રાખે અને સાથે સાથે મારી દોસ્તી રાખે એ બે વાતો મોમીનના દિલમાં એકઠી રહી શકી નહિ. જે મારો દોસ્ત હોય તે બધાય ખુલ્ફાએ રાશેદીનનો દોસ્ત હોય)

**(૫) હઝરત અલી (રઝી.)નું હઝરત અબુબકર (રઝી.)ની ખીલાફત ને સમર્થન :**

પીર મશાયખ (રહે.) લખે છે :

હઝરત અબુબકર (રઝી.) એ કહ્યું :

"કભી ખીલાફત મેરી તમુ ભાવે રે નાંહાં,
ના રાજી મંય હોવું અયસી ખીલાફત માંહાં - ૩"

• • •

તેના જવાબમાં હઝ. અલી (રઝી.)એ કહ્યું :

"બયત તમુસુ કરને નાંહી ખતરા આતા,
બયત તમુસુ કરના હય દિલકુ ભાતા - ૭
યું તીન બાર અલીને દીયારે અવાઝા,
સો સબુકુ સુનાયા, હમ દીલ કુ ભાતા - ૮
અબુબકર બેહતર બાજ નબીયોં કી જાનો,

યું અલીને કહ્યા સો સુનકર જાનો - ૧૪"

(ખુલફાએ રાશદીન, બયાન ૯૪૮/૧૬)

(હઝ. અબુબકર (રઝી.) એ કહ્યું કે જો મારી ખીલાકત તમને ન ગમે તો હું એવી ખીલાફતથી રાજી નથી. તેના જવાબમાં હઝરત અલી (રઝી.) એ ત્રણ વાર કહ્યું કે તમારી ખીલાફતની બયત લેવું મને ગમે છે. અને તે વાતને બધાયે ત્રણવાર સાંભળી હઝ. અલીએ કહ્યું કે નબીઓ પછી હઝ. અબુબકર જ શ્રેષ્ઠ છે).

**(૬) પીર મશાયખ (રહે.) ખુલ્ફાએ રાશેદીનથી મુહબ્બત માટે દુઆ માંગે છે :**

''સો મંય ભી અવર સબ મુસલમાનાં,
તું કરમ સુ ઈલાહી કર નેક રે શાનાં - ૫
હય તાબે હોવે સિદ્દીક અકબર કેરે,
તેરે કરમ સુ ઉમ્મીદવાર હમ અનુ કેરે - ૬
સિદ્દીક મહોબત દિલ હમારે આવે,
હય ઉમીદ કે તવફીક બહોત આપસી તુ દિલાવે - ૭
યા ઈલાહી આલમીન કર કરમ તુ તેરા,
બોલ દુઆ હો કેરા કર કબૂલ મેરા - ૮
સુનો દીન કેરે ભાઈ હોઓ સુન્નત જમાતા,
સો અયસી રબ અનુકી સુન સુન બાતા - ૯
ચાર યારી હોઈએ ઐસા અકીદા કરના,
સો ખુલફાએ રાશેદીન સુ નેહ મન ધરના - ૧૦''

(ખુલ્ફાએ રાશેદીન, બયાન ૯૬૦/૨૮)

**(૭) હઝરત અલી (રઝી.) ની મોટા અસ્હાબોથી મુહબ્બત :**

મિશ્કાતુલ મસાબીહમાં છે, અને જેનું બયાન આપે (રહે.) કર્યું છે કે એકવાર હઝ. અબુબકરની નજર હઝરત અલી (રઝી.) ઉપર પડતાં હઝ. અબુબકરે (રઝી.) તબસ્સુમ (સ્મિત) કર્યું, તેનો જવાબ હઝ. અલી (રઝી.) એ પૂછતાં હઝ. અબુબકર (રઝી.) એ કહ્યું કે તેમણે નબી સાહેબથી સાંભળ્યું છે કે :

''કહ્યા પુલ સિરાત પર કો' ચલના જાવે,
સો અલી કે લીખે બીના કોમ જા ના રે પાવે - ૭''

ત્યારે હઝ. અલી (રઝી.) એ વળતું સ્મિત કરીને કહ્યું :

''કહ્યા અબુબકર બશારત હૈ તમના,
મુજે નબીજીને કહા એક દંના - ૧૧

કહ્યા અબુબકરકે દોસ્તુ હે લિખા રે દેના,
કે વે ચલે પુલ સિરાત કે મંના - ૧૨
દુરીજન ઓનું કે લિખારે ના દેના,
યું અલીને કહા નબી હદીષ કે મંના - ૧૩"
(ખુલ્ફાએ રાશેદીન, બયાન : ૯૫૧/૧૯)

(હઝરત અબુબકર (રઝી.) કહે છે કે નબી સાહેબ(સ.અ.વ.) કહ્યું કે, હઝ. અલી (રઝી.) ની ચિઠ્ઠી વગર કોઈ પુલ સિરાત પાર નહિ કરી શકે. હઝ. અલી(રઝી.)એ પણ કહ્યું કે નબી સાહેબે એક દિવસ તેમને પણ કહ્યું કે હઝ. અબુબકરના દોસ્તોને આવી ચિઠ્ઠી લખી આપજો, અને હઝ. અબુબકર (રઝી.)ના દુશ્મનોને આવું લખાણ આપતા નહિ), એવું નબી હદીષમાં છે.

**(૮) હઝરત ઉમર (રઝી.) ની હકપરસ્તી વિષે હઝરત અલી (રઝી.)નો ખુતબો :**

**હઝ. અલી (રઝી.)એ કહ્યું કે અલ્લાહના રસુલે (સ.અ.વ.) ફરમાવ્યું કે :-**

"નાં કેવે કુછ ઉમર દિયા અલીને જવાબા,
મગર હોવે જે હક તે કહતે રે સિતાબા - ૧૦
કે જુબાંને હાથ ઉમર રે કેરે,
રબ હક્ક ઉપર કીએ જાહીર સવેરે - ૧૧
કે જારી રહેગા ઓનું હક્કકા કામા,
યું અલીને જવાબા દીતા ઓનું ઉસ ઠામા - ૧૨"
(ખુલ્ફાએ રાશેદીન, બયાન : ૯૫૧/૧૯)

(હઝરત અલી (રઝી.) એ નબી (સ.અ.વ.) ની હદીષ તેમના ખુતબામાં કહી કે હઝ. ઉમર (રઝી.) હક વાતની શિવાય કાંઈ નથી કહેતા, અને તેમની જીભ અને હાથ ને અલ્લાહે હક ઉપર કાયમ રાખ્યા છે. તેમણે કહ્યું કે હઝ. ઉમર (રઝી.)થી હકના કામો થતાં રહેશે)

પીર મશાયખ (રહે.) લખે છે :

"અલીને ફરમાહીયા, સુન કેસે બયાના,
જો તુ જે ઓનુકા ચાવહે, સુન રાખ મંના
અબુબકર ઉમર કા દુરીજના વે હે દુશ્મન મેરા,
અલીને યું ફરમાહીયા સુન લીજીઓ સવેરા."
(ખુલ્ફાએ રાશેદીન)

(હઝરૂ અલી (રઝી.) એ ફરમાવ્યું કે જે તેમનાથી મુહબ્બત રાખે છે તે સાંભળી લે કે જે અબુબકર અને ઉસ્માન (રઝી. અનહુમ) નો દુશ્મન છે તે હઝ. અલી (રઝી.) નો પણ દુશ્મન છે).

**(૯) હઝ ઉસ્માન (રઝી). ના રક્ષણ માટે હઝ. ઈમામ હસન (રઝી.) :**

જ્યારે હઝરત ઉસ્માન (રઝી.)ના ઘરને દુશ્મનોએ ઘેરો નાંખ્યો ત્યારે તેમના રક્ષણ માટે હઝ. અલી (રઝી. એ ઈમામ હસન (રઝી.) ને મોકલ્યા હતા અને તેમને માટે શરબતનું મીઠુ પાણી મોકલ્યું હતું.

પીર મશાયખ (રહે.) લખે છે :

''ઓનું બેટે આપકે ઈમામ હસન ભેજાયે,
સૌ ઉસ્માન પાસ ભેજે રે સુનાએ - ૧
સો શરબતકા મીઠા પાની રે ભેજાયા,
સૌ ઓનું જાકર વે પાણી રે પિલાયા - ૩''
(ખુલફાએ રાશેદીન, બયાન : ૧૦૦૫/૭૩)

**(૧૦) હઝરત અલી (રઝી.) ના દુશ્મનોની વલે :**

નબી સાહેબે (સ.અ.વ.) કહ્યું :

''કે હય અલી કે દુશ્મન ખારજી નામા,
વે દોઝખકે કુત્તે દોઝખ કે ઠામાં - ૯
હવે અલીકે દુશ્મન હવજે કવસર સે દૂરી,
ગાલી અલીકુ જે દેવે કરી રીસ રે પૂરી - ૧૦
સહી હવજે કવસર સુ ઉસે દૂર રે રાખા,
એ અલીકે દુશ્મનુ હક નબીને આખા - ૧૧''
(ખુલ્ફાએ રાશેદીન, બયાન : ૧૦૨૩/૯૧)

(ખારજીઓ હઝ. અલી (રઝી.)ના દુશ્મનો છે તેઓ દેઝખી છે અને તેમને હવજે કવસરથી દૂર રાખવામાં આવશે)

**(૧૧) પીર મશાયખ (રહે.) ખુલ્ફાએ રાશેદીનથી મુહબ્બતની દુઆ માંગે છે.**

''કે ખુલ્ફાએ રાશેદીન કેરા નેહરે આવે,
અને સિફત ઓનુકી નીત દિલમાં હે લાહે - ૫
યું ચાતા હેં બંદા તેરે કરમસુ સાંહી,
કે ખતરા દિલમાં આવે રે નાંહી - ૬
જે રાફઝી કેલાતે હય જગ માંહાં,

કે શેખેન કી ખૂબી ઓનું ભાવે રે નાંહાં - ૮
ઓનું ટોળીથી પના દીજીયો ઈલાહી,
કે સાફ હોવે દિલ ના આવે ગુમરાહી - ૯
કે ખારજી ટોલા હય જે કેલાતા,
કે ખુતનું સેતી નાંહી નેહરે લગાતા - ૧૦
ઈસ ટોલેથી ભી પનાહમાં રાખીએ સવેરી,
જો નબીજી કી દોસ્તી દુઆ કબૂલ ને મેરી - ૧૧"
(ખુલ્ફાએ રાશેદીન, બયાન : ૧૦૪૯/૧૧૭)

**(૧૨) ફત્હે મક્કા વખતે હઝ. અલી (રઝી.) નું મૂર્તિઓ તોડવું :**

ખાનાએ કાબાની મૂર્તિઓ તોડવા હઝ. અલી (રઝી.)એ નબી સાહેબે (સ.અ.વ.)ને તેમના ખભે ચડવા કહ્યું તો આપે (સ.અ.વ.) કહ્યું કે હઝ. અલી (રઝી.) નબુવતનો ભાર ઉપાડી નહી શકે. આપ લખે છે :

''કહ્યા નબીજીને મુજે હે, ભાર નબુવત કેરા,
તમો અલી ઉસકુ ઉંચા, સકો ના અનેરા - ૧
તો મેરે ખભે પર ચઢો, નબીજીને આખાં,
અને બુતાં કો ગીરાહો, યું હુકમ દાખા - ૨"

નબી સાહેબે આવું કામ મુર્તિઓ તોડવાના ઉતાવળ કરવા માટે કહ્યું હતું. પીર મશાયખ (રહે.) લખે છે :

''નહીં તો નીસરણી, કુછ રે મંગાતે,
અને બુતાં ઓસકુ ચડને ગીરાતે - ૮"
(ગઝવાત, બયાન : ૪૩૭/૧૩૭)

**(૧૩) હઝ. અબુબકર (રઝી.) ગારે હીરાના સાથી :**

જ્યારે નબી સાહેબે મક્કાથી હીજરત કરી ત્યારે ફકત હઝ. અબુબકર (રઝી.)જ આપની સાથે હતા. હઝ. અબુબકર (રઝી.) નબી સાહેબના પગલાં નાં નિશાનો જમીન પર ન પડે તે માટે નબી સાહેબને પોતાના ખભા ઉપર ઉંચકી ગારે હીરા સુધી લઈ ગયા હતા. તેથી નબી સાહેબે (સ.અ.વ.) કહ્યું :

''કહ્યા પેહલે પહલ બહીશ્તમાં જે જાવે રે જાતી,
સો એ સીદીક તમ હો યું કહી રે બાતી - ૭
કે અબુબકર ગારમાં થે નબીજી કે સાથા,
ઓનું હો લૈ ચલો પકડને હાથા - ૧૦

*અબુબકર કે હાથકુ વે પકડલે જાવે,*
*સો કદમ એક નબીસુ આગે રે ચલાવે - ૧૧"*
*(ખુલ્ફાએ રાશેદીન, બયાન : ૯૫૨/૨૦)*

*(નબી સાહેબે (સ.અ.વ.) કહ્યું કે જે કોઈ પહેલું જન્નતમાં જશે તે હઝ. અબુબકર (રઝી.) હશે. જેઓ ગાર માં નબી સાહેબની સાથે હતા. હુકમ થશે કે હઝ. અબુબકરનો હાથ પકડી નબી સાહેબથી એક કદમ આગળ રાખી જન્નતમાં લઈ જાઓ)*

*કેટલાક લોકો આળ મૂકે છે કે હઝ. અબુબકર (રઝી.) છુપાઈને હીજરત કરી. પણ એ નથી વિચારતા કે નબી સાહેબે (સ.અ.વ.) પણ છુપાઈને હીજરત કરી હતી. આ 'છુપાવું' બુઝદીલી ન હતી પણ રક્ષણ માટે હતું.*

કુર્આનની સુરહ તવબાહની આયત નં. ૪૦માં અલ્લાહ નબી સાહેબ(સ.અ.વ.)ને સંબોધીને કહે છે કે "ગારમાં તમારી સાથે એક બીજો હતો જે ડરી રહ્યો હતો, અને તમે કહી રહ્યા હતા કે ડરો નહી, અલ્લાહ આપણી સાથે છે."

એ જગ વિખ્યાત વાત છે કે ગારે હિરામાં નબી (સ.અ.વ.) ની સાથે હઝરત અબુબક્કર (રઝી.) હતા. જેનું વર્ણન અલ્લાહ તેના કલામમાં કરે તેનું બેહુદુ વર્ણન એક મોમિનના મુખે શી રીતે થઈ શકે ?

સુરહ તવબાહની આયત નં. ૧૦૦માં અલ્લાહ કહે છે કે "અવ્વલીન (પ્રથમના)માંથી જેણે હિજરત કરી અને નુસરત કરી અને તેમની રીતની જેણે પેરવી કરી તેઓથી અલ્લાહ રાજી થઈ ગયો, અને તેઓ અલ્લાહથી રાજી થઈ ગયા."

એ વાત પણ જગ વિખ્યાત છે કે આપ (સ.અ.વ.)ની સાથે હિજરત કરનાર પ્રથમ હઝરત અબુબક્કર (રઝી.) હતા. આપ બેઉ જણા ગારમાં છુપાયા હતા. હઝરત અલી (રઝી.) આપ (સ.અ.વ.)ની સુચના થી આપની અમાનતોની વ્યવસ્થા કરવા રોકાઈ ગયા હતા, અને પાછળથી હિજરતી કાફલા સાથે થઈ ગયા હતા. જેનાથી રાજી થઈ ગયાનું અલ્લાહ તેના કલામમાં વર્ણન કરે તેનાથી એક મોમિન શી રીતે નારાજ હોઈ શકે ?

**(૧૪) નબી સાહેબની બેટીઓના હઝરત ઉસ્માન (રઝી.) નિકાહથી :**

*નબી સાહેબનાં બેટી હઝ. રૂકૈયા (રઝી.અન્હા)ના નિકાહ હઝરત ઉસ્માન (રઝી.) સાથે થયા હતા. તેમની વફાત પછી નબી સાહેબનાં બીજાં*

બેટી હઝ. ઉમ્મે કુલસુમ (રઝી. અન્હા) ના નિકાહ હઝ. ઉસ્માન (રઝી.) સાથે થયા હતા. આપ લખે છે :

''સુનો અમીરૂલ મોમીનીન ઉસ્માન રે કહીએ,
રઝીઅલ્લા અનહો, અનું નામ સું લહીએ - ૧
બીબી રૂકૈયા કા અનુસુ બયાહ થા કીતા,
હે મેં સહી કર લિખા, દેખ કિતાબું જે લીતા - ૨
ઉમ્મે કુલસુમ ઓનું બાજ, થે રે બયાહે,
સો ઉસ્માન સેતી, સહી લખે સુ પાયે - ૩''
(મકતુલનામા ભાગ-૨, બયાન : ૫૩૮/૨૩૧)

(નોંધ : આ બયાન મકતુલનામાના બયાનોની વચ્ચે છે તેથી તે પઢાતું હશે અને સમજાતું પણ હશે (કાંતો છોડી દેવાતું હશે))

આજ વાતને પીર મશાયખે (રહે.) ગીરદીયહમાં દોહરાવી છે. જેમકે,

''દેખો નબીજી કી તીજી બેટીરે જાનો,
સો રૂકય્યાહ નામસુ, સહીરે પિછાનો - ૧
રઝીઅલ્લાહ અન્હા હય રે કેના,
જબ નામતો અનુકા હય રે લેના - ૨
ઉસ્માન બીન અફફાન સેતીરે બીઆએ,
રઝીઅલ્લા અન્હો ઓનું નામ સંગ લહીએ - ૩''
(ગીરદીયાહ, બયાન ૬૪૪/૧૭૪)

• • •

''ઉમ્મે કુલસુમ બેટી નબીજી હો કેરી,
એ ચોથી બેટી સુનીયો સવેરી - ૧
સહી ઉસ્માન સેતી એ બીબી થે બીઆએ,
જબ બીબી રૂકૈયા વફાત રે પાયે - ૨''
(ગીરદીયાહ, બયાન : ૬૫૦/૧૧૬)

(નબી સાહેબ (સ.અ.વ.)નાં ત્રીજાં બેટી રૂકૈયા(રઝી.)ના નિકાહ હઝ. ઉસ્માન (રઝી.) સાથે થયાં હતા, અને હઝ. રૂકૈયા (રઝી.)ની વફાત પછી આપના ચોથા બેટી બેટી હઝ. ઉમ્મે કુલસુમ સાથે હઝ. ઉસ્માન (રઝી.)ના નિકાહ થયા હતા.

**(૧૫) હઝરત ફાતીમતુઝઝહરા (રઝી.)ની બેટીના નિકાહ હઝરત ઉમર(રઝી.) થી :**

હઝ. ફાતેમા (રઝી.)નાં બેટી હઝરત ઉમ્મે કુલસુમ (રઝી. અન્હા)ના નિકાહ હઝ. ઉમર (રઝી.)થી થયા હતા પીર મશાયખ (રહે.) લખે છે :

''ઉમ્મે કુલસુમ બેટી ફાતેમા કે જાનો,
સો તીજી રે બેટી ઉસ નામ સે પિછાનો - ૫
સો ઉમર બીન ખત્તાબ નામ રે કહીએ,
રઝીઅલ્લા અન્હો સુનકર લહીએ - ૬
સો ઉમ્મે કુલસુમ ઓનુ થી બીયાએ,
જે ઉમર રે ફારૂક નામ સુ કેલાએ - ૭''
(ગીરદીયહ, બયાન ૬૪૭/૧૧૩)

નબી સાહેબના નિકાહમાં હઝ. અબુબકર (રઝી.) અને હઝ. ઉમર (રઝી.) ની બેટીઓનું હોવું, નબી સાહેબની બેટીઓનું હઝરત ઉસ્માન (રઝી.) અને હઝ. અલી (રઝી.)ના નિકાહમાં હોવું અને હઝરત ફાતીમા (રઝી.)ની બેટીનું હઝરત ઉમર (રઝી.)ના નિકાહમાં હોવું એ બંધનોને કોણ ભુંસી શકશે? સોચ વિચાર કરનાર માટે આટલા સંબંધો જ પુરતા છે. આ સંબંધો ફક્ત દિવાને મશાયખમાં જ નહી પણ ઈતિહાસમાં નોંધાઈ ગયા છે.

**(૧૬) નબી સાહેબ (સ.અ.વ.) ના રફીકોમાં ત્રણ ખુલફાએ રાશેદીન :**

પીર મશાયખ (રહે.)નબી સાહેબના રફીકો (દોસ્તો) ના બયાનમાં લખે છે :

''સુનોરે અબુબકર સીદીક રઝી. અલ્લાહ કહીએ,
એક તો ઓનુ કુ સહી કર લહીએ - ૫
ઉમર ખત્તાબ રઝીઅલ્લા અનહો કહીએ,
ભી દુજે તો અનુકુ, સહીરે પેછાનો - ૬
અને મુરતુઝા અલી, રઝીઅલ્લા અનહો કહીએ,
સુનો તીજે તો અનુકુ, સહી કર લીજે - ૭
અને અમીર હમજા, ચોથે રે જાનો,
અને જાફર પાંચમે, સુનને પેછાનો - ૮''
(વિસાલનનમા, બયાન : ૮૦૯/૩૧)

આ રીતે આપ (રહે.) એ નબી સાહેબના ૧૨ રફીકોનું ઉપરોક્ત બયાનમાં વર્ણન કર્યું છે.

**(૧૭) પીર મશાયખ ની મુહબ્બત ખુતનેનથી :**

પીર મશાયખ (રહે.) લખે છે :

અને ખુતનેન સેતી, હમ દોસ્તી હૈ કરતે,
તો કામ વેસે કેરી, રીત મન હે ધરતે - ૧૩
અબ સમજને કીજે, તું હમનાં બાતી,
દેખ દીનકાજુ હમુકુ નાંહી મુરવ્વત આતી - ૧૪
મત સમજે બના, બોલ ગુસ્સા રે ચઢાવે,
કયુનાં તૌબા કર ઈતના, મનમાંહી લાવે - ૧૫"
(વિસાલનામા, બયાન : ૮૧૦/૩૨)

(અમને નબી સાહેબના જમાઈઓથી પ્રેમ છે, એટલે કામ પણ તેમના જેવા કરીએ છીએ. તેથી તમે અમારાથી સમજીને વાત કરજો. તમે ભલે અમારા સંબંધી રહ્યા, દીનની ખરી વાત કરવામાં અમે શરમાતા નથી.)

**(૧૮) હુજજતુલ વિદાઅ :**

હજજતુલ વિદાઅના ખુતબામાં નબી સાહેબે (સ.અ.વ.) 'અલ યવમ અકમલતુ લકુમ દીન કુમ' એ આયાત પઢી તો બધા અસ્હાબે કિરામ ખુશ થઈ ગયા, પણ સીદીકે અકબર (રઝી.) ગમગીન થયા કે આ આયતથી એ ખબર છે કે નબી સાહેબ હવે દુનિયા થી વિદાય લઈ રહ્યા છે, અને હવે આપણે એમને મળી શકીશું નહિ.

પીર મશાયખ (રહે.) લખે છે કે :

"તબ અસહાબી સારે ખુશ હાલ તાએ,
અને સીદીકે અકબર, ગમ માંહી ગહે - ૬
સો રોને રે લાગે, નેના ભરભર,
એ બયાન હો સેતી, ગમ રે મન ધર - ૭
તબ સીદીક ને કહ્યા મત પૂછો મુજે બાતી,
ઈસિ બયાન સુ ખબર હે, એસી રે દેખાતી - ૯
અબ નબીજી સુ મલના, નાંહી હોવે રે તમારા,
સહી એસા સોચ, દલ મેરે સવારા - ૧૨"
(વિસાલનામા, બયાન : ૮૩૮/૬૪)

**(૧૯) નબી સાહેબે (સ.અ.વ.) દુનિયાથી વિદાય થવા પહેલા હઝ. અબુબકર સીદીક (રઝી.) થી નમાઝ પઢાવવાનું કહ્યું હતું :**

"તબ મુબારક જબાંસુ, એતા હુકમ પઢાયા - ૨
કે અબુબકર સીદીક કુ કહો, નમાઝ કરાવે,

સો જમાત હો સેતી, મસ્જીદમાં આવે - ૩"

જ્યારે આયશા (રઝી.) એ કહ્યું કે હઝ. અબુબકર (રઝી.) નબી સાહેબની ગેર હાજરી સાલતાં નમાઝ નહી પઢાવી શકે તો નબી સાહેબે ફરીથી કહેવડાવ્યું કે :

"અબુબકર કા નામ ફેર, નબીજી ને લીતા,
કહો નમાઝ વે કરે, યું હુકમ રે દીતા - ૮"
(વિસાલનામા, બયાન : ૮૪૫/૭૨)

**(૨૦) યઝીદની બયતથી ઈન્કાર કરનારાઓ ખુલફાએ રાશેદીનના બેટાઓ:**

જ્યારે મદીના વાસીઓએ યઝીદની બયત લીધી ત્યારે ચાર માણસોએ તેની બયત લીધી ન હતી જેઓ છે : (૧) હઝ. ઈમામ હુસેન, (૨) હઝ. અબુબકર (રઝી.) ના બેટા અબ્દુરર્હમાન (૩) હઝરત ઉમર(રઝી.)ના બેટા અબ્દુલ્લાહ અને (૫) હઝ. જાબીરના બેટા અબ્દુલ્લાહ (રઝી. અન્હુમ). પીર મશાયખ લખે છે :

"પણ ચાર રે તનોને મુંહ બેતથી ફેરાયા,
ખુશ એ કોલ કરના અનું દલરે આયા - ૩
એક તો હુસેન બીન અલી રે જાનો,
અબુબકર કે બેટે, અબ્દુર્રહમાન રે જાનો - ૪
પીછે ઉમર કે બેટે અબ્દુલ્લાહ રે કહીએ,
રઝીઅલ્લા અન્હુમ ઓનું સાથ લહીસએ - ૫
થે જાબીર કે બેટે ચોથે રે કહીએ,
સો અબ્દુલ્લા નામસુ સહી રે સોણાએ - ૬"
(મકતુલનામા ભાગ - ૧ બયાન : ૬૮)

નોંધ : આ બયાન મકતુલનામાની શરૂઆતમાં આવે છે.

**(૨૧) ખુલ્ફાએ રાશેદીન નાં નામો હસનૈના ભાઈઓ અને તેમની ઔલાદમાં:**

**ઈમામ હુસેન (રઝી.) ના ઓરમાઈ ભાઈનું નામ ઉસ્માન હતું.**

**આપ લખે છે :**

"ઓનુ બાઝ આયે, ઉસ્માન બીન અલીરે,
એભી ઓરમાઈ શેહઝાદેકે ભાઈ રે લહીએ - ૧
ઓનું શેહઝાદે કે પાસ આવ, રજારે મંગાઈ,
રે રજા તો શેહઝાદેને દીતી રે સોણાઈ - ૨"

(મકતુલ નામા ભાગ - ૨ બયાન : ૩૦૮/૧)

(૨૨) ઈમામ હુસેન (રઝી.)ના ત્રીજા બેટાનું નામ અબુબકર હતું :

''સો અલી અકબર નામ રે કહીએ,
ઓનું અબ્દુલ્લાહ નામ હય સુનકર લહીએ - ૫
ભી અબુબકર નામ તીજા રે જાનો,
નહી ઓલાદ અનુકી સહીરે પછાનો - ૬
ભી જાફર ભી અનુકા નામ હે કેતે,
સહી લીખનેમે એસા હે લીખકર લેતે - ૭''

(મકતુલ નામા ભાગ - ૨, બયાન : ૫૪૧/૨૩૪)

**(૨૩) ઈમામ ઝૈનુલ આબેદીન (રહ.) જેઓ કરબલાના જંગના સાક્ષી છે, તેમની ઓલાદમાં ઉમર નામ પણ રાખવામાં આવ્યું હતું.**

**આપ લખે છે :**

''સુનો મંહમદ બાકર, ભી અબ્દુલ્લા નામા,
ભી ઉમર અશરફ બુઝો ઓલાદ કે ઠામા - ૫''

(મકતુલનામા ભાગ - ૨, બયાન : ૫૪૨/૨૩૫)

હવે કઈ રીતે બાળકોના નામો અબુબકર, ઉમર અને ઉસ્માન રાખવાનું કોઈ ટાળી શકશે ?

(૨૪) ઈમામૈનને ન માનવાનો પોકળ આક્ષેપ

સૈયદ પીર અબ્દુલ્લાહે અહકામુદ્દીનના બયાન નં. ૪૮માં લખ્યું છે કે અમે ઈમામ હસન અને ઈમામ હુસેન ના મરતબા બરાબર સમજીએ છીએ. પછી તમે તેમાં કેમ શક લાવો છો. જુઓ, અમે જુમ્આના ખુત્બામાં તેઓની સના (વખાણ) પઢીએ છીએ. તેમના નામો ઈજ્જતથી લઈએ છીએ. તમારી વાતની હવે દલીલ લાવો. તમે જે કહો છો તે બીજાઓથી શીખેલું કહો છો, વગર દલીલનું કહો છો. તમારી અકલ કેમ ગઈ છે ? આલીમથી પૂંછો. તમે ગુમરાહ છો.

ફરજંદ ઓનું કે બુજીએ, હસન હુસૈન નામ રે,
મરતબા બરાબર બુજીએ, દેખોને દિલકે ઠાંમ રે, - ૧૦
જો ઉસમે ખતરા લાઓ તમે, સુનો ને બાત આસાન રે,
ખુત્બા હે જુમ્આકુ પઢતે, તમે હો સુનતે કાન રે, - ૧૧
સના દો ઈમામ કી પઢતે, કે એક કી ઉસ ઠાંમ રે,

ઈજ્જત સુ હય કહતે, દોંનો ભાઈઓ કે નામ રે, -૧૨
અબ તો તમ હો કહેતે, દુજે કુ માને નાંહો રે,
તો દલીલ લાહો ઉસકી, લીખા કિસ કિતાબ ઠાંહ રે, -૧૩
સીખ-સીખ તમે હો કહેતે, આપ સુ બાતાં સહી,
શાહેદી બીના હો માનતે, અકલ તુમ્હારી કયું ગહી, -૧૬

**(૨૫) ચાર ખુલફાએ રાશેદીન આપ (સ.અ.વ.)ના કાતીબો માંથી**

વિસાલનામા બયાન નં. ૮૦૭/૨૯ અને ૮૦૮/૩૦માં પીર મશાયખ (રહે.) આપ (સ.અ.વ.)ના તેર કાતીબોના નામ આપ્યા છે. જેઓ આપ (સ.અ.વ.)ના કહેવાથી કાગળો લખવાનું કામ કરતા હતા જેમ કે (૧) હઝરત અબુબક્કર સિદ્દીક (રઝી.), (૨) હઝરત ઉમર ખત્તાબ (રઝી.), (૩) હઝરત ઉસ્માન બીન અફફાન (રઝી.), (૪) હઝરત અલી બીન અબુતાલીબ (રઝી.), (૫) હઝરત ઉમર બીન ફહીરહ (રઝી.), (૬) હઝરત અબ્દુલ્લાહ બીન અકરમ (રઝી.), (૭) હઝરત અલી બીન કઅબ (રઝી.), (૮) હઝરત સાબીત બીન કૈસ (રઝી.), (૯) હઝરત ખાલીદ બીન સઈદ (રઝી.), (૧૦) હઝરત હન્ઝલા બીન રબીઅ અસદી (રઝી.), (૧૧) હઝરત ઝૈદ બીન સાબીત (રઝી.), (૧૨) હઝરત મઆવીયા બીન અબી સુફીયાન (રઝી.) અને (૧૩) હઝરત શરઝીલ બીન હસન (રઝી.).

**(૨૬) નબી (સ.અ.વ.)ની હઝરત અલી (રઝી.)થી નીકટતા :**

ખુલફાએ રાશેદીનના બયાન નં. ૧૦ ૨૦/૮૮ માં છે કે એક દિવસ નબી (સ.અ.વ.)એ અસહાબોને એકબીજાના દોસ્ત બનાવ્યા. તે વખતે હઝરત અલી (રઝી.) હાજર ન હતા તેથી ગમગીન થયા કે તેમનો કોઈ દોસ્ત ન બન્યો. તેનો ઉત્તર નબી (સ.અ.વ.)એ આપ્યો જે બયાન નં. ૧૦૨૧/૮૯માં મિશ્કાત કિતાબના હવાલા થી છે. નબી (સ.અ.વ.)એ કહ્યું.

કે અલી હય મુજસુ મય અલીસુ આખા,
યુ નબીજીને મુબારક જબાસૂં દાખા - ૯
એ કહ્યાથા નબીને ઓહદ કી ઠામા,
બહોત ભીડરે પડી થી ઉસ જંગકે માંહા - ૧૦
સુનો નબીજી કા કૈસા અલીસૂં નેહા,
સુનો ખારજી જુવાબકા તુજે ઠામરે કહાં - ૧૧

**(૨૭) શૈખેન નબી (સ.અ.વ.)ના વજીર છે**

ખુલફાએ રાશેદીનના બયાન નં. ૯૭૭/૪૫માં હઝરત જાબીર (રઝી.)થી હદીષ નકલ થઈ છે જેમાં શૈખેન હઝરત અબુબક્કર (રઝી.) અને હઝરત ઉમર (રઝી.)ની ફઝીલત બયાન થઈ છે. જે બયાનનો નીચોડ આ પ્રમાણે છે.

વજીર નબીકે જગમાં, શૈખેન કેરી જાત,
શૈખેન કેરી જાત :
નૂરી દો વજીર હૈ, એ સહી બાત રે,
એ સહી બાત :

**(૨૮) ચારે અસહાબોથી સરખી મોહબ્બત રાખો :**

ચાર યાર ખાતીમ કેરે રે તમે સુનો રે,
નેહ કરો ચારોસુ સવેરે રે તમે સુનો રે - ૨
(બયાન નંબર ૯૩૩/૧ અ)
કે અસહાબો પર રબ કરમ કીતા,
હય બુજુર્ગી દીતી બહોત ઓનુકુ મીતા - ૬
સો સારી આલમ પર બુજુર્ગ કીયે,
સો નબીયાં બીના જે તે સુન કર લીયે - ૭

(નબીઓ શિવાય પૂરી આલમ પર ચારે અસ્હાબોને બુજુર્ગી મળી છે. બયાન નંબર ૯૩૪/૨)

એ બેહતર સબાંસુ ચાર મેરે હય યારા,
યું ફરમાયા નબીને બહોત કરને પીયારા - ૩
(બયાન નં. ૯૩૬/૩, ખુલફાએ રાશેદીન)

**(૨૯) અસહાબોને ગાળ તે નબી (સ.અ.વ.)ને ગાળ**

નબી (સ.અ.વ.)એ કહ્યું

અને જે કોઈ અસહાબોકુ સબ હય રે કરતા,
વે મેરે રે નામકુ ગાલી રે મન હય ધરતા - ૯
(બયાન નં. ૯૭૮/૪૬, ખુલફારે રાશેદીન).

**નોંધ :-** ખુલફાએ રાશેદીન આપસની મુહબ્બત ઉપરના લખાણથી સ્પષ્ટ થાય છે : જે કોઈ વિવાદ કોઈના મતે ઉભો થયો હોતો તો તે હઝરત અલીના પહેલી ખિલાફત થી વંચિત રહી જવાનો હતો, પણ જયારે ચોથે ક્રમે હઝરત અલી (રઝી.) ને ખિલાફત મળી ગઈ તે પછી વિવાદને વધારવાનું કોઈ કારણ ન

હતું. ખિલાફત હઝરત અલી (રઝી.) પછી હઝરત હસન (રઝી.)ને મળી અને તેમણે સમાધાન રૂપે સ્વેચ્છાએ તેને હઝરત મુઆવીય્યા (રઝી.)ની તરફેણમાં છોડી દીધી હતી. તેથી પહેલા ત્રણ ખુલ્ફાએ રાશેદીનથી આ મુદ્દે અદાવત રહેવાનું કોઈ કારણ બાકી રહેતું નથી.

ખુલફાએ રાશેદીન હઝરત અબુબકર, હઝરત ઉમર અને હઝરત ઉસ્માન (રઝી.અન્હુમ) ના નામોથી પણ નફરત કરનારા ઓ ઉપરોક્ત બયાનો અને હકીકતો વાંચી સમજીને તૌબા કરે. ખુલ્ફાએ રાશેદીનની આપસની મુહબ્બત વિષે જાણવા પીર મશાયખની કિતાબ ખુલ્ફાએ રાશેદીન વાંચક જરૂર વાંચે. કિતાબોનો વિસ્તાર ન વધે તે માટે કિતાબ ખુલફાએ રાશેદીનનું ઘણુ લખાણ અહીંયાં ઉતાર્યું નથી. આ કિતાબ ને પૂરી વાંચનાર નાં પૂર્વ ગ્રહો જરૂર દૂર થશે. પૂર્વગ્રહ દૂર થતાં નફરતને બદલે પ્રેમ ઉભરશે. ઉપરોક્ત ચર્ચા કિતાબ ખુલફાએ રાશેદીન નો થોડો અંશ છે. તે કિતાબમાં ખુલફાએ રાશેદીનની બુઝુર્ગી અને તેમના પરસ્પરના સંબંધોની વધારે માહિતી છે. માટે તેને જરૂર વાંચો.

**પહેલા ત્રણ ખુલ્ફાએ રાશેદીનથી નફરત કરવાથી કાંઈ જન્નત મળી જવાની નથી, અને મુહબ્બત કરવાથી કાંઈ દોઝખ મળી જવાની નથી, અને આવી માન્યતા હઝરત અલી (રઝી.) ની માન્યતા જે ઉપર વાંચી તેનાથી વિરૂધ્ધ ની છે.**

## ૯
## ચાર મુજતહીદો

ચાર ખુલ્ફાએ રાશેદીન ક્રમવાર નબી (સ.અ.વ.)ના અનુગામી છે અને તે જમાનો પહેલી હીજરી સદીનો જમાનો છે,

ત્યાર પછીનો લગભગ ૨ (બે) સદીનો જમાનો તાબેઈન અને તબઅ તાબેઈનો નો છે, ચાર મુજતહીદો તે જમાના છે, તેથી તેઓ બીજા ક્રમે છે, કુર્આન અને હદીષની રોશનીમાં કોઈ મસઅલાનો ઉકેલ કાઢવો (મસઅલો બાંધવો) તેને ઈજતેહાદ કહે છે. અને તે કામના કરનારને મુજતહીદ કહે છે. મુજતહીદો ચાર છે. ઈમામ આઝમ ઉર્ફે ઈમામ અબુ હનીફહ (રઝી.), ઈમામ શાફઈ (રહે.), ઈમામ માલિક (રહે.) અને ઈમામ અહમદ હમ્બલ (રહે.) પીર મશાયખ (રહે.) કહે છે કે આ ચારેય મુજતહીદોએ હક શોધ્યું છે : આપ લખે છે :

"અલ્લાહ રહમત કરે, ચારૂં કે માંહા,
ઈમામ જે ચારૂં, કીયે ઈજતેહાદ માંહાં - ૨૩
ભી શાગીર્દ ઓનું કે, જનું ઈજતેહાદ કીતા,
ભી અનુપર રહમત કરે રે મીતા - ૨૪
એ હક બના સહી, કુછ ઔર નાંહાં ચાતે,
એ હક કેરી રાહકુ, હે સહી રે ઢુંઢાતે - ૨૫"

(અલ્લાહ ચારેય મુજતહીદો પર રહમત કરે અને તેમના શાગીર્દો ઉપર પણ તેમણે ઈજતેહાદ કર્યો છે, અને તેઓ હક શિવાય કાંઈ પણ નથી શોધ્યું.)

(ઈબાદત ભાગ - ૧, બયાન : ૨૦૪૨)

**પીર મશાયખ (રહે.) પોતાને ઈમામ આઝમ (રહે.) ના ઈજતેહાદ (ફીકહ) પર જાહેર કરે છે.**

"ઈમામ આઝમ કેરા, હે મઝહબ મેરા,
અબી હનફી જે કહતે હે, બુઝીયો સવેરા."

(ઈબાદત ભાગ - ૧, બયાન : ૨૦૪૨)

**ઈમામ આઝમનો મઝહબએ મારો મઝહબ છે, જેમનું ઉપનામ અબુ હનીફહ છે.**

આપ લખે છે :

સુનો મુજતહીદ ચાર, હોવે રે સુનાએ,

ઈનુ ફીકે માંહાં, મસલે બંધાયે - ૨૫
મેં ઉનુકે કહેસુ, કરતા હું બાતી,
અબ ચારે તુજે જવાબ કી, નાંહીં ઠામ રે દેખાતી - ૨૮
તો ભલા હે કે ઈતની, સુન બાત મેરી,
તો તોબા કર ચોરીસુ, યું કરકે સવેરી."
(ઈમાન ભાગ - ૧, બયાન : ૧૬૯૭)

(મુજતહીદો ચાર થઈ ગયા, તેમણે ફીકહમાં મસઅલા તારવ્યા છે, હું જે કાંઈ કરૂં છું તે તેમનું કહેલું જ કરૂં છું. તેથી હવે તારે જવાબની જગ્યા જ નથી તો ભલો થા, મારી વાત માન અને તોબા કર)

પીર મશાયખ (રહે.) કહે છે :

મઝહબ ચારૂ યાદ કરને રે, તમે સુનો રે,
જુ જુ એ નામ મન ધરને રે, તમે સુનો રે - ૧૧
ઈમામ આઝમ કહીએ રે તમે સુનો રે,
મઝહબ હમારા એ લહીએ, તમે સુનો રે - ૧૨"

(ઈમામ આઝમ (રહે.) નો મઝહબ એ મારો મઝહબ છે. મઝહબ ચાર છે તે ધ્યાનમાં રાખો)

પીર મશાયખ (રહે.) ઈબાદત ભાગ - ૧ અને ઈબાદત ભાગ - ૨ માં હનફી ફીકહની ઝીણી ઝીણી બાબતો લખી છે, તેથી આપનો **મઝહબ સુન્ની છે.** ચારે મુજતહીદોનો મઝહબ પણ સુન્ની મઝહબ છે. અને પીર મશાયખનું આ એલાન પોતે હનફી મઝહબ ઉપર હોવાનું છે. અને ચારે મુજતહીદોને હક પર માનવાનું છે.

પીર મશાયખ (રહે.) લખે છે :

"મઝહબ મેરા હનફી કેરા રે;
બુઝ બુઝ ચોરા એ તુ સવેરા રે-૯
હક હમારે ઈમામને પાયા રે;
મઝહબ સહી વે હે બતાયા રે-૧૦
એસા હે સહી હમુને જાનારે;
મઝહબ હનફી સહી માના રે-૧૧"
(ઈમાન ભાગ-૨, બયાન : ૧૯૫૩/૧૩૩)

## ૧૦
## અકીદાની જાહેરાત

પીર મશાયખે (રહે.) ચાર યારી બરહક હોવાની જાહેરાત કરી છે, અને ચાર મુજતહીદોએ પણ હક શોધ્યું છે તેની જાહેરાત કરી છે. સાથે જ પોતે કયા ઈમામના ઈજતેહાદને માને છે તે પણ કહી દીધું છે.

પીર મશાયખ (રહે.) તેમના મઝહબી અકીદાની સાફ સાફ જાહેરાત કરે છે :

''મત અકીદે મે કોઈ શક રે લે આના,
કે સુન્નતરે જમાત બન મુજેરે બતાના - ૧૦
મેં કયામત દન, ઓસે દાવા રે કરા હું,
હો મુદ્દઈ ઓસકા, મેં દાહરે ચાહું - ૧૧
કે ચાર યારી મેરા, અકીદા એ સહી,
મેં ગવાહી કરતા, વે જે આપ હે દહી - ૧૨''

(મારા સુન્નત જમાતના અકીદામાં કોઈ શક ન લાવે, અને મને સુન્નત જમાત શિવાયના બીજા અકીદાનો કોઈ ન બતાવે. જે કોઈ તેવું કરશે તેની સામે હું કયામતના દિને દાવેદાર બનીને દાદ (ન્યાય) ચાહીશ. હું અલ્લાહની સાક્ષીએ કહું છું કે ચાર યારી થી મુહબ્બત એ મારો અકીદો છે.)

(મકતુલનામા ભાગ - ૧, બયાન : ૨૧)

આપ લખે છે :

''ઉમ્મત નબી કી પેરવી, કરસી સુન્નત ચાલરે,
જે સુન્નત થી અવળા કરે, તો ઉમ્મતી કા ના હે હાલ રે.''

(નુરનામા, બયાન : ૧૪૭)

કેટલાક લોકો, અબી હનફી 'જે કેતે' એ વાકયને અબી હનફી 'યું કેતે' એમ વાંચી એવો અર્થ કરે છે કે અબી હનફી આ પ્રમાણે કહે છે ; અને એમ કહી તેઓ ઈમામ આઝમ (રહે.) અને અબી હનફી બેઉને નોંખી વયક્તિઓ તરીકે તારવે છે. પણ તેમની આ ભૂલ ભરેલી સમજનો ખુલાસો પીર મશાયખે (રહે.) તેમનાજ લખાણમાં આપી દીધો છે જેમકે :

''બીબી હનીફા અનુકી માં કા રે નામા,
માતા નામસુ મશહુર થા મુલક ઠામા - ૨
અબુ હનીફહ કુનિયત હુઈ તો જાનો,

જે ઈમામ આઝમ, નાંમ રે પછાનો - ૩
સહી રહમત અનુકુ, કરે રે દહી,
અનુ ઈજતેહાદ કેરી, બાત સહી રે લહી - ૪''
(ઈબાદત ભાગ - ૧, બયાન : ૨૦૪૨)

(ઈમામ આઝમ લકબ છે, અને અબુ હનીફહ તેમની કુનિયત છે, તેથી ઈમામ આઝમ અને અબુ હનીફહ બંને અલગ વયક્તિઓ નથી. તેમનું મૂળ નામ નોમાન બીન સાબિત છે, અને આ વાત ઈતિહાસમાં અંકિત છે. તેમણે ઈજતેહાદ કર્યો છે). આપ (રહે.) ઈમામ અબુ હનીફહ (રહે.) ના મઝહબ પર હોવાનો ખુલાસા અન્ય જગ્યાએ પણ કર્યા છે.

પીર મશાયખ (રહે.) લખે છે :

''તો સુનોરે મુરીદો, જો હોરે મેરે,
મેં તહકીક કર લીખતા હું બુઝોરે સવેરે
મેં કહી જાગો દેખકર બયાન હું કરતા,
મેં તેહકીક કીયે બના એક બોલ નહી લીખતા.
એ અકીદા હે બુઝો, સુન્નત જમાતા,
જે ખાન રે કહીએ, વલી યુકી જાતા - ૧૧
તો વલીયું કેરા, એ અકીદા કહાવા,
કે સુન્નત જમાતમાં હુએ વલી રે દેખાવા,
કે ચાર યારી બના કો વલી રે નાંહાં - ૧૩''
(ઈબાદત ૧, બયાન ૨૦૩૮)

''વલી હુએ બોત બોત રે, તમે સુનો રે,
હનફી મઝહબ કેરેરે, તમે સુનો રે - ૧૬''
(ઈબાદત ભાગ - ૧, બયાન ૨૦૪૩)

• • •

આપ લખે છે :

''હનફી હોઈઓ, મુમના કીજે ઈબાદત રીત રીત રે.
કીજે ઈબાદત રીત,
જેસી અસ મઝહબમાં વે મન ધરની પ્રિતરે
વે મન ધરની પ્રિત - ૨૫''
(ઈબાદત ભાગ - ૧, બયાન ૨૦૪૪)

(સુન્નત જમાતનો એ અકીદો છે કે સુન્નત જમાતમાં વલી થયા છે. સુન્નત જમાત વલીઓની ખાણ છે. ચાર યારી ની મુહબ્બત વગર કોઈ વલી થઈ શકતું નથી. હનફી હઝહબમાં ઘણા વલી થયા છે, માટે તમે પણ હનફી થઈને રહો અને હનફી મઝહબમાં જે રીત ઈબાદતની છે તે રીતે ઈબાદત કરો)

આપ લખે છે કે ઈમામ આઝમનો મઝહબ એ એમનો મઝહબ છે.

''ઈમામ આઝમ તમે કહ્યા રે તમે સુનો રે,
મઝહબ હમારા એ લહીએ તમે સુનો રે.''

(ઈબાદત ભાગ - ૨, બયાન : ૨૩૫૫/૧૫૫)

આપ લખે છે :

''મઝહબ મેરા હનફી કેરા રે;
બુઝબુઝ ચોરા એ તુ સવેરા રે-૬
દેખ દેખ નમાઝ મેરી કરની રે;
વેળાવેળા એ મન ધરની રે-૭
હક હમારે ઈમામને પાયા રે;
મઝહબ સહી વે હે બતાયા રે-૧૦
એસા હે સહી હમુંને જાનારે,
મઝહબ હનફી સહી માનારે-૧૧''

(ઈમાન ભાગ-૨, બયાન : ૧૯૫૩/૧૩૩)

(મારો મઝહબ હનફી છે. હું જેમ હનફી મઝહબ મુજબ નમાઝ પઢું છું તેમ તમે પણ દરેક વેળાની નમાઝ પઢો, અમારા ઈમામ અબુ હનીફાહ એ સત્ય શોધ્યું છે અને મે હનફી મઝહબને સત્ય માન્યો છે).

મકતુલનામામાં પઢાતાં બયાનો શિર્ષક નં. ૭ અને અન્ય શિર્ષકો ના વાંચનથી આપને હવે જણાઈ ગયું હશે કે પીર મશાયખ (રહે.) સુન્ની હતા.

## ૧૧
## નમાઝ અને વઝુનો તરીકો

પીર મશાયખ (રહે.) નમાઝનો તરીકો બતાવે છે :

"પીછે જમને રે હાથકુ, ડાબે પર ધરના,
એ ડુંટી કે તલે કામ એ કરના."
(ઈબાદત ભાગ - ૧, બયાન : ૨૧૦૧)

(ડાબા હાથ ઉપર જમણો હાથ ધરીને ડુંટી નીચે રાખવો)

પીર મશાયખની કિતાબો ઈબાદત ભાગ - ૧ અને ઈબાદત ભાગ - ૨ માં હનફી ફીક્હના મસઅલાઓ લખેલા છે જેમકે વઝુ પાકી, અઝાન, નમાઝ, રોઝા, કુરબાની, જકાત અને હજ વિગેરે. તેથી પીર મશાયખ નો મઝહબ એ **સુન્ની હનફી** મઝહબ છે.

પીર મશાયખ (રહે.) વઝુનો તરીકો બતાવે છે :

"જું કુરાનમાં આયત હે બુઝો રે રબ્બાની,
સહી તરતીબ કેરી, યાદ રાખો રે નિશાની - ૧૧
કે મું હે ધોના, પેલા ફરમાયા,
અને હાથુકા ધોના, પીછે હે સુનાયા - ૧૨
પીછે મસા હે કરના, હુકમ રે કીતા,
અને પગું કા ધોના, પીછે હુકમ રે દીતા - ૧૩"
(ઈબાદત ભાગ - ૧, બયાન : ૨૦૪૯)

(કુર્આનની આયતમાં વઝુની તરતીબ (રીત) બતાવી છે કે પહેલાં મોં ધોવું, પછી હાથ ધોવા, પછી મસાહ કરવા અને પછી પગ ધોવા)

આ આયત આ પ્રમાણે છે :

"યા અય્યુહલ્લઝીન આમનુ ઈઝા કુમતુમ ઈલ સ્સલાતી ફગસીલુ વજુહુકુમ વ અયદીકુમ ઈલલ મરાફીકી વમ્સહુ બી રૂઉસીકુમ વ અરજુલુકમ ઈલલ કઅબૈન (હે ઈમાનવાળાઓ તમે જ્યારે નમાઝ માટે ઉઠો તો તમારા મોંઢા અને હાથને કોણીઓ સુધી ધોઈલો. પોતાના માથા પર ભીના હાથ ફેરવી લો અને પગ ઘુંટીઓ સુધી ધોયા કરો. (સુરે અલમાઈદા, આયત નં. ૬)

આ છે વઝુ માટે અલ્લાહનો કુર્આનમાં હુકમ. અલ્લાહના હુકમથી વિરૂધ્ધનો તરીકાનો કોઈ પણ બીજો આધાર હોય તો પણ તે ગ્રાહ્ય નથી હોતો.

સુન્નીઓ તેમનું વઝુ કુર્આનના આ હુકમ મુજબ કરે છે, જયારે શીઆ ભાઈઓ પહેલાં પગ ધુએ છે. પીર મશાયખે પણ ઈબાદત ભાગ-૨ માં વઝુનો તરીકો કુર્આનના હુકમ મુજબનો બતાવ્યો છે.

પીર મશાયખ (રહે.) ઈબાદત ભાગ-૨ માં આજ હુકમને વઝુના ફરજના બયાનમાં બતાવે છે.

''એ ચાર ખુંટ બુઝો મુંહ કેરા;
એ બીચમાંહે ધોના, મન રે આનો-૪
પછે કુનીઓ તક, હાથ રે ધુલાહો;
સો કુનીયુ સેતી, ધોને મન લાહો-૬
પછે ધોને પગ, ઘુંટીયુ સેતી;
સો ધોને માંહે, ઘુંટીયાં આવે હે રે જેતી-૮
પેલા મસા રે કીએ બાજ, પગ હે ધોવા;
કહી ધોનેકી રીત, વેસી ચંત રે દેવા-૧૦''
(ઈબાદત ભાગ-૧, બયાન : ૨૦૪૬)

• • •

આપ (સ.અ.વ.)ની હદીષ છે કે વઝુ વિના નમાઝ નથી. તેથી તરતીબ વગર કરેલું વઝુ એ વઝુ નથી. વઝુની તરતીબ કુર્આનની સુરહ માઈદાની આયત નં. ૬માં બતાવી છે. પીર મશાયખે પણ તેમના દિવાનમાં તેજ આયતનો અર્થ બતાવ્યો છે. માનવું ન માનવું વાંચક પર નિર્ભર છે.

## ૧૨
## યેહયા ઉલ ઉલૂમ

ઈમામ ગીઝાલી (રહે.) લગભગ હીજરી સાતમીસદીમાં થયા હતા. તેમણે યેહયાઉલ ઉલૂમ નામનુ દીવાન લખ્યું છે. પીર મશાયખ (રહે.) લખે છે કે કોઈ મુનાફીક દીનની બધી કિતાબો નષ્ટ કરે પણ જો યેહયા ઉલ ઉલૂમ બચી જાય તો દીનની બધી હકીકત તેમાંથી મળી જાય અને દીનમાં કોઈ કમજોરી આવે નહિ. પીર મશાયખે (રહે.) તેમના મુરીદોને યહયાઉલ ઉલૂમ જેવું દીવાન આપવા ઈચ્છયું અને દીવાને મશાયખ લખી આપ્યું, જેથી તેમના મુરીદોને કોઈ અન્ય જગ્યાએ જવું ન પડે.

એ જાહેર વાત છે કે યેહયા ઉલ ઉલૂમ એ સુન્ની અકીદાનું દીવાન છે. આપે દીવાન લખાવાનું પોતે જ ઈચ્છયું હતું તેનો વધારે ખુલાસો શિર્ષક ૭ માં મળશે. આપ (રહે.) લખે છે.

"એ દિવાન લીખનેકુ હય જે રે મુજે નેહા,
ખાલીક કરમસુ સુખ દીજો રે દેહા - ૧
તેરે કરમસુ ઉમ્મીદ પૂરી કીજે,
એ તમામ હોનેકી મુજે ખુશાલી રે દીજે - ૨
જયસી યેહયા ઉલ ઉલૂમ હય રે નામા,
ઈમામ ગીઝાલીને લખીયા રે કામા - ૩
અને યું લીખા હૈ ઉસ કિતાબ કે માંહા,
કે કિતાબ એ છતે અવર કામ રે નાંહાં - ૪
જો રે કભી દુરીજન કિતાબાં લૂરાવે,
અને યેહયા ઉલ ઉલૂમ છતાં જો પાવે - ૫
તો સુસ્ત ના હોવે કભી મુમીનો કા દીના,
બહોત દીનકી હકીકત કિતાબ રે મંના - ૬"
(નૂરનામા, બયાન : ૩૬)

ઉપરોક્ત બયાનમાં આગળ આપે એમ પણ લખ્યું છે કે ઈમામ ગીઝાલી (રહે.)એ તેમનું દીવાન અરબી ભાષામાં લખ્યું છે અને હું તેવું જ દીવાન ગુજરાતીમાં લખવા ચાહું છું. કેમકે મારા મુરીદો અભણ છે. અને ફકત ગુજરાતી જ જાણે છે. આપે દિવાન પુરૂ થવાની દુઆ માંગી છે અને એ દુઆ પણ માંગી છે કે

તેમના દીવાનમાં બીદઅત નો કોઈ એક બોલ પણ ન આવે, અને રાહાનું નુક્સાન પણ ન થાય.

આપ (રહે.) લખે છે :

''યા ઈલાહી મેરા કર, પૂરા તુ ઉમ્મેદા,
પૂરા દિવાન હોને કા, મેરા ઉમ્મેદા કા ભેદા - ૩
મેં ચાતા હું પૂરા, એ હોવે રે દીવાના,
દુઆ કબૂલને મેરી, રબ તુ રહેમાના - ૫
એ લીખના ગુજરી મે, મેં ચંત હૈ દીતા,
તુ કરને પૂરા, ઉમ્મેદ રે મીતા - ૭''
(વિસાલનામા, બયાન : ૯૭૨/૧૭૧)

આપ વિસાલનામાના બયાન નં. ૯૭૨/૧૭૨માં લખે છે કે નબી (સ.અ.વ.)ની બુઝુર્ગી વિષે તેમણે ખુલાસતુસ્સીયર નામની કિતાબમાંથી થોડુંક થોડુંક લઈને તેમના આ દીવાનમાં લખ્યું છે : આપ લખે છે :

''દીવાન પૂરા સબ રે લખાવે રે,
બીદઅત કેરા બોલ ના આવે રે - ૧૧
નુકસાન હોવેના કુછ રાહા કેરારે,
ઉમેદ પૂરા યું કર રે સવેરા રે - ૧૨''
(વિસાલનામા, બયાન : ૧૭૨)

પીર મશાયખે જે કિતાબોને આધાર રૂપ ગણી છે તે બધી સુન્ની અકીદાની છે. જેમકે : મીશ્કાત શરીફ (જે હદીષની છ કિતાબો ઉપરાંત બીજી કિતાબોનું સંપાદન છે) તથા યહ્યા ઉલ ઉલૂમ, ચલબી, ખુલસતુસ્સીયર વિગેરે.

• • •

પીર મશાયખે ઈમાન ભાગ-૨માં લખ્યું છે કે જે કુર્આન અને સુન્નતને આધારે ન હોય તે અમલ બીદઅત છે. અને તે દીનમાં વધારો ઘટાડો છે. તેથી તે બીદઅત છે. અને દરેક બીદઅત ગુમરાહી છે. ગુનેહગારની બખ્શીશ છે. પણ બીદઅતીની બખ્શીશ નથી.

## ૧૩
## હદીષની 'છ' કિતાબો

પીર મશાયખ (રહે.) હદીષની છ કિતાબોના હવાલા અનેક જગ્યાએ આપ્યા છે. આ કિતાબો છે, બુખારી શરીફ, મુસ્લિમ શરીફ, તીરમીઝી શરીફ, અબુ દાઉદ શરીફ, નસાઈ અને ઈબ્ને માજા. આ કિતાબોને 'સીહાહ સીત્તાહ' કહે છે.

**આ કિતાબોને શીઆ લોકો આધારરૂપ ગણતા નથી, જ્યારે પીર મશાયખે તેનોજ આધાર લીધો છે.**

આપ (રહે.) લખે છે કે :

''અરે હદીષો કીયાં કિતાબાં પઢીયાં,
જેનું રાવી કે નામા ;
એ હદીષ કે કેનારે તુ જાને,
છ હું કિતાબ ઠામા - ૨
અરે હદીષા જેણે નબીજી કી આખી,
સહીહ જે કેલાઈ,
અરે અનકે નામ તે પઢ પઢ જાને,
કિતાબાં છ લખાઈ - ૩''
(ઈમાન ભાગ - ૨, બયાન : ૧૯૧૧/૯૧)

(હદીષની છ કિતાબોમાં હદીષ બયાન કરનારાઓ (રાવીઓ) નાં નામો લખાયેલા છે. આ છ કિતાબોમાં વર્ણન થયેલ હદીષો નબી સાહેબ (સ.અ.વ.) ની છે. અને તેના રાવીઓની પણ તને ખબર છે.)

પીર મશાયખ (રહે.) લખે છે :

કેના નબીકા જું મે સુન લીતારે,
વેસા કરમ મુજે રબને હે કીતારે - ૧૨
**મીશ્કાતમાં હે જું હે લખાયા રે,**
પેલા તમુકુ, જું હે બતાયા રે - ૧૩
(ગજવાત, બયાન : ૧૮૮૭)

(મેં તમને આગળ જે કાંઈ બતાવ્યું છે તે મીશ્કાત માં નબી સાહેબ (સ.અ.વ.) ની કહેલી હદીષોમાંથી જણાવ્યું છે. આપ મીશ્કાતની એક હદીષ બતાવે છે કે

દરેક સદીના છેડે અલ્લાહ એક મુજદ્દીદ (નુતન પ્રાણ) પુરનાર પેદા કરે છે, અને અગીયારમી હીજરી સદીના છેડે અલ્લાહે મને (આપને) મુજદ્દીદ બનાવ્યા છે. આપ લખે છે :

"સો મીશ્કાત કિતાબમાં વે હદીષ લખાઈ,
વેસી દીન દોસ્તી મેં પાહી રે બડાઈ ."
(મક્તુલનામા ભાગ - ૨, બયાન : ૫૯૧/૨૮૪)

મીશ્કાતની આ હદીષના સંદર્ભે આપ લખે છે :

"સુનો મુનાફીક ટોળી, મુમનો કેરી,
કાયે અદેખાઈ મુજસુ, હો કરતે અનેરી - ૨
સુનો રબને મોજેકુ, એસા રે બનાયા,
જું ખાતમ નબીને રે હે રે ફરમાયા - ૩
સો મીશ્કાત કિતાબ વે હદીષ લખાઈ,
વેસી નબી દીન દોસ્તી, મેં પાઈ રે બડાઈ - ૪
હર સદી છેડે, રબ કરે રે બંદા,
ઓસે રબતો ખુબી, હે રે દેહંદા - ૫
(મક્તુલનામા ભાગ - ૨, બયાન ૫૯૧/૨૮૪)
સુનો રે રબને, મુજે વેસા રે કીતા,
જું ફરમુદા નબીકા, હે સુન લીતા - ૧
સુનો અગીયારમી સદીકા છેહરે આયા,
અને બારમી સદીકા સો ઢુકડા લાયા - ૨"
(મક્તુલનામા ભાગ - ૨, બયાન ૨૯૨/૨૮૫)

(તમે મુનાફીક મુમનો મારી અદેખાઈ શીદને કરો છો ? અલ્લાહે મને મીશ્કાતમાં બતાયેલી હદીષ મુજબ અગીયારમી હીજરી સદીના છેડે ખુબી આપીને મુજદ્દીદ બનાવ્યો છે).

પીર મશાયખ (રહે.) બુખારી શરીફનો પણ હવાલો આપે છે કે નબી સાહેબે કહ્યું:

"હે ફાતિમા બીઝઅન, મેરી નબીજીને આખા,
જો ગુસ્સા કરે બીબીકુ, ઓને મુજે રે કીતા.
અને બુખારી કે બાબકે, માંહે રે લખાયા,"
(મક્તુલનામા ભાગ - ૧, બયાન : ૪)

નોંધ : આ બયાનો પણ મક્તુલનામા ના બંને ભાગોમાં છે તેથી તે પણ મજલીસમાં પઢાતાં હશે.

## ૧૪
## ચીશ્તીખાનવાદો

પીર મશાયખ (રહે.) સુન્નત જમાતમાં સુલુકના ૧૪ ખાનવાદા બતાવ્યા છે. જેમકે (૧) હબીબીયાહ, (૨) તેફીરીયાહ (૩) કરખીયાહ (૪) સકતીયાહ (૫) જુનેદીયાહ (૬) કોરૂનીયાહ (૭) .............. (૮) ફીરદોસીયાહ (૯) સુહરવરદીયાહ (૧૦) જૈદીયાહ (૧૧) અયાઝી (૧૨) અધમીયાહ (૧૩) હોલેરીયાહ અને (૧૪) ચીશ્તીયાહ

(મક્તુલનામા ભાગ - ૨, બયાન : ૬૦૭/૩૦૦)

પીર મશાયખ (રહે.)નો સુલકનો સીલસીલો શેખ ફરીદ શકર ગંજ અને ખ્વાજા મોઈદ્દીન મોખતાર ચીશ્તીથી મળે છે તેઓ સુન્ની અકીદાના છે તે હકીક્તને કોઈ ભુંસી શકે તેમ નથી, શીયાઓ ચીશ્તી ખાનવાદાને માનતા નથી. પીર મશાયખ (રહે.) ના સુલુકના ખાનવાદાનો સીલસીલો શિર્ષક નં. ૩ માં જુઓ. તે શિર્ષકમાં આપ ચીશ્તી ખાનવાદાથી ખીલાફત ધરાવે છે એવું વારંવાર કહ્યું છે.

ચીશ્તીઆ ખાનવાદોએ સુન્ની ખાનવાદો છે અને પીર મશાયખ (રહે.) ચીશતી છે. આ ચીશ્તી શબ્દને કોઈ દૂર કરી દે તો પણ આપના નામથી ચીશ્તી શબ્દ કપાઈ શકશે નહી. જેમકે મોમીન બિરાદરીમાંથી પીરાણા થઈ ગયા, સુન્ની રહી ગયા, ઈસ્માઈલી થઈ ગયા, શીઆ થયા પણ તેમની અટકો હજુ સુધી કપાઈ ગઈ નથી. આપના નામ પાછળથી ચીશ્તી શબ્દ કાપી નાંખવો એ સુઝભરી બેઈમાની થી વધારે કાંઈ ન કહેવાય. આપ લખે છે :

''ચીશ્તીકા કા મેરા હય ખાનવાદા,
ચીશ્તીને શરત રાગ કીયા હય આબાદા - ૧૧''

(નૂરનામા, બયાન : ૩૬)

ખાસ નોંધ :- હીદાયતનામાના બયાન નં. ૮૦ (જેને સીડીઓના બયાનમાંથી લેવામાં આવ્યું છે) તેની કડી નં. ૧૪ માં છે કે જે ખાનવાદાના મુરીદ હોઈએ તેનો મુરાકબો કરવો. તેમાં પણ ઉપરોક્ત ચીશ્તી ખાનવાદાને પૃષ્ટિ અપાઈ છે.

## ૧૫
## બાર ઈમામો

પીર મશાયખ (રહે.)એ મક્તુલ નામા ભાગ - ૨ નાં બયાનો ૫૩૯/ ૨૩૨ થી ૫૬૨/૨૫૫ સુધીમાં અમીરૂલ મોમીનીન હઝ. અલી (રઝી.) હઝ. ઈમામ હસન (રઝી.), હઝ. ઈમામ હુસેન (રઝી.), હઝ. ઝૈનુલ આબેદીન (રહ.), હઝ. ઈમામ બાકર, હઝ. ઈમામ જાઅફર, હઝ. ઈમામ મુસે કાઝીમ, હઝ. ઈમામ અલી (રઝી.) હઝ. ઈમામ મહંમદ તકી, હઝ.ઈમામ અલી તકી, હઝ. ઈમામ હસન અસ્કરી, અને હઝરત ઈમામ મોહંમદ મંહદી (રહીમતુલ્લાહી અલયહીમ) એમ દરેક ની ઔલાદનાં વર્ણનો કર્યા છે. અને પછી તેમના દરેકનાં જીવન વિષે ટુંક વર્ણનો કર્યા છે.

જે રીતે શીઆ ભાઈઓ બાર ઈમામને માને છે તે રીતે પીર મશાયખ (રહે.) **તેમનાથી સહમત નથી.**

આપ તેને શીઆઓનો અકીદો કહે છે. તેથી પીર મશાયખનો અકીદો સુન્નત જમાતનો છે. પીર મશાયખ (રહે.) કહે છે.

''સુનો જીતને નામ, એ ઈમામ લખાએ,<br>
એ હિસાબમાં ગણાતાં, બાર રે આએ - ૬<br>
એ તશીયા દુવાજદા, ઈમામ હે કેતે,<br>
ન બુઝ્ઝ કે સમજન, કેસી મન હે દીતે - ૭<br>
એ અકીદા સુનીયા, તશીયાહુ કેરા,<br>
કે દુવાજહા ઈમામ હે કેતે રે સવેરા - ૮<br>
એ કસ રીતે બુઝતે હૈં એ દલ માંહા,<br>
**એ સુન્નત જમાતકા, અકીદા નાંહા - ૯**<br>
જસ રીત તમના હો ઈમામ ગણાતે,<br>
કુછ તશીયા વે રીત નાંહી રે ચાતે.''

(મક્તુલનામા ભાગ - ૨, બયાન : ૫૬૧/૨૫૪)

• • •

"વે તો ભેદ ના પાયા રે, તમે સુનો રે,
તે ઈમામ બાર સુણાયે, તમે સુનો રે - ૫"
(મક્તુલનામા ભાગ - ૨, બયાન : ૫૬૩/૨૫૬)

(ઈમામોના આ જે બાર નામો ગણાવ્યાં તેને શીઆઓ બાર ઈમામ ગણે છે. ન જાણે શી સમજણથી તેઓ એવું માને છે. આ નામોને બાર ઈમામ માનવું એ શીઆઓનો અકીદો છે. સુન્નત જમાતનો આવો અકીદો નથી. કેટલાક શીઆઓ પણ આ રીતે તે નામોને બાર ઈમામ ગણતા નથી. તેથી પીર મશાયખનો અકીદો સુન્ની છે).

આ બયાન પણ મક્તુલનામાની વચ્ચેના બયાનોમાં છે તેથી તે પણ મજલીસમાં પઢાતું હશે. આમ, પીર મશાયખ (રહે.) 'બાર ઈમામ' હોવાનું પણ નથી માનતા.

## ૧૬
## ચૌદ માસુમ

શીઆ ભાઈઓ ૧૪ માસુમ ગણે છે. પીર મશાયખ (રહે.) કહે છે કે આ સમજણ તેઓ કયાંથી લાવ્યા તે તેમની સમજમાં પણ આવતું નથી. આપ કહે છે કે માસુમ તેને કહેવાય જે કાચી ઉમરનો એટલે કે સગીર વયનો હોય. તેમની આવી માન્યતા આપ (રહે.)ના કહેવા મુજબ સમજણ ભરી રીત ન હોવાથી અને તે રીત શીઆઓની હોવાથી આપે ગમાર લોકોને આવા અકીદાથી દૂર રાખવા નીચે મુજબ લખ્યું છે :

"જે બાલેગ કે બરસુ, પાંચા રે નાંહાં,
ઓસે માસુમ હે કેતે, જગ કે માંહાં - ૫
પણ ચૌદ માસુમ હે તશીઆ કેતે,
વે ના જાની સમજન, કેસી હે મન દેતે - ૬
વે ભેદ તો કુછ હે, મે પાયા રે નાંહાં,
પણ ચૌદ માસુમ હે, અનુ કે અકીદે કે માંહાં - ૮"
(મકતુલનામા ભાગ - ૨, બયાન : ૫૬૨/૨૫૫)

• • •

"સહી બુઝો એ અકીદા, તશીયા હું કેરા,
ઓસ કાજે ઈયામેં, લખીયા અનેરા - ૯
જે ગમારાં સેતી ના રેવેરે છાનાં,
કે સુનીને શીઆકા બુઝો રે બયાના."
(ઉપરોક્ત બયાન)

મક્તુલનામા ભાગ - ૨, બયાન : ૫૬૪/૨૫૭ અને ૫૬૫/૨૫૮ માં પીર મશાયખે શીઆઓ દ્વારા મનાતા આ ૧૪ માસુમોનાં નામો આ પ્રમાણે આપ્યા છે.
૧. મોહંમદ અકબર બીન અલ નકી જેઓ કરબલામાં શહીદ થયા. (૨) અબ્દુલ્લાહ બીન ઈમામ હુસેન (રઝી.) જેઓ બકી માં શહીદ થયા. (૩) સમસતલદીન બીન ઈમામ હસન (રઝી.) જેઓ દમીશ્કમાં શહીદ થયા. (૪) કાસિમ બીન ઈમામ હસન (રઝી.) જેઓ કરબલામાં શહીદ થયા. (૫) હુસૈન બીન ઝૈનુલ આબેદીન (રહ.) તેઓ પણ શહીદ છે. (૬) કાસિમ બીન અલી નકી જેઓ દમીશ્કમાં શહીદ થયા. (૭) ઈમામ ઝૈનુલ આબેદીનના બેટા જેઓ

બસરામાં શહીદ થયા. (૮) અલી અકતાર બીન મોહંમદ જેઓ બકી માં શહીદ થયા. (૯) અબ્દુલ્લાહ બીન જાફર સાદેક જેઓ પણ બકીમાં શહીદ થયા. (૧૦) મુહંમદ બીન મુસે કાઝીમ તેઓ પણ શહીદ છે. (૧૧) તૈયબ બીન મુસે કાસીમ જેઓ સિરાજમાં શહીદ થયા. (૧૨) બાહા બીન જાઅફર સાદિક જેઓ બકી માં શહીદ થયા. (૧૩) જાઅફર બીન મોહંમદ નકી જેઓ દમીશ્કમાં શહીદ થયા. અને (૧૪) જાઅફર બીન શાહા નકી જેઓ રાહીમાં શહીદ થયા. (મકતુલનામા ભાગ -૨, બયાન : ૫૬૪/૨૫૭ અને ૫૬૫/૨૫૮)

પીર મશાયખ (રહે.) કહે છે :

''ચહાર દે માસુમ કેલાતે રે તમે સુનો રે,
તશીયા હે બહોત અનુકુ ચાતે રે તમે સુનો રે - ૧
અકીદા એ તશીયાહ કેરારે તમે સુનો રે,
સુન સુન બુઝીયો સવેરા રે તમે સુનો રે - ૨૫
(મકતુલનામા ભાગ - ૨, બયાન : ૫૬૬/૨૫૯)

(૧૪ માસુમો નો અકીદો શીઆઓનો હોવાથી શીઆ તેમને વધારે ચાહે છે.) મકતુલનામા ભાગ - ૨ માં આ બયાનો ૫૩૧/૨૨૪ થી ૬૦૯/૩૦૨ની વચ્ચે આવે છે, તેથી મજલીસમાં પઢાતા હશે અને જો તેઓને મકતુલનામામાંથી દૂર કરવામાં આવ્યા હોય તો પણ હસ્ત લિખિત કલમી કિતાબોમાં તે બધાં હજીક મોજુદ છે અને તેની પણ જે ઝેરોક્ષ નકલો બની રહી છે. આ બયાનો જો પઢાતાં હોત તો સમજણ કાંઈક ઓર જ હોત.

આપ (રહે.)ની આ માન્યતા શીઆ મઝહબની માન્યતાથી વિરૂધ્ધ છે. પીર મશાયખ (રહે.) પણ આ ચૌદ માસુમ હોવાની માન્યતાને માનતા નથી.

**ખાસ નોંધ :** ઉપરોકત લખાણનું મતલબ એ નથી કે પીર મશાયખ(રહે.) ઉપરોકત બુઝુર્ગોની બુઝુર્ગીથી અસમ્મત છે. તેમની ચર્ચા ફકત સગીરાવસ્તાની માસુમીયત બાબતે છે. જે સગીર હોય તેની ભુલો તેના આ'અમાલ નામામાં લખાતી નથી. તેથી તે માસુમ છે. નબી શિવાય કોઈ આવું માસુમ નથી હોતું એવું આપ (રહે.)નું માનવું છે. આપ (સ.અ.વ.) પણ નબી હોવા છતાં અલ્લાહે કુર્આનમાં તેમને ચેતવણીઓ આપી છે જેથી આપની માસુમીયત જળવાઈ રહે. માટે પીર મશાયખ (રહે.) ઉપરોકત ૧૪ બુઝુર્ગોની બુઝુર્ગીથી અસહમત છે એવું કોઈ માને તો તે ખોટું છે.

## ૧૭
## મુતા નીકાહ

પીર મશાયખ (રહે.) લખે છે.

''સુનો મુતાકા નીકા, મને રે કીતા,
ના મુતે સુ કરના, નીકા હુકમ રે દીતા - ૧''

(મુતાથી નીકાહ કરવા મના છે તેથી આવા નીકાહ કરો નહિ)

**મુતા નીકાહ શું છે ? :**

આપ (રહે.) લખે છે :

''મરદ રે ઓરતકુ, અસ રીતે રાખે,
સો કીતને દનું કી, નામ મુદ્દતકા દાખે - ૩
કે એતને માલ સુ એતના દંના,
એ તોજથી નફા, ચાહતા હું મંના - ૫
અને ઓરત એ કબૂલે, ઓસ કા કેના,
એ મુતે કે નીકા કે, સુનો રે બેના - ૬
એ ભી મનેરે કીતા, નીકા અસ રે રીતા,
એ ચલબી કે હાશિયે મે, લિખાહે દેખીતા - ૧૧''
(ઈબાદત ભાગ - ૨, બયાન : ૨૨૮૪/૮૪)

(કેટલાક માલથી કેટલીક મુદ્દત માટે મરદ ઓરતથી નફો હાસિલ કરવા તેને રાખવા ની દરખાસ્ત ઓરતને કરે, અને તે ઓરત તેને કબૂલ કરે તેને મુતાનિકાહ કહે છે આવા નિકાહ મના છે એમ ચલબીના હાશિયામાં લખ્યું છે.)

પીર મશાયખ (રહે.) મુતા નિકાહ કરનાર પર લાનત કરે છે.

પીર મશાયખ (રહે.) કહે છે :

''બૈયર તેરી હે ઓરો કુ દેતા રે,
એભી ખુશાલી, હે દલમાં લેતા રે - ૧૮
એકકી બઈશર દુજે કુ જાવે રે,
દીન તેરેમાં, ફલ લખાવે રે - ૧૯
વાઘરી, કોળી નાંહી યું કરતે રે,
વે ભી ગેરત હે મનમાં ધરતે રે - ૨૩

લાનત તેરે દીન કે માંહા રે,
કોળી ના કરતે એસા કામા રે - ૨૫"

પીર મશાયખ (રહે.)નો અકીદો સુન્ની હોવાથી આપે મુતા ના ફેલ પર લાનત કરી છે :

"કાફર મન શરમ લાવતે રે,
બૈસર કું હૈ રીસ કરાતે રે - ૨૬
જાહેર હરામ નાંહી ચાતે રે,
તેરે જે સે ભુંડે ના કોઈ દેખાતે રે."

(ઈમાન ભાગ - ૨, બયાન : ૧૯૭૬/૧૫૬)

(એકની બૈરી બીજાને આપે /બીજાને જાય તે અમલ તારા મઝહબમાં સવાબનો સબબ છે, અને તે સવાબથી તને ખુશી થાય છે, વાઘરી કોળી જાત પણ આવું કરતાં શરમાય છે. લાનત છે તારા દીનમાં કાફર પણ આવા કામથી તેની બૈરી પર રીસ કરે છે અને આવું જાહેર હરામ તેઓ પણ કરતા નથી. તારા જેવા ભુંડા કોઈ નથી).

પીર મશાયખ (રહે.) મુતા નિકાહને નકારે છે. જ્યારે શીઆ ભાઈઓ તેને દીનનું અરકાન ગણે છે.

**ખાસ નોંધ :- હીદાયતનામા નું બયાન નં. ૧૨૩ (જે ઈમાન ભાગ - ૨ માંથી છે) તેની કડી નં. ૧૭ થી ૨૭ માં પણ 'મુતા'ની બુરાઈ બયાન થઈ છે.**

**ખાસ નોંધ :- હિદાયતનામાનું બયાન નં. ૧૨૩ (જેને ઈમાન ભાગ - ૨ માંથી લેવાયું છે.) તેની કડીઓ નં. ૧૭ થી ૨૭માં પણ મુતાની બુરાઈ નકલ થયેલ છે.**

## ૧૮
## કિતાબ અને સુન્નત

પીર મશાયખ (રહે.) નબી સાહેબ (સ.અ.વ.)ની હદીષ બયાન કરે છે :

''કહયા નબીને મેં છોડીયા, દોચીજ તમુ માંહાં,
તો ગુમરાહ તમના, હાંગે નાંહા - ૪
સો જબ તક ઓસસુ, ચંગ મારો રે તમના,
કે હોજત ઓસકી, તમ રાખોરે મંના - ૫
વે અલ્લા કેરી કિતાબ કુરાન રે જાનો,
અને હદીષાં નબીકી દુજી રે માનો - ૬''
(ઈબાદત ભાગ - ૨, બયાન : ૨૦૦૮/૧૮૪)

(નબી સાહેબે (સ.અ.વ.) કહ્યું કે તે હું તમારી પાછળ અલ્લાહની કિતાબ 'કુર્આન' અને નબી સાહેબની હદીષને છોડી છે. જયાં સુધી તમો તેને દલીલ (હુજ્જત) રીતે પકડી રાખશો ત્યાં સુધી ગુમરાહ થશો નહિ)

આ હદીષ માલીક બીન અનસ (રઝી.)થી રિવાયત થઈ છે, અને મીશ્કાતુલ મસાબીહમાં કિતાબ અને સુન્નત પર અમલ એ બાબતમાં છે. આપ લખે છે :

''કે અકીદા સાચા સહી રે કરાહો
ઓ કિતાબને સુન્નત સાચી મન લાહો - ૪
અને નાઠના મઝહબ, અહલ હવા હો કેરા,
જનું અપની મુરાદું, કીયા રે સવેરા - ૮
જું મઝહબ જદી, કેરા રે કહીએ,
તશીયાઉ કેરા ભી, એસા રે લહીએ - ૯
ભી ઓર જે હોવે, એસી રે રીતા,
અનુ મઝહબ સેતી, ના કરની પીતા - ૧૦''
(ઈમાન ભાગ - ૨, બયાન : ૧૯૪૪/૧૨૪)

(કુર્આન અને સુન્નતને સત્ય માનવાનો અકીદો રાખો. જેણે પોતાની મનેચ્છા પ્રમાણેનો મઝહબ બનાવ્યો છે તેનાથી દૂર રહો. જેમકે જદી, શીઆ મઝહબ અને તેના જેવા અન્ય મઝહબો)

શીઆ લોકો સુન્નત/હદીષની જગ્યાએ 'આલ' કે 'એહલે બૈત' શબ્દ મૂકે છે, પણ પીરમશાયખ (રહે.)એ તેમના દિવાનની ૧૩ ફસલોમાં કોઈ

જગ્યાએ સુન્નત (હદીષ)ને બદલે 'આલ' કે 'અહેલે બૈત' એવા શબ્દો લખ્યા નથી. ઉપરાંત આપે (રહે.) મીશ્કાત અને હદીષની છ કિતાબોના જે હાવાલા આપ્યા છે તેમાંની કોઈ કિતાબમાં આવા શબ્દો જોવા મળતા નથી. શીઆભાઈ એ સુન્નતની જગ્યાએ 'આલ' કે 'અહેલે બૈત' એવા શબ્દો હદીષની કઈ કિતાબમાંથી શોધીને મૂક્યા છે તેનો ખુલાસો પણ તેમની પાસે નથી. વળી શીઆ ઈશ્નાઅશરીઓને માટે તો તેમના બારમા ઈમામ ગાયબ થવા પછી પીર કરવાજ મના છે, માટે આવા શબ્દો તેમને ત્યાં પણ બંધ બેસતા નથી.

પીર મશાયખ (રહે.) લખે છે :

''કહ્યા નબીજીને સુન્નત જે બુઝોરે મેરી,
વે તમુ પર વાજીબ, કીજીઓ સવેરી - ૨૨
ભી ખુલફાએ રાશેદીન સુન્નત હે સહી,
વૅ ભી લાજીમ કીજીઓ, એ હદીસ કહી - ૨૩
તો ખુલ્ફાએ રાશેદીન, સુન્નત હે સહી,
જો સુન સુન નસદન, એતા કહીએ - ૨૪''

(નબી સાહેબે (સ.અ.વ.) કહ્યું કે તમો તમારી ઉપર નબી (સ.અ.વ.)ની સુન્નતને અને ખુલ્ફાએ રાશેદીનની સુન્નતને લાજીમ કરીદો)

(ઈમાન ભાગ - ૨, બયાન : ૧૯૪૯/૧૨૯)

આપ (રહે.) લખે છે :

''આપ ઉપાયે મનસુ, જે કો કરસી કામા,
નાંહી વે સુન્નત કેરડા, નાંહી કિતાબ ઠામા;
મરદુદ કિયે વૅ કામ રે, ખાતમ ને આખા,
બાતલ હે વૅ કામ રે, હોકમ એ આખા;''

(ઈમાન ભાગ - ૨, બયાન : ૧૯૪૭/૧૨૭)

(નબી સાહેબે કહ્યું : જે કામો જેણે પોતાના મનથી ઉભાં કરેલાં હોય અને કિતાબ (કુર્આન) અને સુન્નતથી સાબિત ન હોય અને જે કાંઈ આવાં મનથી ઉભાં કરેલા કામો કરશે તે બધાં રદ અને બાતલ છે.)

૧૯

## તાઝીયાદારી અને અઝાદારી

પીર મશાયખ (રહે.) એ તેમના દીવાનની કોઈ પણ કિતાબમાં આશુરા નિમિત્તે 'તાજીયાદારી' અને 'અઝાદારી' કરવાનું કયાંય લખ્યું નથી, પણ આશુરાનું મહત્વ જરૂર સમજાવ્યું છે. આશુરાનું મહત્વ ઈમામ હુસૈન (રઝી.)ની શહાદત પહેલાં પણ મોજુદ હતું, અને નબી (સ.અ.વ.) પણ આશુરા દિને કરવાનાં કામો કરતા હતા. અને તેમ કરવા તરગીબ(પ્રોત્સાહન) આપતા હતા. એટલે તેનો સંબંધ ફકત ઈમામ હુસેન (રઝી.)ની શહાદતથી જોડાયેલો નથી.

પીર મશાયખ (રહે.) લખે છે કે નબી સાહેબે (સ.અ.વ.) આશુરાને ઘણો મહત્વનો દિવસ કહ્યો છે. નબી (સ.અ.વ.)ના કહેવા મુજબ આશુરાના દિવસે મહત્વના બનાવો બન્યા જેમકે :

ફરીશ્તાઓ અલ્લાહના હુકમથી અલ્લાહના અર્શને આ દિવસે ઉઠાવ્યું. આ દિવસે જમીન અને આસમાનની બધી ખલકત (સૃષ્ટિ) બની. તારાઓ, દરિયા, ડુંગર, લોહે મહેફુઝ અને આદમ (અ.સ.)ના શરીરને બનાવવામાં આવ્યું. આ દિવસે આદમ (અ.સ.) અને હવ્વા (અ.સ.)નું જોડું જન્નતમાં ગયું, અલ્લાહે ઈબ્રાહીમ (અ.સ.)ને નજાત આપી, ફીરઓનને ડુબાડયો, ઐયુબ (અ.સ.)ની દુઆ કબૂલ કરીને તકલીફ દૂર કરી. આ દિવસે અલ્લાહનો ગુસ્સો આદમ (અ.સ.) પર થયો અને તેમની દુઆ પણ કબૂલ થઈ, સુલેમાન (અ.સ.)ને તેમનો મુલ્ક પાછો મળ્યો, ઈસા (અ.સ.)નો જન્મ થયો, નૂહ (અ.સ.)નાવમાંથી ધરતી ઉપર આવ્યા અને ઘણા નબીઓને આ દિવસે તકલીફો પહોંચી અને દૂર થઈ. આ કિતાબમાં જે બયાનો જેમ છે તેમ લખ્યાં છે. તેની સિહત માટે વાંચક સંશોધન કરે.

તેથી આશરાનું મહત્વ ઈમામ હુસૈન (રઝી.)ની શહાદતથી પહેલાં પણ રહયું છે. આપની શહાદતની તારીખ બાબતે મતભેદ છે, પણ તે બાબતે થયેલ રીવાયતોમાંથી એક રિવાયત મુજબ દશમીની રાત છે.

**કપડાં ફાડવાં અને પોકારીને રડવું મના છે**

ઈમામ હુસેન (રઝી.)એ કરબલાના રણમાં પોતાના ખેમા (તંબુ) પાસે આવીને પોતાની એહલે બયત (પોતાના ઘરવાળાઓ)ને કહ્યું હતું :

''રોનેવાલે શેહજાદેને, આખા પરદે કરે,
તમ સરપર ચાદર, ઓઢો રે સવેરે - ૨

અને કમરતો ઉસ્તવાર, તમારી બંધાહો,
પાંચે મુસીબત તમકુ, સહી મન રે લાહો - ૩
મેરી મુસીબત પહોંચની, હય તમારી જાતી,
તમે કપડાં ના ફાડીયો, કહી શેહજાદેને બાતી - ૪
બહોત રધનતો તમના, કીજીઓ નાંહાં,
તમ સબુર તો કીજીઓ, દિલકે માંહાં - ૫"
(મક્તુલનામા ભાગ - ૨, બયાન : ૩૫૩/૪૬)

(મારી પાછળ રોનાર પરદેનશીનો મારી મુસીબત તમને પહોંચે તો તમે માથે ચાદર ઓઢી રાખજો, અને મન મજબૂત રાખજો (સબર કરજો). તમે કપડાં ફાડજો નહિ અને બહુ રૂદન કરશો નહિ., પણ દિલમાં જ સબર કરજો.)

આજે દિલની અંદરની માતમ ખતમ થઈ ગઈ છે, અને રસમી અને આત્મદમનની માતમ અમલમાં આવી ગઈ છે.

પીર મશાયખ (રહે.)ના બેટા પીર અબ્દુલ્લાહ (રહે.) પણ અહકામુદ્દીનમાં આશુરાની ફઝીલત લખી છે, પણ તાજીયાદારી કે અઝાદારી વિષે કાંઈ લખ્યું નથી.

સ્નેહીના મોતના ગમમાં રૂદન આવવું કુદરતી છે. નબી સાહેબના બેટાની વફાત પર નબી સાહેબ (સ.અ.વ.)ની આંખોથી આંસુ વહી રહ્યાં હતાં. આપ લખે છે :

"તો બીદઅત નાંહી, રોનારે જાનો,
ઈમામ હુસેન કે, નામસુ રે જાના - ૩"
(મક્તુલનામા ભાગ - ૧, બયાન : ૪૭)

**વિલાપ કરવો મના છે**

પીર મશાયખે જે વાત જાઈઝ છે તે બતાવી છે. મોત પર વિલાપ વગરનું રોવું જાઈઝ છે, અને તે કુદરતી છે. પીર મશાયખે (રહે.)પૂરા દિવાનમાં તાજીયાદારી અને અઝાદારી વિષે કયાંય લખ્યું નથી. જે નથી લખ્યું તેમાં વધારો કરવો બીદઅત છે. નોહાખાની એ પણ એક વિલાપ છે.

મક્તુલનામાના બયાન ૩૨૩/૧૬થી ૩૩૪/૨૭ માં જણાવ્યું છે કે અલી અકબરે રણમાં મોરચો સંભાળ્યો પછી શહીદ થઈ ગયા ત્યાર પછી ઈમામ હુસેન (રઝી.) એ તેમની એહલે બૈતને સબરની સલાહ આપી. પીર મશાયખ (રહે.) લખે છે.

"એહલે બયતકુ કહ્યા તમુ સબુર રે કરના,
સો જીવ થર કરના મન રે ધરના - ૧
કહ્યા ભેનકુ યતીમ, આજ હુઓ તમના,
પણ સબુર હે કરના, તમુ કુ જાંના - ૨
ના પોકાર આવાઝ, મોજ બાજ હે કરના,
સો સબર તો સીનેકે માંહે રે ધરના - ૩
અને જામા ચાક કીજીયો નાંહાં,
એ નસીહત સુન સુન, રાખો દલ માંહાં - ૪
પણ રોનેકુ તમુકુ, નાંહી મને હે કરાતા,
કાજ મેરે તમુકુ, હે આજાર પોચાતા - ૫"
(મકતુલનામા ભાગ - ૨, બયાન : ૨૮)

**નોહા ખ્વાની વિલાપ છે**

પીર મશાયખ (રહે.) ઈમાન ભાગ-૨ ના બયાન નં. ૧૩૪માં હઝરત ઈબ્ને અબ્બાસ (રઝી.) થી હદીષની રીવાયત લખે છે કે મુસલમાનોમાંથી અલ્લાહના ત્રણ દુશ્મનો છે, તેમાંનો એક એ છે કે જે મરનાર પાછળ પોતાના મોંઢા પર મારે અને ગરેબાન ફાડે : આપ લખે છે :

"વે હરમકી ઠામ, જે કામ રે કરાવે;
અનુ તીનુ માંહીથી, એક વૅરે કલાવે-૬
કરે જાહીલીયત કેરા, કામ ઈસ્લામ માંહાં;
કે જેરે બાત નાંહી, હોકમ કે માંહાં-૭
સો મુંકુ મારના, અને ગેરબાન ફાડના;
સો મુએકે ઉપર, એસા કરના જાનના-૮"
(ઈમાન ભાગ-૨, બયાન ૧૩૪)

નોહા ગાવા એ પોકારીને રડવું છે, અને ઉપરોક્ત હદીષ મુજબ જહાલતનું કામ છે.

## ૨૦
## પીર મશાયખ(રહે.)ની દીનની દાવત

પીર મશાયખ (રહે.) દીનની દાવત આપે છે :

''પીછે હોવે શરાવક હિંદુ કે મેસરી,
કે હોવે રે મુનાફક, ટોળી મુમનો કેરી - ૧૬
કે હોવે ઉસે મળીયા, દીનકા ચોરા,
તો કુફરભી ઉસકા, તોડુંરે બહોતેરા - ૧૭
**શીઆ મઝહબકા** જો કદી રે આવે,
**તો સુન્ની હો કેરી**, રાહા વે પાવે - ૧૮
ઈતની રે સમજન, હય મુજ માંહાં,
વે નબી કી દોસ્તી, મુજસુ રે નાંહાં - ૧૯
જો જમીઅત દેવે સુરીજન મેરા,
તો ઉસકે કરમસુ કહું રે બહોતેસ - ૨૦''
(નૂરનામા, બયાન : ૩૨)

(જેમને દીનનો ચોર મળ્યો હોય એવા શ્રાવક (જૈન ધરમી), મહેશ્વરી કે મુનાફીક મુમનો હોય તે મારી પાસે આવે તો તેનું કુફર તોડી નાંખુ. કોઈ શીઆ મઝહબનો મારી પાસે આવે **તો સુન્ની ની રાહા** પામે એટલી સમજણ મારામાં નબી સાહેબ (સ.અ.વ.)ની મુહબ્બતને લીધે છે. અને જો અલ્લાહ મને મનની શાંતિ આપે તો ઘણુ બધુ કહી બતાવું) (નૂરનામા, બયાન નં. ૩૨).

પીર મશાયખ (રહે.) કહે છે :

''કભી કાફર આવે, કે રાફજી કેલાતા,
કભી **તશીયા આવકર, પૂછે દીનકી બાતા** - ૧૧
ભી કોહી બદદીન, મુજે પૂછને કુ આવે,
અને દાવા તલબી, મન રે ના લાવે - ૧૨
દીન ખાતમ કી દોસ્તી, વે ઈમાન રે પાવે,
સહી કુફર કી રાહાસુ, હો બેજાર રે જાવે - ૧૩
એસા રબને મુજ પર, કરમ રે કીતા,
મેરે મુરીદને ખુશી હે, મન એતના રે દીતા - ૧૪''
(મકતુલનામા ભાગ - ૨, બયાન : ૫૯૪)

*(જો કાફર, રાફઝી કે શીઆ મઝહબવાળ કે કોઈ બદદીન મારી પાસે દીન પૂછવા આવે અને પૂર્વગ્રહ ન રાખે તો નબી સાહેબ (સ.અ.વ.)ની મુહબ્બતના તુફેલમાં તેનાથી તેનું કુફર દૂર થઈ જાય. મારા મુરીદો ખુશ થાય કે અલ્લાહે મારી ઉપર આવો કરમ કર્યો છે.)*

## ૨૧
## પીર મશાયખ (રહે.)ની શીખામણ

આપ લખે છે :

''હો બુઝે બના તમે દાવા કરાતે રે,
તો સમજુ કુ પૂછને કયું નાહી જાતે રે - ૧
એસે દાવે તુમ કાએહો પડીએ રે,
અણસમજુ કુ હો પૂછને ચલીએ રે - ૨''

આની સમજુતિમાં આપ આગળ લખે છે કે તમે દુનિયાના કામ માટે ડાહ્યા છો અને જે તે કસબી (વ્યવસાયવાળા) પાસે જાઓછો. તમે સરાણીયાની પાસે હજામત નથી કરાવાતા, ફદિયા (નાણાં ધીરનારા)થી રૂપુ (ચાંદી) નથી લાવતા, સોની પાસેથી ધાન (અનાજ) લાવવું નથી ચાહતા, લુહારથી (લાકડાનો) ખાટલો નથી ચાહતા, સુથારથી હળનું કસામું કઢાવવું નથી ચાહતા, મોચીથી જામા (પહેરણ વિ.) સીવડાવવું નથી ચાહતા, પગરખાં દરજી પાસેથી નથી સીવડાવતા અને ચમારથી સોડમ નથી લાવતા વિગેરે, અને દીનની વાતે ઘેલા-ગાંડા બીન જાઓ છો ? (મકતુલનામા ભાગ-૨, બયાન : ૫૯૦/૨૮૩)

આપ લખે છે :

• • •

કામ દુની કસબી દેખ કરતે રે,
ઓર કે ડેરે નાહી ફરતે રે - ૧૨
કામ દુનિ કે ડાએ કેલાતે રે,
દીનકે કામમાં ગેલે દેખાતે રે - ૧૩
એ જાહેર રે નિશાની કુછ છુપી રે નાંહાં,
ના કો હાથકે કંગણકુ દેખ અરીસે માંહાં.
(મકતુલનામા ભાગ - ૨, બયાન : ૫૯૨/૨૮૫)

આપ લખે છે :

કબી કાફર આવે કે રાફઝીફ કેલાતા,
કભી તશીઆ આવકર પૂછે દીનકી બાતાં - ૧૧
ભી કોહી બદીન મુજે પૂછને કુ આવે,
અને દાવા તલભી મન રે ના લાવે - ૧૨

દીન ખાતમ કી દોસ્તી વે ઈમાન રે પાવે,
સહી કુફરકી રાહાસુ, હો બજાર રે જાવે - ૧૩
એસા રબને મુજપર, કરમ રે કીતા,
મેરે મુરીદને ખુશી હો, મન એતના દીતા - ૧૪"

(કોઈ કાફીર રાફજી કે શીઆ આવીને મને દીનની વાત પૂછે અને પૂર્વગ્રહ ન રાખે તો નબી સાહેબ (સ.અ.વ.)ની મુહબ્બતના તુફેલથી તે ઈમાન પામે અને તે કુફર છોડી દે (મકતુલનામા ભાગ - ૨, બયાન : ૫૯૪/૨૮૭).

આપ લખે છે :

"સૂરજ હે રોશની હે દીતી રે, તમે સુનો રે,
રબે એસી ખુબી અસે કીતી રે, તમે સુનો રે - ૩
ઓસથી હે હોતા ઉજાલા રે, તમે સુનો રે,
ઉગતા હે જબ જીસ હાલા રે, તમે સુનો રે - ૪
છછુંદર ના દેખને ચાવે રે, તમે સુનો રે,
દેખતે હી આંખા વે મીંચાવે રે, તમે સુનો રે - ૫
બાર નાંહી એ દિનકુ આતી રે, તમે સુનો રે,
દેખો તો હે એંધાણી કેલાતી રે, તમે સુનો રે - ૬
સૂરજમાં ના કમી દેખાતી રે, તમે સુનો રે,
ખલકત જીસે હે ચાતી રે, તમે સુનો રે - ૭"
(મકતુલનામા ભાગ -૨, બયાન : ૫૯૭/૨૯૦)

(સૂરજને અલ્લાહે પ્રકાશવાન બનાવ્યો છે. અને તેના ઉગતાં અજવાળું થાય છે. પણ છછુંદર ને સૂર્ય પ્રકાશ રાશ નથી આવતો તેથી તેની આંખો પ્રકાશ સામે બંધ કરી દે છે તે દિવસે બહાર નથી આવતું એટલે આંધળું કહેવાય છે તેની આંખો બંધ કરવાથી સૂરજમાં કોઈ ઉણપ નથી આવતી. પૂરી ખલકત તો સૂર્ય પ્રકાશ ઝંખે છે.

પીર મશાયખ (રહે.) લખે છે :

"બાપ કા ઈમાન બાપ કે પાસા,
ઉસકી પૂત ન કીજે આસા - ૧૦"
(ઈમાન ભાગ - ૧, બયાન : ૧૭૮૬)

"જે જેસા કરસી, લેખા વેસા ભરસી,

કોઈ કીસી કે સાટે ના અઝાબમાં પડશી."

(મકતુલનામા ભાગ - ૨, બયાન : ૫૭૪/૨૭૬)

આગળ પીર મશાયખ (રહે.) એ જણાવ્યું કે તેમની અગાઉ અઢીસો વરસની વાત છે જે દરમ્યાન કેવા કેવા ફેરફારો થઈ ગયા.

એજ રીતે આજથી ફકત ૭૦ થી ૮૦ વરસોની વાત છે જે દરમ્યાન કેવા કેવા ફેરફારો થઈ ગયા. સત્ય સમજવા ઈચ્છતા લોકો માટે આ ગાળો હજીક ટુંકો છે, અને પૂરો ચિતાર સામે જ છે.

આપ (રહે.) લખે છે :

''ઈમાન સુનતાં આવશી, નિરમલ કર જાત રે;
સુને બના કયું મુમિના, હોસે તેરી જાત રે.
સુન સુન ઈમાન લાહેશી, એ મુમિન કેરી રીત રે;
સુનતે મુમિન દીન્કુ, થર રે'વે ઈમાન રે.
સુને બના દીનસુ, ખાના કયું કર ભાયરે;
સુને બના હોતા મુમિના તો ના રેતી કાફર જાત રે."

(દીનની વાત સાંભળવાથી જ ઈમાન આવે છે, માટે તારી જાતને પૂર્વગ્રહથી સાફ કર, તું સાંભળશેજ નહિ તો મોમિન શી રીતે બનશે? મોમિનની એ રીત છે કે તે સાંભળે છે, અને સાંભળતાં ઈમાન આવે છે. દીનની વાત સાંભળતાં જ ઈમાન ટકી રહેશે. તને દીનની વાત સાંભળવી છોડીને ખાણું શીદને ભાવે? જો સાંભળ્યા વિના જ બધા ઈમાનમાં આવી જતા, તો કોઈ કાફીર રહી જતું નહિ).

## ૨૨
## પીર મશાયખ (રહે.)ની ફરિયાદ

પીર મશાયખે (રહે.) તરીકતમાં આદમ (અ.સ.)નું સર્જન, આદમ (અ.સ.)ની ઓલાદથી અલ્લાહના રબ હોવાનો લીધેલો કોલ, અને આદમ જાતના માર્ગ દર્શક (પીર) નું પ્રથમ વર્ણન કર્યું છે, અને સૃષ્ટિના સર્જનનું પણ વર્ણન કર્યું છે. તેમાં શેતાનનું આદમ (અ.સ.)ને ભરમાવવું, દુનિયામાં તેમનું આવવું, તેમની રોઝીનો બંદોબસ્ત કરવો, માર્ગ દર્શક વગર પંથ ભુલવું, પીરનાં લક્ષણો, આદમ (અ.સ.)ની તૌબા અને તેની કબૂલીયત, શેતાન થી બચવા માર્ગ દર્શકની જરૂરત, ઈમાન શું ચીજ છે? અલ્લાહને યાદ રાખવા મોતને યાદ રાખવું, કિરામીન કાતેબીનનું આ'અમાલ લખવું વિગેરેનું વર્ણન કર્યું છે. આપે પીર (માર્ગદર્શક) થી શું અર્થ લીધો છે તે નીચેની કડીઓથી જાણી શકાય છે. આપ લખે છે :

''વે પીર તમારા મહંમદ કહીએ,
દેખ બડાઈ ઈતની લહીએ - ૮
હાઝા મુનવ્વર સબ ઘટ આવે,
પીર તમારા સોહી કહેલાવે - ૯
પીર બના દુનિયા જેસા અંધારા,
વે કયું રાખે એ સુરિજન હારા - ૧૧''

(તમારા હાદી, અલ્લાહના હુકમો લાવનાર, મુહમંદ (સ.અ.વ.) છે. તેમની હિદાયતનું નુર જે બધાયમાં ઉતારે તે તમારો પીર હોય, અને માર્ગદર્શક વગર તો દુનિયા અંધારી છે જ (તરીકત, બયાન : ૨૫)

આપ (રહે.) શરીઅતને જન્નતમાં જવાની રાહ બતાવે છે. અને તેનું ઉદાહરણ શરીરના આભરણ જેમ બતાવે છે.

આપ લખે છે કે શરીઅતની રાહા મુશ્કેલ છે. મુસલમાન ભૂલ્યોતો શરીઅતને પણ તોડી નાંખી, અને જેણે જેટલું અને જેવું જાણ્યું એવું જ કહી નાંખ્યું. આપ લખે છે :

''આપ ડાહ્યા હો કર કિતાબાં યું કીતી,
અબુઝ હાથોને પઢનેકુ દીતી - ૬
તો શરીઅતકુ ભાંન તોડ નાંખી,
કે મુસલમાન ભૂલે જો સીધી રાહ નાં રાખી - ૭

જેને જું રે જાના, એને યું રે કહીયા,
આપસકે મનકા ભાવ લહીયા - ૮
આપ ડાહ્યા હોકર કિતાબાં યું કીતી,
અબુઝ હાથું પઢને કુ દીતી - ૯
ઉનુ રે પઢ પઢ શરીઅત જોની,
પણ શરીઅત મૂલ કિતાબનાં પછાની - ૧૦
કે યાદ નાં રાખા જે નબીએ કહ્યા,
તો શરીઅત મારગ ફાટાફુટ ગયા - ૧૧
પીછે અટકલ કુછ કુછ એ મારગ કીતા,
કેતે ડાયે મીલ ચંત સુ દીતા - ૧૨
કે શરીઅત મારગ મનસુ લહીએ,
કે નબીને આખા યું સબકુ કહીએ - ૧૩
પણ જે રે નબી ની જીભે પઢાયા,
વે તો મારગ કિસે કિસે પાયા - ૧૪
જે મુસલમાન મારગ સીધા પાવે,
વે શરીઅત રાહસુ ભિસતમાં જાવે - ૧૬
યે શરીઅત મારગ સચ કર જાનો,
એ નબીને ફરમાયા સો સહી કર માનો - ૧૭
કે પીરતે નબી મહંમદ કહીએ,
તો દો મારગ નબી સુ જજુએ લહીએ - ૧૮
તો શરીઅત મારગ મહંમદ આખા,
જે નબીરે મહંમદ રબને રે દાખા - ૨૧
પીર આજ કુ કલકે મહંમદ કહીએ,
તો ગુંજ કા મારગ ઉનું સુ લહીએ - ૨૨
પીરજો રબને નબી કુ કીતા,
તો ગુંજ કા મારગ યું મન દીતા - ૨૩"
(તરીકત, બયાન : ૫૩)

(પોતાના મનથી કિતાબો લખીને અજ્ઞાનને પઢવા આપી, અને શરીઅતને તોડી નાંખી. સીધી રાહા ન પામવાથી મુલમાન ભૂલો પડયો. જેણે જેના મનથી જે કાંઈ જાણ્યું એવું કહ્યું અને અજ્ઞાનીએ જેવું પઢવામાં આવ્યું એને જ જાણ્યું. આ કારણે તેમણે શરીઅતનું મૂળ સ્વરૂપ ન જાણ્યું. નબીની હદીષ (નબીના

કહેણ) ને યાદ ન રાખી અને શરીઅતના માર્ગના ફાંટા કર્યા. કેટલાક મનસ્વીઓએ તેમનો માર્ગ અટકળોને આધારે નક્કી કર્યા. નબીએ ચીંધેલો માર્ગ જ શરીઅત છે. નબી ચીંધ્યો માર્ગ કોઈક જ પામ્યો. જે મુસલમાન શરીઅતનો સીધો માર્ગ પકડશે તે જ શરીઅત માર્ગે જન્નતમાં જશે. નબીની રાહે બે માર્ગો બતાવ્યા છે (૧) શરીઅત અને (૨) અને અલ્લાહની ઓળખ. મુહંમદ (સ.અ.વ.) પૂરી દુનિયા માટે આજ અને કયામત સુધી માટે નબી છે અને હવે કોઈ નબી આવનાર નથી. તેમણે જ રબ માન્યો માર્ગ બતાવ્યો છે. આપ (રહે.) લખે છે :

"પીર મહંમદ છેહ સંઘ કરે,
ખાતમુન્નબી હવે રે અનેરે - ૧
પીર છેહ સંઘ કે મહંમદ કહીએ,
મહાદન શફાઅત ઉનુંકી લહીએ - ૨
પીર જેદુજે નબી બાજ જાનો,
નબી વેણ સુ રાંહ કહે સહી માનો - ૩
જો બાજ મહંમદ નબી ના કહીએ,
તો મહાદન સુધી બેન ઓનું કે લહીએ - ૪
જે પીર હો બિના અવર સુનાતે,
અપને મનસુ રાહ દિખાતે - ૫
તો મહંમદી રાહ કહી નાંહી જાતી,
તો ફીકર રાહ કી ઓર મન આતી - ૬
કે નબી રે હોએ સો રાહ દિખાવે,
ભી નબી બિના મારગ ના અવર બંધાવે - ૭
જો પીર જો નબી બના રાહ દિખાવે,
તો મહંમદ બાજ વે નબી કહાવે - ૯
યુ તો રે નાંહા મન સુ કહીએ,
ખાતમ નબી મહંમદ કહીએ - ૧૦
તો બયાન રે રાહા સહી મંહમદ કેરા,
ઉસ માંહેથી દિખાવે પીર રાહ બોતેરા - ૧૧
પીર જે દુજે ઉનુ પીછે આવે,
વે રાહ નબી કી જીભે બતાવે - ૧૨
કુરાન જેસા એ પીર રે બતાવે,

જે મહંમદ કહીઆ વે ખોલ કર દાખે - ૧૩''

આખર જમાનાના પીર (માર્ગદર્શક) મુહંમદ (સ.અ.વ.) છે. આપની પછી જે કોઈ માર્ગદર્શક હોય તે નબી વેણ (હદીષ) મુજબનો જ રસ્તો બતાવે. મુહંમદ (સ.અ.વ.) પછી કયામત સુધી કોઈ નબી આવનાર નથી, તેથી કયામત સુધી તેમની જ વાણી (હદીષ) ચાલશે. અને જે પીર હદીષની વાત કહે તેને જ સાચો માનો. જે કોઈ પીર મુહંમદ (સ.અ.વ.)ની વાત વગરનો માર્ગ બતાવે તે મુહંમદી માર્ગ નથી પણ અન્ય માર્ગ છે. જે નબીની રાહ ગ્રહણ નહિ કરે તે બીજી રાહ ગ્રહણ કરશે. નબી વિના કોઈ માર્ગ બાંધી શકે નહિ. જો કોઈ પીર મુહંમદ (સ.અ.વ.) ના માર્ગ વગરનો માર્ગ બતાવે તો તે મુહંમદ (સ.અ.વ.)પછી પોતે જ નબી બની ગયો. પણ તેનું માનો નહિ. મુહંમદ (સ.અ.વ.) જ આખરી નબી છે. આપના આવવાથી નબીઓનો આવવાનો ક્રમ બંધ થઈ ગયો. મુહંમદ (સ.અ.વ.) પછી પીર એ કહેવાય જે આપમનનો (મન ચાહ્યો)નહી, પણ મુહંમદ (સ.અ.વ.) ની હદીષ (કહેણ) મુજબનો માર્ગ દેખાડે. બીજી રાહા દેખાડે તે પીર કહેવાય નહિ. સાચો પીર એમ કહે કે 'કુર્આનમાં' 'આમ' કહ્યું છે, અને નબી સાહેબે(સ.અ.વ.) આમ કહ્યું છે), અને તેને લોકો સમક્ષ ખોલી બતાવે. હદીષને પીઠ પાછળ નાંખનાર પીર ન કહેવાય.

પીર મશાયખ (રહે.) કહે છે :

''કડી રે હમારા વતન કેલાયા,
ઉસ પાસ મુમન પુરા નાંમ ધરાયા - ૬
અબ મેરા બાસા હે શહેર માંહાં,
અમદાવાદ કહીએ રે તાંહાં - ૭
અબ કોઈ ચોરા ચોરી રે કરાવે,
નાંમ ઈસ બેદ કા દૂજા રે ધરાવે - ૮
નાંમ મેરા દૂર કર અવરો કા દાખે,
એ મૂલ ધરમ મેરા દૂજા નામ રે આખે - ૯
વે તેહેકીક જાનું ચોર હે મેરા,
ઉસે એક દિન પકડુંગ બોતેરા - ૧૦
જિસ દિન દેખો મહાદન રે આવે,
ગુનાહ સબ પૂછને ખાલિક બોલાવે - ૧૧
જગ ગોર મહંમદ આવે ઉસ ઠામા,

વે નાના જી રે હમારે રસુલુલ્લાહ રે નામા - ૧૨
ઉસ દિન પકડુંગા દામ ન ચોરા,
ક્યું ફિરાયા નાંમ મૂલ ધરમ મેરા - ૧૩
દામન પકડ કર મેં રે ખડા રહુ,
નાનાજી રે આગલ એ હકીકત દાખુ - ૧૪
એરે નાવ મેરા ખાલિક ચૂકાવે,
ઉસ ચોરકુ હાવીયા માંહે નંખાવે - ૧૫
વે ચંડાલ કહીએ મુમનુ રે માંહાં,
જે મૂલ ધરમ મેરા માંને રે નાંહા - ૧૬
જે નામ મેરે બના અવરૂં કા જાને,
તો કાંહે નાં દોઝખી આપકુ પીછાને - ૧૭"
(તરીકત, બયાન : ૧૨૦)

નામ અને કામ ફેરવવાની પીર મશાયખની આ ફરિયાદમાં એ વાત પણ આવી જાય છે કે એમ કહેવું કે પીર મશાયખ (રહે.) એ બાદશાહ ઓરંગઝેબના ડરથી સુન્ની હનફી અકીદાનાં બયાનો લખ્યાં છે અને હકીકતે તેમનો અકીદો કોઈ બીજો હતો. અને એમ કહીને પૂરા દીવાને મશાયખને જ ન માનવું અને તેને તકીય્યાહથી લખાયેલું કહેવું એ વાતના તકીય્યાહથી તો પૂરા ધરમ મૂળને ધરમૂળથી ઉખેડી ફેંકવાની જ વાત થઈ.

આપ લખે છે :

"જે કોઈ દુશમન મેરડા, જે બેદ ફીરાવે નાંમ રે,
જે બેદ ફીરાવે નામ,
ખાલિક સુ ખા યું કહા, દોઝખ ઉસ્કા ઠામ રે,
દોઝખ ઉસ્કા ઠામ - ૧૯"
(તરીકત, બયાન : ૧૨૦)

પીર મશાયખ (રહે.) લખે છે :

"જે મંય રે લખીયા હાલ મેરે તનકા,
ઉસે ના કબૂલે જીસે નાંહી મોતકા ધસકા.
(નૂરનામા)

આપ લખે છે :

"કે હય નબીકુ ગરોરે રે કહે,
અલ્લાહ કે હય ફરઝંદ યું કેહતે રહે - ૧૧

*તો તોહમત મુજકો દેવે અજબ રે નાંહાં,*
*વચસે નબી કી હું મંય ઉમ્મત માંહાં - ૧૩"*
*(નૂરનામા, બયાન : ૩૩)*

*(કાફીરોએ નબી સાહેબ (સ.અ.વ.) તેને જાદુગર કહ્યા અને અલ્લાહને ઓલાદ છે એમ પણ કહેનારા હતા તો હું તો નબીનો ઉમ્મતી છું તેથી મારી ઉપર તોહમત નાંખે તેમાં કાંઈ અજુબો નથી).*

**પીર મશાયખ (રહે.)ને તકીયાહ બાઝ કહેવું એ પણ તેમની ઉપર એક તોહમત છે.**

*અહીયાં એ વાતની પણ ચર્ચા કરી લઈએ કે કાણોદરના મોમીનભાઈ એમાંથી એક વર્ગ પીર અબુતાલીબ સાહેબની વફાત પછી પીરાઈનો સીલસીલો ખતમ સમજે છે. એક પીરથી બયત થયા પછી પીર ન બદલવાએ વાત અબુતાલીબ સાહેબની હયાતીમાં તેમના જે મુરીદો હયાત હતા તેમને માટે હતી. તે મરહુમ મુરીદના વંશજો જેઓ પીર અબુ તાલીબ સાહેબના પછી કોઈનાથી એ બયત નથી થયા તેઓ કોઈ બીજા સીલસીલામાંથી કોઈ પરહેઝગાર બાં અમલ શેખથી બયત થઈ શકે. એવું આ લેખકનું માનવું છે.*

*તેમ છતાં જો તેઓ પીરાઈનો સીલસીલો અબુ તાલીબ સાહેબથી ખતમ સમજતા હોય તો આ કિતાબના પ્રકાશમાં પીર મશાયખ (રહે.) નો મઝહબ ખતમ થયો નથી અને તેમનું દીવાન (તેર ફસલો) ખતમ થઈ નથી, તેથી તેમણે પીર મશાયખ (રહે.)ના દીવાન ઉપર અમલ કરતા રહેવું જોઈએ. કોઈના દિલ પર કોઈનો કબજો નથી. વાંચકની ઉપર કોઈ ચોકીદાર પણ નથી કે તેને કોઈ વાંચન કરતો રોકે. સમજમાં ન આવે તો જબરદસ્તીથી આ કિતાબ પર અમલ કરાવનાર કોઈ અમલદાર કોઈની ઉપર નિયુકત પણ નથી.*

*જો સમજમાં આવી ગયું હોય તો પોતાનો માર્ગ પોતે જ પસંદ કરવાનો છે. મશાયખી પણ રહેવું અને પીર મશાયખની ઉપરોક્ત માન્યતાથી મોં ફેરવવું એ બે કામ એકી સાથે યોગ્ય નથી.*

પરિશિષ્ટ - ૧

| હિદાયત નામાનું બયાન નંબર | હિદાયત નામનું પ્રકરણ | પીર મશાયખની કઈ કિતાબમાંથી લીધુંછે | પીર મશાયખની તે કિતાબનુંબયાન નંબર |
|---|---|---|---|
| ૧ થી ૧૦ | (૧) તૌહીદ | સીડીઓના/પરચુરણ બયાનો | |
| ૧૧ થી ૧૨ | તૌહીદ | ઈમાનભાગ-૧ | ૧૬૪૭<br>૧૬૪૮ |
| ૧૩ | (૨)નબુવ્વત અને નુરે મોહંમદી | સીડીઓના/પરચુરણ બયાનો | |
| ૧૪ | " | સીડીઓના/પરચુરણ બયાનો | |
| ૧૫<br>૧૬ | "<br>" | સીડીઓના/પરચુરણ બયાનો | |
| ૧૭<br>૧૮<br>૧૯ | "<br>"<br>" | સીડીઓના/પરચુરણ બયાનો | |
| ૨૦ | " | તરીકત | છાપેલી કિતાબમાં ખુટતા બયાનમાંથી |
| ૨૧ | " | સીડીઓના/પરચુરણ બયાન | |
| ૨૨ થી ૩૫ | " | ગીરદીયાહ | ૫૬૨/૨૮ થી ૫૭૫/૪૧ |
| ૩૬ | (૩)દરૂદ શરીફની | વિસાલ નામા | ૯૦૯/૧૪૬ |
| ૩૭ | ફઝીલત | " | ૯૧૭/૧૫૪ |
| ૩૮ | " | " | ૮૮૨/૧૧૯ |
| ૩૯ | " | " | ૮૮૩/૧૨૦ |
| ૪૦ | " | " | ૮૮૫/૧૨૨ |
| ૪૧ | " | " | ૯૨૮/૧૬૬ |
| ૪૨ | " | " | ૯૩૦/૧૬૮ |
| ૪૩ | " | " | ૮૮૦/૧૧૭ |

| | | | |
|---|---|---|---|
| ૪૪ થી ૬૪ | (૪)તરીકત ગુંજ બેદ | તરીકત/સીડીઓના બયાન | કેટલાંક સીડીઓના/ પરચુરણ કિતાબનાં અને કેટલાંક અજ્ઞાત |
| ૬૫ | (૫)પીરની ફઝીલત અનેઅગત્યતા | અહકામુદ્દીન | ૪૮ |
| ૬૬<br>૬૭<br>૬૮ | ,,<br>,,<br>,, | મેઅરાજનામા<br>સીડીઓના બયાન<br>,, | ૧૬૬/૧૯<br>સીડીઓ/પરચુરણ<br>કિતાબનાં બયાનો |
| ૬૯<br>૭૦<br>૭૧ થી ૯૦ | ,,<br>,,<br>,,<br>,, | ,,<br>ઈમાન ભાગ-૧<br>સીડીઓના/પરચુરણ બયાન | <br>૧૬૭૫ |
| ૯૧<br>૯૨<br>૯૩<br>૯૪<br>૯૫<br>૯૬<br>૯૭<br>૯૮ | (૬) સખાવત | અહકામુદ્દીન<br>(પીર અબ્દુલ્લાહ(રહ) કૃત) | ૧૧<br>૧૨<br>૧૨<br>૧૬<br>૧૭<br>૧૮<br>૧૯<br>૨૦ |
| ૯૯<br>૧૦૦ | (૭)હદીષ શરીફ<br>,, | ઈમાન ભાગ-૧<br>,, | ૧૬૩૫<br>૧૬૩૬ |
| ૧૦૧ | ,,<br>,, | અહકામુદ્દીન<br>(પીર ફાઝલ શાહ) | ૦૩૭ |
| ૧૦૨ | ,, | ,, | ૦૩૯ |
| ૧૦૩ | ,, | ,, | ૦૩૬ |
| ૧૦૪<br>૧૦૫ | ,,<br>,, | મોઅઝીજાત<br>,, | ૭૨૭/૭૫<br>૭૨૮/૭૬ |
| ૧૦૬ | ,, | ઈમાન ભાગ-૨ | ૧૯૪૭/૧૨૭ |

| | | | |
|---|---|---|---|
| ૧૦૭ | હદીષ શરીફ | ઈમાનભાગ-૧ | ૧૭૫૯ |
| ૧૦૮ | ,, | ,, | ૧૭૪૫ |
| ૧૦૯ | (૮)જમાઅતબંધારણ | સીડીઓ/પરચુરણ | |
| ૧૧૦ | ,, | ઈમાનભાગ-૧ | ૧૭૬૨ |
| ૧૧૧ | (૯)મુનાફીકની નિશાની | ઈમાનભાગ-૧ | ૧૬૪૪ |
| ૧૧૨ | ,, | ,, | ૧૭૫૫ |
| ૧૧૩ | ,, | ,, | ૧૭૪૩ |
| ૧૧૪ | ,, | ,, | ૧૬૨૧ |
| ૧૧૫ | ,, | ઈમાનભાગ-૨ | ૧૯૮૦/૧૬૦ |
| ૧૧૬ | ,, | ગઝવાત | ૫૨૯/૧૯૨ |
| ૧૧૭ | ,, | ઈમાનભાગ-૧ | ૧૭૮૭ |
| ૧૧૮ | ,, | ,, | ૧૭૮૮ |
| ૧૧૯ | ,, | ,, | ૧૭૭૩ |
| ૧૨૦ | ,, | ,, | ૧૬૭૬ |
| ૧૨૧ | ,, | ,, | ૧૭૭૦ |
| ૧૨૨ | ,, | ,, | ૧૭૬૮ |
| ૧૨૩ | ,, | ઈમાનભાગ-૨ | ૧૯૭૬/૧૫૬ |
| ૧૨૪ | ,, | ,, | ૧૭૬૭ |
| ૧૨૫ | ,, | મક્તુલ નામા ભાગ-૨ | ૫૮૯/૨૮૨ |
| ૧૨૬ | ,, | ,, | ૫૯૦/૨૮૩ |
| ૧૨૭ | ,, | પરચુરણ | |
| ૧૨૮ | (૧૦)મક્કાર મોલવીઓ | ઈમાન ભાગ -૨ | ૧૯૫૦/૧૩૦ |
| ૧૨૯ | ,, | ,, | ૧૯૭૪/૧૫૪ |
| ૧૩૦ | ,, | ,, | ૧૯૭૨/૧૫૨ |
| ૧૩૧ | ,, | ,, | ૧૯૭૩/૧૫૩ |
| ૧૩૨ | (૧૧) મોત | ઈમાન ભાગ -૨ | ૧૯૩૦/૧૧૦ |
| ૧૩૩ | ,, | ,, | ૧૯૩૭/૧૧૭ |
| ૧૩૪ | ,, | ,, | ૧૯૨૬/૧૦૬ |

| | | | |
|---|---|---|---|
| ૧૩૬ | (૧૧) મોત | સીડીઓના | |
| ૧૩૭ | ” | પરચુરણ બયાન | |
| ૧૩૮ | ” | ” | |
| ૧૩૯ | ” | ” | |
| ૧૪૦ | ” | ” | |
| ૧૪૧ | ” | ” | |
| ૧૪૨ | ” | ” | |
| ૧૪૩ | ” | ” | |
| ૧૪૪ | ” | ” | |
| ૧૪૫ | ” | ” | |
| ૧૪૬ | (૧૨) કયામત | સીડીઓના પરચુરણ | |
| ૧૪૭ | ” | અહકામુદ્દીન | ૪૬ |
| ૧૪૮ | ” | સીડીઓના પરચુરણ | |
| ૧૪૯ | ” | ” | |
| ૧૫૦ | ” | મો'અઝીજાત | ૧૨૫/૭૩ |
| ૧૫૧ | ” | નૂરનામા | ૩૫ |

**નોંધ :- (૧) હિદાયત નામાંના બધાં ૧૫૧ બયાનો ને પીર મશાયખ (રહે.) નાં સીડીઓના પરચુરણ બયાનો બતાવ્યા છે, પણ હકીકત ઉપર મુજબ અલગ છે. (૨) ઈમાન ભાગ - ૧ અને ઈમાન ભાગ -૨ ના બયાનો પણ હિદાયત નામામાં સમાવ્યાં છે. આ બે કિતાબોમાં હદીષની છ કિતાબો નું બયાન પણ છે. તેથી હદીષની છ કિતાબોને પીર મહેરહુસૈન સાહેબે આડકતરી માન્યતા આપી છે. (૩) ઉપરકોત કિતાબ હિદાયત નામાને પીર મહેર હુસેન સાહેબે ૧૯૩૭ (હીજરી ૧૩૫૬) માં છપાવી હતી, અને પછી પીર ઝહીર હુસેન સાહેબે ૧૯૮૨ માં ફરીથી છપાવી. આ કિતાબમાં પીર મશાયખ (રહે.) ના દિવાનનો આધાર લીધો છે, તેથી તે દિવાનને પણ તેઓ દ્વારા પુષ્ટિ મળે છે.**

## પરિશિષ્ટ - ૨ 5

### (અસલ ફારસીમાંથી અનુવાદ)

નોંધ :- પીર સૈયદ કાસીમ અલી (રહે.)સાહેબે તેમના મોટા બેટા સૈયદ અબુ તાલીબસાહેબને ૨૭, શવ્વાલ હીજરી ૧૨૪૪ (૧૪/૩/૧૮૩૫) ના દિવસે તેમના સજ્જાદા નશીન બનાવ્યા તે માટેના ફારસી લખાણ ઉપરથી નીચે ગુજરાતી શબ્દો અને ઉરદુ ભાષામાં અનુવાદ આપ્યો છે.

ખબર જો કુછ ઉસમેં હૈ

| | | |
|---|---|---|
| કાજીની મહોર | અદાલતની મહોર | સરકારી મહોર |

એકરાર કરતા હું મેં સહી કે નામ મેરા સૈયદ કાસમઅલી બેટા મરહુમ ગુલામઅલી કે વલંદે સૈયદ અબુતાલીબ , કે ઉપર ઈસ બાત કે દરમિયાન હમારે આગલે દનુસે ઐસા સિરસ્તા હય કે બડા બેટા કાયમ મકામ ઓર શાહજાદા નસીન હોતા હૈ. ઈસ વાસ્તે પેલે કાયદા મુજબ હમારે બુજરૂગું કે મજકુર મોટી કદરવાલા નેકબખત નીશાનીવાલા સૈયદ અબુતાલેબકુ કાયમ મકામ ઓર શાહજાદા નસીન અપના કિયા મેંને, ઓર જો કુછ મિલકત ઓર જીનસાં વગેરે મિલકત બક્ષી મેંને, ઔર હેબે કીએ મેંને. ઈસ વાસ્તે તમામ મુરીદ ઔર ખાદીમ નેક અંદેશા કરનેવાલે ભી ઈનુકી તાબેદારી મે ઔર ફરમાન બરદારીમેં સૈયદ અબુતાલેબકી ઉંમર લાંબી કરે, ઉનકી ઓર આકબત ખૈર હોવે, એ લીખા હુઆ ઈસસે કોઈ ફીરે નહીં ઔર બાહેર ઐસે કહેનેસે નહીં આવે. કે સબબ મુરીદોકી ઔર ખાદીમોકી એ ખાનદાન અહલેબેત કે હય. લીખેલ તારીખ ૨૭ શવ્વાલકી સાલ સને ૧૨૪૪ હીજરી મુબારક

અતરે...................... મતુ. અતરે......................શાખ.

(૧) સૈયદ પીર કાસમઅલી. — સૈયદ મોરાદકી શાખ

દ : સૈયદ કાસમઅલીકી મહોર — સહી દઃ પીર ફજલેઅલી

વલંદે પીર અબુતાલીબ

મુરીદોની સહીઓ :- ચરોતર, પ્રાંતીજ, ધાણધાર, અને દાંતાની સાઠ વગેરે મુરીદોની સહીઓ.

નોંધ :- ઉપરોક્ત લખાણ કાણોદરના મોમીન ભાઈઓ પાસેથી મળ્યું છે, અને તેમનાં કહેવા મુજબ અસલ ફારસી લખાણ તેમની પાસે મોજુદ છે.


## પરિશિષ્ટ - ૩


રૂસ્તમપુરા (સુરત)માંસૈયદ પીર કાસીમ અલી સાહેબના ભાઈ સૈયદ બંદે અલીની કબર ની બાજુમાં મીરનબીબી જવઝા સા. ની કબર છે. તેની ઉપર શીલા લેખ છે. તેમાં એ નિર્દેશ છે કે સૈયદ પીર મશાયખ (રહે.) ના બીજા બેટા સૈયદ સાદુલ્લાહ (રહે.) ના વંશમાંથી, સૈયદ મીરૂંમીયાં એ પણ સૈયદ અબુ તાલીબ સાહેબના સજ્જાદા નશીન છે. તે લેખનું લખાણ ઉર્દુ શબ્દોમાં નીચે મુજબ છે.

૮૭૬

"તારીખે વફાત હઝરત આયાત સૈય્યદા મીરન બીબી
બીન્તે સૈય્યદ અલીમીયાં એહમદ અલી (રહે.) ઈમામશાહી
જવઝા પીર સૈય્યદ મીરૂંમીયાં ઉર્ફે મીર સાહેબમીયાં ઈબ્ને પીર
સાહેબ કડીવાલ હુસૈની, સજ્જાદા નશીન અબુ તાલીબ"


નોંધ : ઉપરોક્ત બંને કબરોની ફોટોગ્રાફી આ સાથે આપી છે. ઉપરોક્ત લખાણની ફોટોગ્રાફી સાથે ઈન્સેટમાં બે કબરો દેખાય છે, તેમાંથી એક કબર સૈય્યદા મીરનબીબીની છે અને તેના શિરાને તે શીલા લેખ આ કિતાબની પ્રસિધ્ધ સમયે તે જગ્યાએ મોજુદ છે અને તેની અસલ ફોટોગ્રાફી સુરક્ષિત છે. બીજી કબર બંદેઅલી સાહેબની છે.





## પરિશિષ્ટ - ૪

સતગોર પીર મશાયખ વાચા : ''સીડીઓની ફસલ''ની કલમી કિતાબના પાના નં. ૧૩૩ની ફોટો નકલ નીચે અંડર લાઈન કરીને આપી છે. તે જોવાથી 'અલ્લાહ નબી ને માને હો માને', એ શબ્દોને કેવા ખોટી રીતે 'આલે નબીને માને હો માને' એમ ગોઠવી દેવામાં આવ્યા છે. જુઓ શિર્ષક નં. ૭, ફકરા નં. ૨૪.


૧૩૩